RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Date:- 16-06-2026 I VOL : 12 I Issue : 91 I Page : 8 I Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

કઠિન પરિસ્થિતિઓ માણસને મજબૂત બનાવે છે.

3  ગુજરાતમાં નવી ઔદ્યોગિક નીતિની જાહેરાત, 2047ના વિકસિત ભારત માટે...


4  એટલાન્ટિક મહાસાગરમાં ગરમી અને ઠંડી બંને વધ્યા, જળપ્રલયનો સંકેત!

6  'મેં નાચ્યું, તું નચા' પર રીલ બનાવી આત્મહત્યા કરી!: 'છાવા' ફેમ સંચિતા ઉગલે સાડીથી પંખે લટકી

7  ઈન્ડિયા વુમન્સ T20 વર્લ્ડ કપ: ભારતે પાકિસ્તાનને 64 રને હરાવ્યું

## એક નજર...

### એક્ટ્રેસ ઈશાન્યા મહેશ્વરીએ ફરી બોડીકોનમાં બતાવ્યું ફિગર



સાઉથ એક્ટ્રેસ ઈશાન્યા મહેશ્વરી દરેક લૂકમાં ખૂબ જ સુંદર લાગે છે. અભિનેત્રી ખૂબ જ સારી રીતે જાણે છે કે ફેન્સને કઈ રીતે દિવાના બનાવવા. અભિનેત્રીએ હાલમાં ગ્લેમરસ અંદાજમાં તસવીરો શેર કરી છે. ઈશાન્યા મહેશ્વરીએ બોલ્ડ બોડીકોન ડ્રેસમાં ફોટોશૂટ કરાવ્યું છે. નવા લૂકમાં અભિનેત્રી પોતાનું બોલ્ડ ફિગર ફ્લોન્ટ કરતી જોવા મળી હતી.

### મે મહિનામાં જથ્થાબંધ ફુગાવાનો દર 9.68 ટકા

# મોંઘવારીનો પ્રચંડ વિસ્ફોટ! 43 મહિનાનો રૅકોર્ડ તૂટ્યો

પાક્કો ગુજરાત ન્યૂઝ, નવી દિલ્હી

અમેરિકા ઈરાન વચ્ચે ભલે શાંતિ કરારની ડીલ ફાઈનલ થઈ ગઈ હોય પરંતુ છેલ્લા સાડા ત્રણ મહિનાથી હોર્મુઝમાં ચાલતા ઘમસાણને કારણે ભારતમાં મોંઘવારીએ માઝા મૂકી છે. દેશમાં સામાન્ય જનતા અને ગ્રાહકો પર મોંઘવારીનો મોટો બોજ આવી



પડ્યો છે. મે મહિનાના જથ્થાબંધ મોંઘવારી દર (WPI) ના આંકડા જાહેર થઈ ગયા છે અને આ આંકડા અત્યંત ચિંતાજનક છે. મે મહિનામાં થોક મોંઘવારી (WPI) વધીને 9.68 ટકા પર પહોંચી ગઈ છે. આ પહેલા એપ્રિલમાં આ 8.26 ટકા પર હતી. મે મહિનામાં મોંઘવારી 43 મહિનામાં સૌથી વધુ છે. સપ્ટેમ્બર 2022માં આ 10.70 ટકા પર પહોંચી ગઈ હતી. હજુ પણ મોંઘવારી વધી શકે! કોમર્સ મિનિસ્ટ્રીએ આજે એટલે કે 15 જૂને થોક મોંઘવારીના આંકડા જાહેર કર્યા છે. મોંઘવારી વધવાનું કારણ રોજબરોજની જરૂરિયાતની વસ્તુઓ અને ફ્યુઅલના ભાવ વધવા છે. આ સિવાય અનાજ અને તેલ પણ મોંઘા થયા છે. વાસ્તવમાં, અમેરિકા અને ઈરાન વચ્ચે સાડા ત્રણ મહિનાથી તણાવ છે. જો પરિસ્થિતિ સામાન્ય નહીં થાય તો મોંઘવારી હજુ વધી શકે છે.

રોજિંદી જરૂરિયાતની વસ્તુઓ(પ્રાઈમરી આર્ટિકલ્સ) ની મોંઘવારી 3.78 ટકાથી વધીને 4.99 ટકા થઈ ગઈ. ખાવા-પીવાની વસ્તુઓ(ફૂડ ઈન્ડેક્સ)ની મોંઘવારી 3.11 ટકાથી વધીને 4.49 ટકા પર પહોંચી ગઈ છે. ફ્યુઅલ અને પાવરનો થોક મોંઘવારી દર 24.89 ટકાથી વધીને 30.33 ટકા થઈ ગયો છે. મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટ્સનો થોક મોંઘવારી દર 6.68 ટકાથી વધીને 7.48 ટકા રહ્યો. હોલસેલ મોંઘવારીના 4 ભાગ પ્રાઈમરી આર્ટિકલ, જેનું વેટેજ 22.62 ટકા છે. ફ્યુઅલ ઍન્ડ પાવરનું વેટેજ 13.15 ટકા અને મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટનું વેટેજ સૌથી વધુ 64.23 ટકા છે. પ્રાઈમરી આર્ટિકલના પણ ચાર ભાગ છે. -ફૂડ આર્ટિકલ્સ જેવા કે અનાજ, ઘઉં, શાકભાજી -નોન ફૂડ આર્ટિકલમાં ઓઈલ સીડ્સ (તેલીબિયાં) આવે છે મે મહિનામાં રિટેલ મોંઘવારી વધીને 3.93 ટકા પર પહોંચી ગઈ, જે એપ્રિલમાં 3.48 ટકા હતી. છેલ્લા 5 મહિનામાં આ પ્રથમ વખત છે જ્યારે છૂટક મોંઘવારી રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાના ટાર્ગેટ 4 ટકાની ખૂબ જ નજીક પહોંચી ગઈ છે.

## પાકિસ્તાન સાથે સારા સંબંધો જરૂરી, વાતચીત ચાલુ રાખવી જોઈએ : સંઘ પ્રમુખ ભાગવત

નાગપુર

આરએસએસ ચીફ મોહન ભાગવતે સંઘના જનરલ સચિવ દત્તાત્રય હોસાબલેના પાકિસ્તાન સાથે વાટાઘાટની ભલામણ કરતા નિવેદનોને સમર્થન આપતા જણાવ્યું કે સંગઠન કોઈ સ્વતંત્ર વિદેશ નીતિ નથી ધરાવતું. થિરુવનંથપુરમમાં એક કાર્યક્રમ દરમ્યાન બોલતા ભાગવતે સ્પષ્ટતા કરી કે આરએસએસ પડોશી દેશો પ્રત્યે સરકારે અપનાવેલા વલણને ટેકો આપે છે. ભાગવતે નોંધ કરી કે



તણાવપૂર્વકના સંબંધો છતાં પાકિસ્તાનમાં એવી પણ વ્યક્તિઓ છે જેઓ ભારતના ભાગલા તેમજ બે રાષ્ટ્રના સિદ્ધાંત સામે સવાલ ઉઠાવી રહ્યા છે. તેમના મતે અનેક પાકિસ્તાનીઓ માને છે કે સહઅસ્તિત્વ બહેતર હતું અને તેઓ આરએસએસ તેમજ તેની ગતિવિધિઓની પ્રશંસા પણ કરી રહ્યા છે. તેમણે આ લાગણીને દબાયેલી ભાવના ગણાવતા કહ્યું કે તેની અવગણના ન થવી જોઈએ. ભારતના સાંસ્કૃતિક મૂલ્યો પર ભાર મુકતા ભાગવતે કહ્યું કે આપણો દેશ હિટલર જેવો નથી અને તેથી જ આપણે સંવાદના દરવાજા સંપૂર્ણપણે બંધ ન કરવા જોઈએ. તેમણે દલીલ કરી કે અન્યાય અને તાનાશાહીનો નિર્ણાયક સામનો કરવો જરૂરી છે પણ ભાવિના નિર્ણયોમાં શાંતિ અને સમાધાન માટેની તકો જાળવી રાખવી જોઈએ. તેમણે જણાવ્યું કે પાકિસ્તાન પર નિર્ણાયક વિજય મળે તો પણ તેની વસતીને સુમેળના વ્યાપક માળખામાં સામેલ કરવી જોઈએ.

## PM મોદી સ્લોવાકિયાના વડાપ્રધાનને મળ્યા: ભારત આવવા આમંત્રણ આપ્યું

### વંદે માતરમ પર્ફોર્મન્સ અને પરંપરાગત રીત-રિવાજ મુજબ બ્રેડ-મીઠાથી મોદીનું સ્વાગત કર્યું

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના બે દેશોના પ્રવાસના બીજા તબક્કામાં રવિવારે રાત્રે 2:18 વાગ્યે સ્લોવાકિયા પહોંચ્યા. તેઓ અહીં 16 જૂન સુધી રહેશે. રાજધાની બ્રાતિસ્લાવામાં વિદેશ અને યુરોપિયન બાબતોના મંત્રી જુરાય બ્લાનારે તેમનું સ્વાગત કરવામાં આવ્યું. PM મોદીએ દ્વિપક્ષીય



સંબંધો અને ચર્ચાઓને આગળ વધારવા માટે બ્રાતિસ્લાવા ખાતે સ્લોવાકિયાના PM રોબર્ટ ફિકો સાથે મુલાકાત કરી હતી.

આ દરમિયાન તેમણે ફિકોને ભારત આવવા આમંત્રણ આપ્યું હતું. સ્લોવાકિયાના વડાપ્રધાન ફિકોએ મોદીને ભારતના સૌથી લાંબા સમય સુધી ચૂંટાયેલા વડાપ્રધાન બનવા બદલ અભિનંદન આપ્યા અને આ સિદ્ધિને રાજકીય ચમત્કાર ગણાવી. આજે અમે અમારા સંબંધોને વ્યાપક ભાગીદારીનો દરજ્જો આપવાનો નિર્ણય લીધો છે. આ અમારા પરસ્પર વિશ્વાસ, પ્રાથમિકતાઓ અને ભવિષ્યનું પ્રતીક છે.

ભારત-EU ફોરેન ટ્રેડ એગ્રીમેન્ટને અંતિમ સ્વરૂપ આપવામાં સ્લોવાકિયા તરફથી મળેલા સહયોગ બદલ હું PM ફિકોનો વિશેષ આભાર વ્યક્ત કરું છું. સ્લોવાકિયાની એક યુનિવર્સિટીમાં AIના વિષય પર ઈન્ડિયા ચેર બનાવવામાં આવી રહી છે. AI માનવતાની સેવા અને પ્રગતિનું સશક્ત માધ્યમ બને, એ જ અમારી સહિયારી વિચારધારા છે.

રક્ષા સહયોગ અમારા ગાઢ પરસ્પર વિશ્વાસ અને વ્યૂહાત્મક તાલમેલનો પુરાવો છે. મને ખુશી છે કે આ મહત્વપૂર્ણ ક્ષેત્રમાં આજે અમે લેટર ઓફ ઈન્ટેન્ટ સાઈન કર્યો. ભારતના પ્રાચીન ઉપનિષદોનું "સ્લોવાક" ભાષામાં ભાષાંતર થવું એ અમારી સાંસ્કૃતિક નિકટતાનું ઉત્તમ ઉદાહરણ છે. બ્લાનારે મોદીને પરંપરાગત સ્લોવાક રીત-રિવાજ મુજબ બ્રેડ અને મીઠું ભેટ કર્યું, જેને અહીં આતિથ્ય, સન્માન અને સદ્ભાવનાનું પ્રતીક માનવામાં આવે છે. મોદીએ એરપોર્ટ પર સ્લોવાકિયામાં હાજર ભારતીયો સાથે પણ મુલાકાત કરી. સ્લોવાકિયા 1993માં આઝાદ થયું હતું.

## NEWS TRACK

### અમે તમારા ગુલામ નથી: ઈરાન સાથે ડીલ થતાં જ અમેરિકા પર ભડક્યું ઈઝરાયલ, સેના પાછી ખેંચવાનો ઈન્કાર

અમેરિકા અને ઈરાન વચ્ચે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કાયમી ધોરણે રોકવા માટે જે ઐતિહાસિક શાંતિ સમજૂતીની જાહેરાત થઈ છે, તેનું વિશ્વભરમાં સ્વાગત કરવામાં આવી રહ્યું છે. હોર્મુઝ સ્ટ્રેટમાં વ્યાપારિક જહાજોની સ્વતંત્રતા અને ક્ષેત્રમાં સ્થિરતાની આશા વચ્ચે, આ શાંતિ પ્રક્રિયાથી અમેરિકાનો સૌથી નજીકનો સાથી દેશ ઈઝરાયલ બિલકુલ ખુશ નથી. આગામી શુક્રવારે સ્વિટ્ઝર્લૅન્ડમાં આ સમજૂતી MoU પર હસ્તાક્ષર થવાના છે, તે પૂર્વે ઈઝરાયલના ટોચના નેતાઓએ આ ડીલ વિરુદ્ધ ખુલ્લેઆમ મોરચો ખોલી દીધો છે. અમેરિકા હવે યુદ્ધમાંથી બહાર નીકળવા માંગે છે આ વિવાદની પૃષ્ઠભૂમિ પર નજર કરીએ તો, 28 ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર સંયુક્ત હુમલો કર્યો ત્યારથી આ યુદ્ધ ફાટી નીકળ્યું હતું. છેલ્લા ત્રણ મહિનામાં અમેરિકી સૈન્ય મથકો પર ઈરાની જવાબી હુમલાઓને કારણે અખાતી દેશો આ યુદ્ધની ઝપેટમાં આવી ગયા હતા. આ દરમિયાન ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે પણ હુમલાઓ તીવ્ર બન્યા, જેના લીધે આ જંગ લેબેનૉન સુધી વિસ્તરી ગયો હતો.

### મિડલ ઈસ્ટ શાંત થયું ત્યાં રશિયા-યુક્રેન યુદ્ધમાં ભડકો! વર્લ્ડ હેરિટેજ સાઈટ પર હુમલામાં 9ના મોત

છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધે ફરી એકવાર ભયાનક વળાંક લીધો છે. સોમવારે(15 જૂન) રશિયાએ યુક્રેનની રાજધાની કિવ સહિત અનેક સ્થળો પર મોટા પાયે હવાઈ હુમલો કર્યો હતો. આ હવાઈ હુમલામાં પાંચ બચાવકર્મી સહિત નવ લોકોના મોત થયા છે. વર્લ્ડ હેરિટેજ સાઈટ પર હુમલામાં 9ના મોત રશિયા દ્વારા કરવામાં આવેલા આ હુમલામાં યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવિષ્ટ કિવના ઐતિહાસિક અને આધ્યાત્મિક પ્રતીક 'પેચેર્સ્ક લાવર મોન્ટેસરી' (મઠ) ઝપટમાં આવી ગયું હતું. હુમલાના કારણે ત્યાં ભીષણ આગ પણ લાગી હતી. કિવ પેચેર્સ્ક લાવરા મઠને ભારે નુકસાન રાજધાની કિવના લશ્કરી વહીવટના વડા તીમૂર તકાચેન્કોએ એક ટેલિગ્રામ પોસ્ટમાં જાણકારી આપી કે, 1051માં સ્થાપિત અને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સામેલ કિવ પેચેર્સ્ક લાવરા મઠને સીધા હુમલાથી ભારે નુકસાન થયું છે. આ હુમલા પર પ્રતિક્રિયા આપતા યુક્રેનિયન વડાપ્રધાન યુલિયા સ્વિરિદેન્કોએ X પર લખ્યું કે, 'આ આપણા લોકો અને આપણા ઐતિહાસિક વારસા પર ક્રૂર હુમલો છે.

# આસ્થા પર પ્રહાર: જૈન સંતને બદનામ કરવાનું કાવતરું ધૂળધાણી, માસ્ટરમાઈન્ડ જગત પારેખનો પર્દાફાશ!




શું આ દેશમાં કોઈની સામાજિક પ્રતિષ્ઠા, સદીઓ જૂની ધાર્મિક આસ્થા અને તપસ્વી સંતોની પવિત્રતા એટલી સસ્તી થઈ ગઈ છે કે ગમે તેવો ઉઠાવગીર આવીને તેના પર કાદવ ઉછાળી દે? 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આજે એક એવી સનસનાટીપૂર્ણ અને કાળજું કંપાવી દે તેવી સાઝીશનો લાઈવ ભાંડાફોડ કરી રહ્યું છે, જેનો હેતુ માત્ર ને માત્ર પૂજ્ય 'સાગર સમુદાય'ને બ્લેકમેલ કરવાનો અને તેમની પાસેથી કરોડોની ખંડણી પડાવવાનો હતો.

પૈસાની ભૂખમાં આંધળા થયેલા નરાધમોએ પવિત્ર આસ્થા પર જે ઘાતક પ્રહાર કર્યો છે, તેનો એક-એક પુરાવો આજે અમે જનતાની અદાલતમાં ખુલ્લો કરવા જઈ રહ્યા છીએ.

બ્લેકમેલિંગ ગેંગની શાતિર મોડસ ઓપરેન્ડી: આધુનિક હથિયારોથી ચારિત્ર્ય હનન

આ ગેંગની કામ કરવાની પદ્ધતિ એટલી શાતિર અને ખતરનાક છે કે કોઈ પણ સજ્જન માણસ ધ્રુજી ઊઠે. આ ડિજિટલ ડાકુઓ પહેલા આધુનિક ટેકનોલોજી, એડિટિંગ ટુલ્સ અને AIનો દુરુપયોગ કરીને નકલી વીડિયો અને મોર્ફ્ડ (ખોટા) ફોટા તૈયાર કરે છે. ત્યારબાદ પડદા પાછળથી શરૂ થાય છે બ્લેકમેલિંગનો ગંદો અને કાળો ધંધો.

જ્યારે સામો પક્ષ તેમની ગેરકાયદેસર ઉઘરાણી, ધમકીઓ અને કરોડોની ખંડણી સામે નમતો નથી, ત્યારે આ લોકો સમાજમાં પૂજનીય સંતોનું ચારિત્ર્ય હનન કરવા માટે તે નકલી મટીરિયલ સોશિયલ મીડિયા પર વાયરલ કરી દે છે. આ ન્યાયની લડાઈ નથી, આ સસ્તા વ્યુઝ અને ખંડણી માટે ખેલાતું 'ડિજિટલ મર્ડર' છે!

### ગેંગના મુખ્ય સૂત્રધારોની કુંડળી: જુઓ આ પાપી ચહેરાઓને!

જ્યારે 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ની ઈન્વેસ્ટિગેટિવ ટીમે આ આખા ષડયંત્રની કડીઓ જોડી, ત્યારે તેની પાછળ બે મુખ્ય ચહેરાઓ બેનકાબ થયા:

૧. જગત પારેખ (અમદાવાદ): આ આખી ગંદી સાઝીશનો મુખ્ય સ્ક્રિપ્ટ રાઈટર. આ એ જ શખ્સ છે જેના પર પહેલાથી જ છેતરપિંડી (ફ્રોડ) અને અનેક ક્રિમિનલ કેસ નોંધાયેલા છે. જેની પોતાની કાયદાની નજરમાં કોઈ ઓકાત કે શાખ નથી, તે સમાજના પવિત્ર સંતોની શાખ પર હુમલો કરવા નીકળ્યો હતો.

૨. હાર્દિક હુડિયા (મુંબઈ): મુંબઈની ચકાચૌંધમાં બેસીને, ડિજિટલ આઈડીની પાછળ છુપાઈને આ આખા બ્લેકમેલિંગ નેટવર્કને ડિજિટલ સપોર્ટ અને હવા-પાણી આપવાનું પાપ આ શખ્સ કરી રહ્યો છે.

'પાક્કો ગુજરાત ન્યૂઝ' પેપરે આ કાયરોને બંધ બારણેથી બહાર આવીને ખુલ્લા મેદાનમાં પુરાવા રજૂ કરવાનો સણસણતો પડકાર આપ્યો હતો, પણ પુરાવાના નામે આ ગેંગ પાસે માત્ર શૂન્ય હતું!

ઓન-ફોન ઈન્ટરવ્યુ: તીખા સવાલો સામે માસ્ટરમાઈન્ડ જગત પારેખ ઘૂંટણિયે!

જ્યારે અમારી ટીમે આ સાઝીશના મુખ્ય સૂત્રધાર જગત પારેખનો ફોન પર સીધો સંપર્ક કર્યો, ત્યારે અમારા સવાલોની એક જ તોપમાં તેના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના પ્રતિનિધિએ જ્યારે તેને કાન ફાડી નાખે તેવો સીધો સવાલ પૂછ્યો કે:

'તેં કોર્ટમાં અરજી કરીને પરમ પૂજ્ય જૈન મુનિ સાગરચંદ્ર સાગર આચાર્યજી પર અશ્લીલ વીડિયો વિદેશમાં વેચવાનો એટલો ગંભીર અને હીન આરોપ લગાવ્યો... તેનો એક પણ ઠોસ ફોરેન્સિક કે ડિજિટલ પુરાવો તારી પાસે છે? જો હોય તો અત્યારે ને અત્યારે બતાવ!'

આ તીખા સવાલ પર જગત પારેખ હબકાઈ ગયો, થથરી ગયો. ઓન-રેકોર્ડ વાતચીતમાં તેણે જે ઓક્યું છે, તે કાયદો અને ન્યાય વ્યવસ્થાના મોં પર સણસણતો તમાચો છે. તેણે ઘૂંટણિયે પડતા સ્વીકાર્યું કે તેની પાસે કોઈ જ પાકો પુરાવો નથી! તેણે નપુંસક જેવો જવાબ આપતા કહ્યું–'અમને એવું લાગ્યું કે કદાચ એવું હોઈ શકે.' જ્યારે પૂછવામાં આવ્યું કે પુરાવા વગર આવા ઘૃણાસ્પદ આરોપ લગાવવાની હિંમત કેવી રીતે થઈ? તો આ પાપીનો જવાબ સાંભળો–તેણે કહ્યું કે તે સમયે ફિલ્મ ઈન્ડસ્ટ્રીના રાજ કુન્દ્રાનો અશ્લીલ વીડિયોવાળો મામલો મીડિયામાં છવાયેલો હતો, તે જોઈને મને લાગ્યું કે કદાચ આચાર્ય સાગરચંદ્ર સાગર પણ એવું જ કંઈક કરતા હશે! વિચારો, આ કેટલી વિકૃત માનસિકતા છે! ટીવી પર કોઈ ક્રાઈમ ન્યૂઝ જોઈને, પોતાના વહેમના આધારે એક કઠિન તપસ્યા કરનારા સંત પર આટલું મોટું લાંછન લગાવી દેવું એ અક્ષમ્ય પાપ છે.

### અદાલત અને સમાજ સાથે અક્ષમ્ય ખીલવાડ

અદાલતો પુરાવા અને કાયદા પર ચાલે છે, કોઈ બ્લેકમેલરના નબળા અંદાજ કે વહેમ પર નહીં. કોઈ સંતને બદનામ કરવા માટે કોર્ટના પ્લેટફોર્મનો ઉપયોગ કરવો એ દેશની ન્યાય પ્રણાલીની મજાક ઉડાવવા બરાબર છે. આ ગેંગનો હેતુ ન્યાય મેળવવાનો ક્યારેય હતો જ નહીં, તેમનો એકમાત્ર મકસદ પૂજ્ય આચાર્યશ્રીને બદનામ કરવાની ધમકી આપીને સાગર સમુદાય પાસેથી કરોડો રૂપિયા પડાવવાનો હતો. પરંતુ હવે પાપનો ઘડો ભરાઈ ચૂક્યો છે અને આ ટોળકીને કાયદાના સિકંજામાંથી કોઈ બચાવી શકશે નહીં.

### 'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો ખુલ્લો પડકાર અને સમગ્ર જૈન સમાજને હાકલ

અમે આ બ્લેકમેલિંગ ગેંગને વારંવાર પડકાર ફેંક્યો છે કે જો તમારામાં દમ હોય તો સબૂત લઈને અમારી સામે આવો, પણ પુરાવા હોય તો આવે ને? આ કાયર ટોળકી માત્ર અંધારામાં તીર ચલાવવામાં માસ્ટર છે.

જે જૈન મુનિ સંસારનો ત્યાગ કરીને, નિઃસ્વાર્થ ભાવે, કાળઝાળ ગરમીમાં ખુલ્લા પગે વિહાર કરે છે, તેમની પવિત્રતા પર આંચ લાવનારા આ નરાધમોને હવે છોડવાના નથી. હવે સમય આવી ગયો છે કે સમગ્ર જૈન સમાજ અને સનાતન સંસ્કૃતિમાં માનનારો એક-એક માણસ એકજૂધ થઈને આવા તત્વોનો સામાજિક બહિષ્કાર કરે. આવા બ્લેકમેલર્સની કરતૂતો સામે તાત્કાલિક પોલીસ પ્રશાસનને જગાડવામાં આવે અને આ ડિજિટલ ડાકુઓને તેમના સાચા ઠેકાણે–એટલે કે જેલની અંધારી કાળકોટડીમાં મોકલવામાં આવે.

'પાક્કો ગુજરાત ન્યૂઝ' આજે ડંકાની ચોટ પર સ્પષ્ટ કરી દેવા માંગે છે કે અમે કોઈ વગદારોની ખોખલી ધમકીઓ કે અદાલતી અરજીઓ પાછળ છુપાવનારા ગીધડાઓથી ડરવાના નથી. અમે આ સાઝીશના મૂળ સુધી જઈશું અને સંતોને બદનામ કરનારી આ ફેક ફેક્ટરીને સંપૂર્ણપણે નેસ્તનાબૂદ કરીને જ જંપીશું! સંતોની આસ્થા સાથે ખીલવાડ કરનારાઓ, તૈયાર રહેજો, હવે તમારો કાળ નજીક છે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

### ખેડૂતના ટ્રેક્ટર VS પોલીસનું JCB

# ભાજપ સરકાર સામે ધરતીપુત્રોએ હળ ઉગામ્યું!

## કોંગ્રેસની 'કિસાન અધિકાર યાત્રા'માં ભયંકર હોબાળો, પોલીસ અને ખેડૂતો વચ્ચે હિંસક ઘર્ષણ

**અમદાવાદ**

રાજ્યમાં વિવિધ જનહિતના મુદ્દાઓ અને ખેડૂતોના પ્રશ્નોને લઈને કોંગ્રેસ દ્વારા એક વિશાળ અને આક્રમક ટ્રેક્ટર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી દરમિયાન કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ અનોખા અંદાજમાં જોવા મળ્યા હતા અને તેમણે પોતે જ ટ્રેક્ટરનું સ્ટિયરિંગ સંભાળીને વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કર્યું હતું. જોકે, આ આખી રેલી દરમિયાન ભારે રાજકીય હાઈડ્રામા પણ સર્જાયો હતો.

ગુજરાતના રાજકારણમાં આજે ૧૫ જૂનના રોજ અત્યાર સુધીનો સૌથી મોટો સળગતો અને હચમચાવી દેનારો રાજકીય વિસ્ફોટ થયો છે. ગાંધીનગરની ગાદી ધ્રુજાવવા માટે આજે હજારો ધરતીપુત્રો રસ્તા પર ઉતરી આવ્યા છે. ભાજપ સરકાર સામે ખેડૂતોએ સીધું હળ ઉગામી દીધું છે. કોંગ્રેસના નેતૃત્વમાં આજે ૧૧૧૧ ટ્રેક્ટરો સાથે અમદાવાદની શાંતિપુરા ચોકડીથી ગાંધીનગર સુધી નીકળેલી 'કિસાન અધિકાર યાત્રા' રણમેદાનમાં ફેરવાઈ ગઈ છે!

રેલીને રોકવા માટે પોલીસે જેસીબી (JCB) અને બેરિકેડ્સ ખડકી દેતા જ મામલો બિચક્યો હતો. ખેડૂતોના ટ્રેક્ટર અને પોલીસના જેસીબી સામસામે આવી જતાં જોરદાર ઘર્ષણ અને હોબાળો મચી ગયો છે. ખેડૂતોના અધિકારોની લડાઈ માટે યોજાયેલી આ મહારેલીમાં માત્ર કોંગ્રેસ જ નહીં, પણ ગુજરાતભરના ૨૦થી વધુ સક્રિય ખેડૂત સંગઠનો સિંહની જેમ ગર્જના કરીને જોડાયા છે. શાંતિપુરા ચોકડીથી જ્યારે એકસાથે ૧૧૧૧ ટ્રેક્ટરો લાઈનબદ્ધ થઈને ગાંધીનગર તરફ કૂચ કરવા નીકળ્યા, ત્યારે હાઈવે જામ થઈ ગયો હતો અને સરકારના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. કોંગ્રેસ અને ખેડૂત નેતાઓએ ભાજપ સરકાર પર અત્યંત આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે, 'વર્તમાન સરકારમાં કાયદાઓને બાજુએ મૂકીને ઉદ્યોગપતિઓ માટે ગરીબ ખેડૂતોની કિંમતી જમીનો હડપ કરવામાં આવી રહી છે. જગતના તાતને પાયમાલ કરવાનું આ બહુ મોટું કાવતરું છે, જેને ગુજરાતનો ખેડૂત હવે સાંખી નહીં લે!' આંદોલનને કચડી નાખવા માટે સરકારે પોલીસનો મોટો કાફલો ઉતારી દીધો હતો. હાઈવે પર જ ટ્રેક્ટરોને રોકવા માટે લોખંડી કિલ્લાબંધી કરવામાં આવી હતી. પરંતુ આક્રોશથી ફાટી નીકળેલા ખેડૂતો ક્યાંય રોકાયા નહોતા. ટ્રેક્ટરો અને પોલીસના વાહનો વચ્ચે ભારે ખેંચતાણ અને ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા હતા.





## નડીયાદમાં બોગસ પાવર ઓફ એટર્ની અને એસિડ એટેકની ધમકી આપનાર માસુમ ઉર્ફે ટીનો મહીડા પાસા હેઠળ જેલભેગો

**નડીયાદ**

નડીયાદ અને આસપાસના વિસ્તારમાં પોતાની ગુનાહિત પ્રવૃત્તિઓથી જાહેર જનતામાં ભય અને દહેશતનો માહોલ ઊભો કરનાર માસુમ ઉર્ફે ટીનો કાળુભાઇ મહીડા સામે પોલીસે લાલ આંખ કરી છે. ચીટિંગ, કાવતરાં અને ધાક-ધમકીઓ આપવાના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા આ આરોપી વિરુદ્ધ પાસા (PASA) હેઠળ ગુનો નોંધી તેને ભાવનગર જીલ્લા જેલ ભેગો કરી દેવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, નડીયાદના પીજ રોડ પર આવેલી ઇડન ગાર્ડન સોસાયટી, માઁ બંગ્લોઝમાં રહેતો આરોપી માસુમ ઉર્ફે ટીનો કાળુભાઇ મહીડા અગાઉ ચીટિંગના ગુનામાં સંડોવાયેલો હતો. તેણે પોતાના બદઈરાદાઓ પાર પાડવા માટે એક ઊંડું કાવતરું રચ્યું હતું, જેમાં તેણે બોગસ પાવર ઓફ એટર્ની (દસ્તાવેજો) તૈયાર કર્યા હતા. એટલું જ નહીં, આ નકલી દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કરી મોટી છેતરપિંડી આચરી હતી. જ્યારે આ બાબતનો વિરોધ કરવામાં આવ્યો ત્યારે આરોપીએ ભોગ બનનારને અને અન્ય લોકોને એસિડ એટેક કરવાની ભયાનક ધાક-ધમકીઓ આપી હતી. તેની આ ગુનાહિત પ્રવૃત્તિઓ અને આતંકને કારણે સ્થાનિક જાહેર જનતામાં ભારે દહેશત વ્યાપી ગઈ હતી. જાહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા તેમજ આવા તત્વો પર લગામ કસવા માટે પોલીસ તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે.

## ગોધરામાં કૃષિ રાજ્ય મંત્રી રમેશ કટારાનો શિક્ષકો પર કટાક્ષ: '8મું, 10મુ પંચ મળી ગયું તોય ભૂખ નથી ભાગતી'

**ગોધરા**

પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા ખાતે આયોજિત એક કાર્યક્રમમાં રાજ્યના કૃષિ મંત્રી રમેશ કટારાએ શિક્ષકોના પગાર અને પંચોને લઈને એક મોટું અને વિવાદસ્પદ નિવેદન આપ્યું છે. મંત્રીએ પોતાના ચાલુ ભાષણ દરમિયાન હળવા અંદાજમાં શિક્ષકો પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે મંચ પરથી જ ટકોર કરી હતી કે, અત્યારે 8મું અને 10મુ પંચ મળી ગયું છે તોય ભૂખ નથી ભાગતી. એક જાહેર મંચ પરથી સંબોધન કરતી વખતે મંત્રી રમેશ કટારાએ જૂના જમાનાની યાદ અપાવતા વર્તમાન શિક્ષકો અને કર્મચારીઓને ભૂતકાળનો અરીસો બતાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આજના સમયમાં મોટા પાયે પગાર વધારા અને જુદા જુદા પંચોના લાભો મળવા છતાં અસંતોષ જોવા મળે છે. વડીલોને પૂછી જુઓ, એક સમય એવો હતો જ્યારે લોકો માત્ર પાંચસો કે હજાર રૂપિયાના નજીવા વેતનમાં આખી જિંદગી નોકરીઓ પૂરી કરી દેતા હતા અને તોય કોઈ ફરિયાદ નહોતી. મંત્રીએ ઉમેર્યું હતું કે, સરકારે કર્મચારીઓના હિતમાં સતત સારા નિર્ણયો લીધા છે અને આર્થિક લાભો આપ્યા છે, પરંતુ સંતોષ હોવો પણ એટલો જ જરૂરી છે. જોકે, મંત્રીનો અંદાજ ઘણો હળવો અને હાસ્ય સભર હતો, પરંતુ તેમની આ સીધી ટકોર કાર્યક્રમમાં હાજર રહેલા શિક્ષકો અને અન્ય કર્મચારીઓ સુધી સ્પષ્ટ સંદેશ પહોંચાડી ગઈ હતી. બીજી તરફ, મંત્રીના આ નિવેદનનો વીડિયો સામે આવ્યા બાદ શૈક્ષણિક વર્તુળો અને સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિક્રિયાઓ શરૂ થઈ ગઈ છે. કેટલાક લોકો મંત્રીની વાત સાથે સહમત થઈ રહ્યા છે કે સંતોષ હોવો જરૂરી છે, જ્યારે શિક્ષક સંગઠનો અને કર્મચારી વર્ગમાં આ નિવેદનને લઈને અંદરખાને ભારે નારાજગી જોવા મળી રહી છે.

## રાજ સ્કૂલના આચાર્યના પુત્રએ હોસ્ટેલના વિદ્યાર્થીને બનાવ્યો હવસનો શિકાર:સગીર ધો-10ની પરીક્ષા આપી વતન ગયો તો પણ પીછો ન છોડ્યો

**ગાંધીનગર**

રાજ્યના શૈક્ષણિક હબ અને પાટનગર ગાંધીનગરમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સેક્ટર-25માં આવેલી જાણીતી રાજ સ્કૂલના પ્રિન્સિપાલના દીકરાએ શાળાની જ હોસ્ટેલમાં રહેતા ધોરણ 10ના એક સગીર વિદ્યાર્થીને પોતાની હવસનો શિકાર બનાવ્યો હોવાનો સનસનાટીભર્યો મામલો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે ગાંધીનગરના સેક્ટર-21 પોલીસ મથકે પ્રિન્સિપાલના પુત્ર વિરુદ્ધ પોક્સો અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પીડિત ગરીબ વિદ્યાર્થી રાજ સ્કૂલમાં ધોરણ 10માં એડમિશન મેળવીને હોસ્ટેલમાં રહી બોર્ડની પરીક્ષાની તૈયારીઓ કરી રહ્યો હતો. આ દરમિયાન શાળાના સંચાલક અને પ્રિન્સિપાલ અશ્વિન પટેલના દીકરા રાજ પટેલે તક જોઈને સગીર વિદ્યાર્થીને પોતાની પાસે બોલાવ્યો હતો. શરૂઆતમાં મોટી વાતો કરીને તેણે વિદ્યાર્થીના શરીર પર અશોભનીય સ્પર્શ કર્યો હતો. વિદ્યાર્થીએ શરૂઆતમાં આ હરકતને વ્હાલ સમજવાની ભૂલ કરી હતી, જેનો ફાયદો ઉઠાવીને રાજ પટેલે સગીરને બળજબરીપૂર્વક પોતાના રૂમમાં લઈ જઈ તેની મરજી વિરુદ્ધ વારંવાર સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. આ અસહ્ય માનસિક અને શારીરિક પીડા વેઠીને માસૂમ વિદ્યાર્થીએ માંડ-માંડ ધોરણ 10ની પરીક્ષા આપી હતી. પરીક્ષા પૂરી થતાં જ તે પોતાના વતન પરત ફર્યો હતો. જોકે, વતન ગયા પછી પણ આરોપી રાજ પટેલે તેનો પીછો છોડ્યો ન હતો અને સતત બ્લેકમેલ કરીને પોતાની હવસ સંતોષવા માટે દબાણ કરતો રહ્યો હતો.

## લગ્નના ત્રીજા જ દિવસે પતિની નબળાઇ ખુલ્લી પડી: સાસરિયાંએ વાઇબ્રેટર આપી હદ વટાવી, દહેજભૂખ્યાઓ સામે મહિલા પોલીસમાં ફરિયાદ!

**અમદાવાદ**

અમદાવાદ શહેરમાંથી એક અત્યંત ચોંકાવનારો અને સામાજિક સંબંધોને શર્મસાર કરતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક પીડિત પરિણીતાએ પોતાના સાસરિયાં અને પતિ સામે શારીરિક-માનસિક ત્રાસ અને દહેજની માંગણી સબબ મહિલા પોલીસ મથકમાં ગંભીર ગુનો નોંધાવ્યો છે. લગ્નની મખમલી દુનિયામાં પગ મૂકતાની સાથે જ યુવતી પર આભ તૂટી પડ્યું હતું.

ફરિયાદની વિગતો મુજબ, લગ્નના ગણતરીના દિવસોમાં એટલે કે ત્રીજા જ દિવસે પરિણીતાને જાણ થઈ કે તેનો પતિ શારીરિક સંબંધ બાંધવામાં સંપૂર્ણપણે અસક્ષમ છે. આ સત્ય સામે આવતા જ નવવધૂના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. પોતાની આ શારીરિક નબળાઈ અને ખામીને છુપાવવા માટે પતિએ સારવાર કરાવવાને બદલે શરમજનક હદ વટાવી દીધી હતી. તેણે પત્નીને વાઈબ્રેટર મગાવી આપ્યું હતું, જેના કારણે પરિણીતા અત્યંત ક્ષોભજનક અને માનસિક આઘાતની સ્થિતિમાં મૂકાઈ ગઈ હતી. એક તરફ પતિની આ નબળાઈ હતી, તો બીજી તરફ સાસરિયાંઓ પોતાની ભૂલ સ્વીકારવાને બદલે પરિણીતા પર જ તૂટી પડ્યા હતા. સાસરિયાંઓ દ્વારા યુવતીને અવારનવાર ઓછું દહેજ લાવવા બાબતે મહેણાં-ટોણાં મારી શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. એટલું જ નહીં, પતિની અસક્ષમતા જાણતા હોવા છતાં સાસરિયાંઓ પરિણીતા પર સંતાન પ્રાપ્તિ માટે અમાનુષી દબાણ કરતા હતા.

આ વિવાદ એટલો વધ્યો કે આખરે સસરાએ પરિણીતાને ઘરમાંથી હાંકી કાઢી હતી.

### મોંઘવારીનો વધુ એક ડામ

## વડોદરામાં રિક્ષા ભાડામાં તોતિંગ વધારો : મિનીમમ ભાડું 20ના બદલે 30 રૂપિયા કરાયું

**વડોદરા**

વડોદરા શહેરના સામાન્ય અને મધ્યમ વર્ગના નાગરિકોના ખિસ્સા પર મોંઘવારીનો વધુ એક બોજ પડવા જઈ રહ્યો છે. શહેરમાં સીએનજી ગેસ અને પેટ્રોલના ભાવમાં થઈ રહેલા સતત વધારાને ધ્યાનમાં રાખીને રિક્ષા એસોસિએશન દ્વારા રિક્ષાના ભાડામાં વધારો કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય અનુસાર, રિક્ષાના મિનીમમ ભાડામાં સીધો 10 રૂપિયાનો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. અત્યાર સુધી મુસાફરોએ વડોદરા શહેરમાં રિક્ષાનું મિનીમમ ભાડું 20 રૂપિયા ચૂકવવું પડતું હતું, પરંતુ હવે આ નવા નિર્ણય બાદ પેસેન્જરોએ મિનીમમ ભાડા પેટે 20 ના બદલે 30 રૂપિયા ચૂકવવા પડશે. રિક્ષા એસોસિએશન દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે આ નવો ભાવ વધારો આગામી 1 જુલાઈ 2026 થી સમગ્ર શહેરમાં સત્તાવાર રીતે લાગુ કરી દેવામાં આવશે. વડોદરા શહેરમાં હાલમાં 80 હજાર કરતા પણ વધુ રિક્ષા ચાલકો રોજીરોટી કમાઈ રહ્યા છે. રિક્ષા ચાલકોના જણાવ્યા મુજબ, છેલ્લા કેટલાક સમયથી ઈંધણના ભાવ આસમાને પહોંચ્યા છે, જેની સામે રિક્ષાનું જૂનું ભાડું બિલકુલ પરવડે તેમ ન હતું. ગેસ-પેટ્રોલના વધતા ભાવ, સ્પેરપાર્ટ્સની મોંઘવારી અને પરિવારના ભરણપોષણનો ખર્ચ નીકળવો મુશ્કેલ બનતા નાછૂટકે ભાડું વધારવાની ફરજ પડી છે.

### રાજ્યમાં ચાલતા ખેડૂત આંદોલન વચ્ચે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીનું મોટું નિવેદન!

## "CMએ ખેડૂત મિત્રો માટે ઉદાર મનથી કામ કર્યું છે..."



**ગાંધીનગર**

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી વિવિધ પડતર માંગણીઓને લઈને ખેડૂતો આંદોલનના માર્ગે છે, ત્યારે આ ગરમાયેલા માહોલ વચ્ચે રાજ્યના ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ એક અત્યંત મહત્વનું નિવેદન આપ્યું છે. હર્ષ સંઘવીએ સરકારનો પક્ષ રાખતા સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, મુખ્યમંત્રીએ હંમેશા જગતના તાતની ચિંતા કરી છે અને ખેડૂત મિત્રો માટે ઉદાર મન રાખીને નિર્ણયો લીધા છે.

એક તરફ ખેડૂતો પોતાની માંગણીઓ માટે મક્કમ છે, તો બીજી તરફ સરકાર તરફથી આવેલું આ સકારાત્મક નિવેદન ઘણું સૂચક માનવામાં આવી રહ્યું છે.

આંદોલનકારી ખેડૂતોને સરકારનો સ્પષ્ટ સંદેશ

ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર ખેડૂતોના કલ્યાણ માટે કટિબદ્ધ છે. ભૂતકાળમાં પણ જ્યારે જ્યારે ખેડૂતો પર સંકટ આવ્યું છે કે કોઈ પ્રશ્ન ઊભો થયો છે, ત્યારે મુખ્યમંત્રીએ સંવેદનશીલતા દાખવીને ત્વરિત નિર્ણયો લીધા છે. વર્તમાન આંદોલન વચ્ચે પણ તેમણે એ વાત પર ભાર મૂક્યો કે સરકાર ખેડૂતોની પડખે છે અને તેમના પ્રશ્નોના યોગ્ય ઉકેલ માટે હંમેશા હકારાત્મક રહી છે.

રાજકીય ગરમાવો વધ્યો: આ નિવેદનના શું છે માયના?

સંવાદના સંકેત: હર્ષ સંઘવીના આ 'ઉદાર મન' વાળા નિવેદનથી એ સંકેત મળી રહ્યા છે કે સરકાર ખેડૂતો સાથે કોઈ પણ પ્રકારના ટકરાવના મૂડમાં નથી અને મડાગાંઠ ઉકેલવા તૈયાર છે.

ખેડૂતોનું વલણ શું રહેશે?: સરકાર ભલે ખેડૂત હિતની વાતો કરી રહી હોય, પરંતુ આંદોલન કરી રહેલા ખેડૂત સંગઠનો આ નિવેદન બાદ પોતાનું આંદોલન સમેટે છે કે પછી લેખિત ખાતરીની માંગ પર અડગ રહે છે, તેના પર સૌની નજર છે.

ખેડૂતોના આક્રોશ વચ્ચે સરકારના આ ડેમેજ કંટ્રોલના પ્રયાસો કેટલા સફળ સાબિત થાય છે અને આગામી દિવસોમાં આ આંદોલન કઈ દિશામાં ફંટાય છે, તે જોવું મહત્વનું રહેશે.

### ફેસબુક પર પ્રેમ, ગેરકાયદે એન્ટ્રી અને હવે આંસુઓનો દરિયો

## આણંદમાં 10 વર્ષથી રહેતી બાંગ્લાદેશી પત્નીને બચાવવા પુત્ર અને પતિની હર્ષ સંઘવીને આજીજી!

**આણંદ**

સમગ્ર ગુજરાતમાં અત્યારે ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સને પકડવા માટે પોલીસ દ્વારા એક બહુ મોટી અને કડક ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ કડક કાનૂની કાર્યવાહી વચ્ચે, આણંદ જિલ્લાના લાંભવેલ ગામમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને માનવીય સંવેદનાઓથી સભર કિસ્સો સામે આવ્યો છે. જ્યાં કાયદાની કલમો વચ્ચે એક આખો હસતો-ખેલતો પરિવાર વેરવિખેર થઈ ગયો છે.

લાંભવેલ ગામના રહેવાસી તરુણ પટેલે પોતાની આપવીતી જણાવતા કહ્યું કે, વર્ષ ૨૦૧૨-૧૩માં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુકના માધ્યમથી તેની મુલાકાત બાંગ્લાદેશની રહેવાસી કાજલ સાથે થઈ હતી. ધીમે-ધીમે બંને વચ્ચે વાતચીત વધી અને આ મુલાકાત પ્રેમમાં પરિણમી. કાજલે ભારત આવીને કાયદેસર રીતે લગ્ન કરવા માટે બાંગ્લાદેશમાં પાસપોર્ટ મેળવવાના અથાક પ્રયાસો કર્યા, પરંતુ તેને ત્યાં સફળતા ન મળી.

બીજી તરફ, બાંગ્લાદેશમાં તેના પરિવારે તેના પર અન્ય જગ્યાએ લગ્ન કરવા માટે ભારે દબાણ શરૂ કર્યું હતું. આખરે, પ્રેમ ખાતર કાજલે સરહદ ઓળંગીને ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કરવો પડ્યો અને તે આણંદ આવી પહોંચી.

તરુણ અને કાજલ છેલ્લા ૧૦ વર્ષથી અહીં પતિ-પત્ની તરીકે સુખી સંસાર ભોગવી રહ્યા હતા. આ ૧૦ વર્ષના દામ્પત્ય જીવન દરમિયાન તેમને બે બાળકો છે, જેમાં એક આઠ વર્ષનો અને બીજો માત્ર બે વર્ષનો માસૂમ પુત્ર છે. તરુણનો દાવો છે કે કાજલે ભારત આવ્યા પછી સંપૂર્ણપણે હિન્દુ ધર્મ અને રીતરિવાજો અપનાવી લીધા છે, તે ઘરમાં પૂજા-પાઠ કરે છે અને નિયમિત મંદિરે પણ જાય છે.

પરંતુ રાજ્યવ્યાપી ઝુંબેશ અંતર્ગત વિઝા અને પાસપોર્ટ ન હોવાને કારણે કાજલની અટકાયત કરવામાં આવી છે અને હાલ તેને મહિલા આશ્રયસ્થાન (શેલ્ટર હોમ)માં રાખવામાં આવી છે. માતા દૂર થઈ જતાં બે વર્ષનું બાળક અને તેનો આઠ વર્ષનો પુત્ર ધિયાન સતત રડી રહ્યા છે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને માનવતાવાદી મદદ માટે અપીલ

આ મામલો હવે કાયદાની સાથે-સાથે માનવીય સંવેદનાનો બની ગયો છે. કાયદો પોતાનું કામ કરી રહ્યો છે, પરંતુ આ ભરાયેલી આંખો અને વિખેરાયેલા પરિવારને જોઈને સ્થાનિકો પણ દ્રવી ઉઠ્યા છે. તરુણ પટેલે ગુજરાતના સંવેદનશીલ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને આ મામલે દરમિયાનગીરી કરી માનવતાના ધોરણે મદદ કરવા માટે કરગરતી અપીલ કરી છે. આ સાથે જ, આઠ વર્ષના માસૂમ પુત્ર ધ્યાને પણ રડતી આંખે સરકારને વિનંતી કરી છે કે તેની મમ્મીને મુક્ત કરવામાં આવે.

### ડભોઇમાં અન્નદાતાનો આક્રોશ

## વારંવાર બદલાતા સરકારી નિયમો સામે ચોથા દિવસે પણ આંદોલન યથાવત

**ડભોઇ**

ડભોઇ સરકારે જુવારની ખરીદીના નિયમો અને નીતિઓમાં વારંવાર કરેલા ફેરફારોને કારણે સ્થાનિક ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પોતાના હક્કની લડત માટે ડભોઇ એપીએમસી (APMC) ખાતે શરૂ થયેલા ખેડૂતોના પ્રતિક ઉપવાસ અને આંદોલનનો આજે સતત ચોથો દિવસ છે. તેમ છતાં, વહીવટી તંત્ર કે કોઈ રાજકીય નેતા દ્વારા હજુ સુધી ખેડૂતોની મુલાકાત ન લેવાતા અન્નદાતાઓમાં વહીવટી તંત્ર સામે ભારે નારાજગી વ્યાપી છે. આ વિવાદનું મુખ્ય કારણ સરકારનો વારંવાર બદલાતો ઠરાવ છે. સરકારે શરૂઆતમાં પ્રતિ ખેડૂત ૧,૮૫૦ કિલો જુવાર ખરીદવાનું નક્કી કર્યું હતું, પરંતુ અચાનક આ મર્યાદા ઘટાડીને માત્ર ૧,૦૦૦ કિલો કરી દેવાતા ખેડૂતોએ ઉગ્ર વિરોધ કર્યો હતો. ત્યારબાદ સરકારે વચલો રસ્તો કાઢી ૧,૭૦૦ કિલો જથ્થો ખરીદવાનો નવો નિર્ણય કર્યો છે. જોકે, ખેડૂતોની સ્પષ્ટ માંગ છે કે શરૂઆતના ૧,૮૫૦ કિલોના ઠરાવ મુજબ જ ટેકાના ભાવે (MSP) પૂરેપૂરી ખરીદી કરવામાં આવે. હાલમાં ખેડૂતોની હજારો કિલો જુવાર ઘરોમાં પડી રહી છે, જે ચોમાસાની શરૂઆતમાં બગડી જવાની ભીતિ છે.

પોતાનો અવાજ સરકાર સુધી પહોંચાડવા ખેડૂતો ગાંધીચીંધ્યા માર્ગે અનોખો વિરોધ કરી રહ્યા છે.

### નર્મદા ભાજપમાં ભડકો

## પ્રોટોકોલ જળવાયો નહીં હોવાના આક્ષેપ સાથે મહિલા ધારાસભ્ય દર્શનાબેન દેશમુખ કાર્યક્રમ છોડી રોડ પર બેઠા

**રાજપીપળા**

નર્મદા જિલ્લા ભાજપમાં આંતરિક વિખવાદ અને અસંતોષ સપાટી પર આવ્યો છે. નાંદોદ વિધાનસભા બેઠકના ભાજપના મહિલા ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ એક સરકારી કાર્યક્રમ દરમિયાન પ્રોટોકોલ ન જળવાયો હોવાના આક્ષેપ સાથે કાર્યક્રમ અધવચ્ચે જ છોડીને બહાર નીકળી ગયા હતા. એટલું જ નહીં, પોતાની અવગણનાથી નારાજ થયેલા મહિલા ધારાસભ્ય વિરોધ દર્શાવવા માટે રસ્તા પર જ બેસી ગયા હતા. શાસક પક્ષના જ મહિલા ધારાસભ્ય રોડ પર બેસી જતાં વહીવટી તંત્ર અને સ્થાનિક ભાજપ સંગઠનમાં દોડધામ મચી ગઈ છે. મળતી માહિતી મુજબ, નર્મદા જિલ્લામાં એક સત્તાવાર સરકારી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રોટોકોલ મુજબ સ્થાનિક ધારાસભ્ય તરીકે દર્શનાબેન દેશમુખને યોગ્ય સ્થાન કે માન-સન્માન ન મળ્યું હોવાનો સુર ઉઠ્યો હતો. મંચ પર સ્થાનિક હોદ્દેદારો અને અધિકારીઓની હાજરી વચ્ચે પોતાની ઉપેક્ષા થતી જોઈને મહિલા ધારાસભ્યનો પિત્તો ગયો હતો. તેઓ તુરંત જ મંચ પરથી નીચે ઉતરી ગયા હતા અને હોલની બહાર નીકળી સીધા રોડ પર જઈને બેસી ગયા હતા. ધારાસભ્ય રસ્તા પર બેઠા હોવાની જાણ થતાં જ કાર્યક્રમમાં હાજર અન્ય ભાજપના નેતાઓ, કાર્યકરો અને ઉચ્ચ અધિકારીઓ દોડતા બહાર આવ્યા હતા. તેમણે ધારાસભ્યને મનાવવા અને મામલો થાળે પાડવા માટે ભારે મથામણ કરી હતી. જોકે, દર્શનાબેન દેશમુખે પોતાની નારાજગી સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરી હતી કે જનપ્રતિનિધિ તરીકે તેમનો જે પ્રોટોકોલ જળવાવો જોઈએ, તેની સરેઆમ અવગણના કરવામાં આવી છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે, જેને પગલે નર્મદા જિલ્લા સહિત સમગ્ર ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. વિપક્ષને પણ સરકાર અને શાસક પક્ષ પર પ્રહારો કરવાનો મોકો મળી ગયો છે. ભાજપના જ અંદરોઅંદરના આ વિખવાદ અને અધિકારીઓ તેમજ પદાધિકારીઓ વચ્ચેના સંકલનના અભાવને કારણે પક્ષની શિસ્ત સામે મોટા સવાલો ઊભા થયા છે.

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રત જુલાઈના પ્રથમ સપ્તાહમાં પવિત્ર 'સીતાવન ગૌશાળા'ની લેશે મુલાકાત

**ગાંધીનગર**

ગૌસેવા અને ભારતીય સંસ્કારોના ધામ સમાન પવિત્ર 'સીતાવન ગૌશાળા'ની મુલાકાત લેવા માટે ગુજરાતના માનનીય રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીને એક ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ પવિત્ર ધામની મુલાકાત લેવાના હેતુથી અગ્રણીઓ દ્વારા માનનીય રાજ્યપાલની એક વિશેષ શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. રાજ્યપાલએ આ આમંત્રણનો ખૂબ જ ઉત્સાહભેર સ્વીકાર કર્યો છે. આ ગરિમાપૂર્ણ બેઠક દરમિયાન પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાજી, અગ્રણી બાબુ જમના પટેલ તેમજ વૈભવભાઈ પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. માનનીય રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી પોતે પ્રાકૃતિક ખેતી અને ગૌસેવા માટે દેશભરમાં જાણીતા છે. સીતાવન ગૌશાળા દ્વારા થઈ રહેલી ગૌસેવાની પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈને તેમણે આગામી જુલાઈ મહિનાના પ્રથમ સપ્તાહમાં ગૌશાળાની રૂબરૂ મુલાકાત લેવાની સહર્ષ સંમતિ પ્રદાન કરી છે.

### દુર્ગંધ, ગંદકી અને રોગચાળાનો ભય ફેલાયો

## દહેગામના વલાદમાં એક મહિનાથી ગટર ઉભરાતા ગ્રામજનોમાં રોષ, કાર્યવાહીની માંગ

**ગાંધીનગર**

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના વલાદ ગામમાં જૈન દેરાસર નજીક છેલ્લા એક મહિનાથી ગટરનું ગંદુ પાણી સતત ઉભરાઈ રહ્યું છે. જવાબદાર તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન થતાં સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ગ્રામજનોના જણાવ્યા અનુસાર, ગ્રામ પંચાયત, સરપંચ અને સંબંધિત વિભાગો સમક્ષ અનેક વખત રજૂઆતો કરવામાં આવી છે. જોકે, માત્ર આશ્વાસનો મળ્યા છે અને સમસ્યાનો હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી.



જૈન દેરાસર પાસે રસ્તા પર ગટરનું પાણી ફેલાઈ જતાં સમગ્ર વિસ્તાર ગંદકીથી ઘેરાઈ ગયો છે. દેરાસરમાં દર્શનાર્થીઓ, સ્થાનિક રહેવાસીઓ અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

ગંદા પાણીના સતત ભરાવાને કારણે અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે, જેનાથી આસપાસના લોકોનું જીવન મુશ્કેલ બન્યું છે. ખાસ કરીને સવાર-સાંજ આ દુર્ગંધ વધુ તીવ્ર બને છે, જે લોકોમાં અસંતોષનું મુખ્ય કારણ છે.

ગંદા પાણીના ભરાવાને કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે અને ચેપી રોગચાળો ફેલાવવાનો ભય ઊભો થયો છે. બાળકો, વૃદ્ધો અને મહિલાઓ માટે આ સ્થિતિ વધુ ચિંતાજનક છે.

રસ્તા પર પાણી ભરાયેલા રહેતા વાહનચાલકો અને રાહદારીઓને પણ મુશ્કેલી પડે છે. વરસાદી માહોલમાં સ્થિતિ વધુ ગંભીર બનવાની શક્યતા છે.

ગ્રામજનોએ ચેતવણી આપી છે કે જો તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં નહીં આવે તો તેઓ ઉચ્ચ અધિકારીઓ સમક્ષ રજૂઆત કરવાની સાથે લોકશાહી ઢબે આંદોલન પણ કરશે.

પાક્કો ગુજરાત
મંગળવાર | 16 જૂન 2026 | અમદાવાદ

નવી નીતિમાં AI જેવા ભવિષ્યના સેક્ટર્સને વિશેષ મહત્વ આપવામાં આવ્યું

# 2047ના વિકસિત ભારત માટે રોડમેપ તૈયાર ગુજરાતમાં નવી ઔદ્યોગિક નીતિની જાહેરાત



ગાંધીનગર

ગુજરાત સરકારે નવી ઔદ્યોગિક નીતિ જાહેર કરી છે, જે વર્ષ 2047ના વિકાસનો રોડમેપ છે. આ નીતિમાં મેન્યુફેક્ચરિંગ, MSME, સ્ટાર્ટઅપ્સ અને AI સેક્ટરને પ્રાધાન્ય અપાયું છે. સરકારની ઝડપી અને સરળ પ્રક્રિયાઓને કારણે ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન મળશે. આ નીતિ ગુજરાતને દેશનું ગ્રોથ એન્જિન બનાવી આર્થિક અને સામાજિક વિકાસને નવી દિશા આપશે.

ગુજરાત સરકારે રાજ્યના ઔદ્યોગિક વિકાસને નવી ગતિ આપવા માટે મહત્વની નવી ઉદ્યોગનીતિ જાહેર કરી છે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાત આજે દેશના કુલ ઉત્પાદન (Manufacturing) માં 18 ટકા હિસ્સો ધરાવે છે અને દેશના કુલ કાર્ગો હેન્ડલિંગ (Cargo Handling) માં 40 ટકા યોગદાન આપે છે. છેલ્લા 22 વર્ષમાં ગુજરાતના જીડીપી (GDP) માં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. સરકારે ઉદ્યોગોને વધુ ઝડપથી પ્રોત્સાહન (Incentive) મળે અને સરકારી પ્રક્રિયાઓ સરળ બને તેવા પ્રયાસો કર્યા છે. માત્ર એક વર્ષમાં 1.5 લાખ અરજીઓનો નિકાલ કરીને 'ઈન્સેન્ટિવ કન્સલ્ટન્ટ' મુક્ત વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ માત્ર ઉદ્યોગો જ નહીં, પરંતુ ખેડૂતો અને સામાન્ય નાગરિકોના હિતમાં પણ ઉદારતાથી નિર્ણયો લીધા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ નવી પોલિસી માત્ર એક સરકારી યોજના નથી, પરંતુ વર્ષ 2047 સુધીના વિકસિત ભારતનો એક સ્પષ્ટ રોડમેપ (Roadmap) છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વના 12 વર્ષની સફળતા બદલ શુભેચ્છા પાઠવતા ઉમેર્યું હતું કે, આજે દેશ-વિદેશની કંપનીઓ માટે ગુજરાત પ્રથમ પસંદગી (Best Choice) બન્યું છે. ગુજરાત સાચા અર્થમાં દેશના વિકાસનું ગ્રોથ એન્જિન (Growth Engine) સાબિત થઈ રહ્યું છે.

શનિ-રવિની રજાનો લાભ ઉઠાવી સુરક્ષાની પોલ ખોલી

# રાજકોટ બાળ સુધાર ગૃહમાંથી 11 બાળકો ફરાર થતા ભારે ચકચાર

રાજકોટ

શહેરના કાલાવડ રોડ પર આવેલા સરકારી બાળ સુધાર ગૃહ (ઓબ્ઝર્વેશન હોમ) માંથી રવિવારે સવારે એકસાથે ૧૧ કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકો (બાળ ગુનેગારો) ફરાર થઈ જવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ ઘટનાને પગલે બાળ સુધાર ગૃહની સુરક્ષા વ્યવસ્થા સામે મોટા સવાલો ઊભા થયા છે અને સમગ્ર પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ છે. જોકે, પોલીસે તાત્કાલિક એક્શન મોડમાં આવી અલગ-અલગ ટીમો બનાવીને તપાસ શરૂ કરતા, ભાગેલા ૧૧ બાળકોમાંથી ૭ બાળકોને શોધી કાઢવામાં સફળતા મળી છે, જ્યારે અન્ય ૪ બાળકોની શોધખોળ હજુ પણ ચાલુ છે.

મળતી માહિતી મુજબ, રવિવારે સવારે જ્યારે બાળ સુધાર ગૃહના કર્મચારીઓ દૈનિક કામગીરીમાં વ્યસ્ત હતા, ત્યારે શનિ-રવિની રજાના માહોલ અને સુરક્ષામાં રહેલી ખામીનો લાભ ઉઠાવીને આ ૧૧ બાળકો પ્લાનિંગ મુજબ ત્યાંથી નાસી છૂટ્યા હતા. બાળકો સુધાર ગૃહની અંદરથી કોઈ




રસ્તો કરીને અથવા દીવાલ કૂદીને ભાગ્યા હોવાની આશંકા સેવાઈ રહી છે. રવિવારે સવારે જ્યારે સત્તાવાળાઓ દ્વારા બાળકોની ગણતરી કરવામાં આવી, ત્યારે ૧૧ બાળકો ગાયબ હોવાનું માલૂમ પડતા સંસ્થાના અધિકારીઓના હોશ ઊડી ગયા હતા.

બાળકો ફરાર થયાની જાણ થતાં જ સંસ્થાના વડા દ્વારા તાત્કાલિક સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે શહેરના એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ, બસ સ્ટેન્ડ અને રેલવે સ્ટેશન જેવા વિસ્તારોમાં નાકાબંધી કરીને તપાસ તેજ કરી હતી. પોલીસની સઘન પૂછપરછ અને બાતમીદારોના નેટવર્કને કારણે સાંજ સુધીમાં ૭ બાળકોને અલગ-અલગ જગ્યાએથી રાઉન્ડઅપ કરી લેવાયા છે.

આ ઘટનાએ બાળ સુધાર ગૃહની આંતરિક સુરક્ષા અને ત્યાં તૈનાત ગાર્ડ્સની કામગીરી પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. આટલી મોટી સંખ્યામાં બાળકો એકસાથે સુરક્ષાકર્મીઓની નજર ચૂકવીને કેવી રીતે ભાગી શકે, તે દિશામાં પણ ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

અત્યારસુધીમાં 300થી વધુ જિંદગીઓ હોમાઈ!


# મહીસાગરનો 'કાળમુખો' હાથિયો ધરો: નદીમાં નહાવા પડેલા વધુ એક યુવકનું ડૂબી જવાથી મોત

લુણાવાડા/મહીસાગર

મહીસાગર જિલ્લાની જીવાદોરી ગણાતી મહીસાગર નદી કિનારે આવેલો કુખ્યાત 'હાથિયો ધરો' ફરી એકવાર માસૂમ જિંદગી માટે કાળ સાબિત થયો છે. નદીના શાંત દેખાતા વહેણ પાછળ છુપાયેલા આ મોતના કૂવાએ વધુ એક આશાસ્પદ યુવકનો ભોગ લીધો છે. મિત્રો સાથે નહાવા પડેલો યુવક ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતાં પરિવારમાં ભારે આક્રંદ મચી ગયો છે.

આ કરુણ ઘટનાની સાથે જ એક અત્યંત ચોંકાવનારો આંકડો સામે આવ્યો છે કે, આ ખતરનાક ધરામાં અત્યારસુધીમાં અંદાજે ૩૦૦ જેટલા નિર્દોષ લોકો પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે!

મળતી માહિતી મુજબ, વીકએન્ડ અથવા ગરમીથી રાહત મેળવવા માટે મોટી સંખ્યામાં સહેલાણીઓ અને સ્થાનિક યુવકો મહીસાગર નદીના કિનારે આવતા હોય છે. આવો જ એક યુવક નદીના પાણીમાં નહાવાની મજા માણી



રહ્યો હતો, પરંતુ તે નદીના પ્રવાહ અને હાથિયા ધરાની ઊંડાઈથી અજાણ હતો. નહાતા-નહાતા અચાનક તેનો પગ લપસ્યો હતો અથવા તે ઊંડા પાણીના જોરદાર વમળમાં ફસાયો હતો.

યુવકે બચવા માટે બૂમાબૂમ કરી હતી, પરંતુ ક્ષણભરમાં જ તે નદીના અફાટ પાણીમાં ક્યાંક ગુમ થઈ ગયો હતો. સ્થાનિક તરવૈયાઓ અને વહીવટી તંત્રની મદદથી ભારે જહેમત બાદ યુવકના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો.

હાથિયો ધરો એ કોઈ સામાન્ય ધરો નથી, પણ મોતના પંજા સમાન છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, આ જગ્યાએ નદીના તળિયે ભયાનક પથ્થરો અને ઊંડી ખીણો આવેલી છે, જેમાં સારા-સારા તરવૈયાઓ પણ ફસાઈ જાય છે.

મોતનો આંકડો ૩૦૦ને પાર: અત્યારસુધીમાં આ એક જ જગ્યાએ ૩૦૦ જેટલા લોકો ડૂબી જવાથી મૃત્યુ પામ્યા છે, જે કોઈપણ નદીના પટ માટે અત્યંત ચિંતાજનક આંકડો છે.

ચેતવણીના બોર્ડ માત્ર નામના?: સ્થાનિકોમાં આક્રોશ છે કે આટલી મોટી સંખ્યામાં મોત થવા છતાં વહીવટી તંત્ર દ્વારા અહીં પાકી કિલ્લાબંધી કે ચુસ્ત પોલીસ બંદોબસ્ત કેમ રાખવામાં આવતો નથી? શા માટે લોકો હજુ પણ આ મોતના મુખમાં સહેલાઈથી જઈ રહ્યા છે?

ગુજરાતનું ખેડૂત આંદોલન ફરી રાજનીતિના હોમકુંડમાં સ્વાહા

# નેતાઓને હિરો બનવાની લ્હાય નડી, સરકારને કંઇ કરવાની જરૂર જ ના પડી..!

ગાંધીનગર

ગુજરાત અને આંદોલનનો ઈતિહાસ બહુ જૂનો છે, પણ આ ઈતિહાસમાં એક નવો અધ્યાય ઉમેરાયો છે જે અત્યંત શરમજનક અને લાચાર કરનારો છે. આજે જે રીતે ગુજરાતના ખેડૂતો રસ્તા પર ઉતર્યા, તેમનો આક્રોશ જોઈને લાગતું હતું કે આ વખતે કંઈક મોટું થશે. ખેડૂતો અઠવાડિયા સુધી આરપારની લડાઈ લડી લેવાના મૂડમાં આવ્યા હતા. પણ અફસોસ, સાંજ પડતાં પડતાં એ જ થયું જેની વર્ષોથી અપેક્ષા હતી–આંદોલનમાં ફાંટા પડ્યા, નેતાઓ અંદરોઅંદર લડ્યા અને આખું આંદોલન રાજનીતિના રંગમાં રંગાઈને વિખેરાઈ ગયું. આ આંદોલનમાં મુખ્ય વિપક્ષ તરીકે કોંગ્રેસે જે મોટાભાઈની ભૂમિકા ભજવવાની જરૂર હતી, તેમાં ઘોર ઉણપ જોવા મળી છે. જ્યાં માત્ર અને માત્ર જગતના તાતના પ્રશ્નોની, ખેડૂતોના હકની વાત કરવાની હતી, ત્યાં કોંગ્રેસના અન્ય નેતાઓ જાણે તૈયાર ભાણે બેસવા આવી ગયા હોય તેવો ઘાટ સર્જાયો. લાલજી દેસાઈ અને પાલ આંબલિયા વચ્ચેની નિવેદનબાજીએ એક મોટા થઈ શકતા આંદોલનનો ગળેટૂંપો આપી દીધો. મોટા નેતા બનવાની લ્હાયમાં અને ક્રેડિટ લેવાની હોડમાં બધા જ નેતાઓ નીચે ગગડી પડ્યા. નવાઈની વાત એ છે કે, ભૂતકાળના આંદોલનોને કચડવામાં જે સરકાર માસ્ટર ગણાય છે, તે ભાજપ સરકારને આ વખતે આંદોલન તોડવા માટે પોતાની શક્તિ વાપરવાની જરૂર જ ના પડી! વિપક્ષ અને આંદોલનકારીઓએ પોતે જ અંદરોઅંદર લડીને આખું મેદાન સાફ કરી આપ્યું. બીજી તરફ, ખેડૂતોના હલ્લાબોલમાં આમ આદમી પાર્ટીના નેતાઓ ક્યાંય દેખાયા નહીં. કોંગ્રેસ અને આપ બંને પક્ષો પાસેથી જે રાજકીય પરિપક્વતાની અપેક્ષા હતી, તે ક્યાંય જોવા ન મળી. આ લડાઈ ખેડૂતોની ન રહી, પણ 'કોણ ખેડૂત નેતા બની જશે અને કોણ હિરો સાબિત થશે' એની બની ગઈ. આ અહમની લડાઈમાં ખેડૂતોના મૂળ મુદ્દાઓ સ્વાહા થઈ ગયા. ગુજરાતના વિપક્ષની વાસ્તવિકતા એ છે કે જ્યાં સુધી કોંગ્રેસ અને આપ એક મંચ પર સાથે નહીં બેસે, ત્યાં સુધી બંને માત્ર નંબર-૨ની ખુરશી માટે અંદરોઅંદર લડતા રહેશે અને શાસક પક્ષ મજા લેતો રહેશે. પાલ આંબલિયાની જમીની મહેનતને સલામ કરવી ઘટે, તેઓ સાચા માણસ છે. પણ જ્યારે આંદોલન તૂટ્યા પછી તેમની આંખો ભીની થાય અને તેઓ નિરાશ થઈને એમ કહે કે 'મારે હવે ખેડૂતોની લડાઈ નથી લડવી', ત્યારે ગુજરાતના ખેડૂતોએ પણ આત્મમંથન કરવું પડશે. તમારા માટે જે નેતાઓ પોતાનું લોહી પાણી કરે છે, તેમના પ્રત્યે થોડી તો સંવેદના રાખવી પડશે. આજે ખેડૂતોને રાજુ કરપડા પર કરેલો ભરોસો પણ યાદ આવી રહ્યો છે, જેમનો સાથ પણ છેવટે આ જ રીતે છૂટી ગયો હતો. ગુજરાતના કિસાન સંગઠનો અને નેતાઓએ પંજાબના કિસાનો પાસેથી થોડું તો શીખવું જોઈએ. ત્યાં વિચારધારાઓ જુદી હોવા છતાં, જ્યારે ખેડૂતના હકની વાત આવે છે ત્યારે આખું પંજાબ એક થઈને દિલ્હીની ગાદી ધ્રુજાવી દે છે.

# કામરેજમાંથી 'લુટેરી દુલ્હન' ટોળકીના બે સાગરીતો ઝડપાયા

લગ્નના નામે 1.51 લાખ પડાવી દુલ્હનને ભગાડી ગયા હતા!

કામરેજ/સુરત

સુરત ગ્રામ્ય વિસ્તારમાં લગ્નના નામે છેતરપિંડી આચરતી 'લુટેરી દુલ્હન' ટોળકીનો સુરત જિલ્લા એસઓજી (SOG) પોલીસે પર્દાફાશ કર્યો છે. કામરેજના મામદેવ ચોક નજીકથી પોલીસે આ ટોળકીના બે સક્રિય સભ્યોને દબોચી લીધા છે. ભોગ બનનાર યુવક સાથે યુવતીના લગ્ન કરાવી, સવા લાખથી વધુની રકમ પડાવીને આ ટોળકી નવવધૂને લઈને રફુચક્કર થઈ ગઈ હતી. જોકે, આખરે પાપનો ઘડો ભરાતા બંને ઠગ પોલીસના સિકંજામાં આવી ગયા છે.

પોલીસે આ ગુનામાં સંડોવાયેલા મુખ્ય સૂત્રધાર દિલસુખ પીપળીયા અને મુકેશ ચાવડાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ લુચ્ચી ટોળકીની મોડસ ઓપરેન્ડી જાણીને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. ઘટનાની વિગત એવી છે કે, આ ટોળકીએ એક યુવકને લગ્નની લાલચ આપીને જાળમાં ફસાવ્યો હતો. લગ્ન નક્કી કરાવવાના અને વિધિના નામે યુવક પાસેથી રોકડા રૂપિયા ૧,૫૧,૦૦૦ (૧.૫૧ લાખ) પડાવી લીધા હતા.

રૂપિયા લીધા બાદ ધામધૂમથી લગ્ન પણ કરાવી દેવામાં આવ્યા હતા. પરંતુ ખરો ખેલ લગ્ન પૂરા થતાની સાથે જ શરૂ થયો હતો. લગ્ન મંડપમાંથી ઊભા થતાં જ આ ટોળકીએ એક નવું નાટક રચ્યું હતું. તેમણે વરરાજા અને તેના પરિવારને જણાવ્યું કે, 'યુવતીના પિતરાઈ ભાઈનું અચાનક અવસાન થયું છે, એટલે અમારે તાત્કાલિક જવું પડશે.' આ બહાનું હેઠળ તેઓ નવપરિણીત યુવતીને પોતાની સાથે લઈને નીકળી ગયા હતા.

દિવસો વીતવા છતાં પણ જ્યારે યુવતી સાસરીમાં પરત ન આવી અને ટોળકીના સભ્યોએ ફોન બંધ કરી દીધા, ત્યારે ભોગ બનનાર વરરાજા અને પરિવારને પોતાની સાથે મોટી છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો.

જૂથબંધી સામે ભગા બારડ લાલઘૂમ!

# ગીર સોમનાથ ભાજપમાં મોટો ભડાકો : "મને કહેશો તો હું ધારાસભ્ય પદેથી અત્યારે જ રાજીનામું ધરી દઈશ"

વેરાવળ/ગીર સોમનાથ

ગીર સોમનાથના રાજકારણમાંથી આ વક્તના સૌથી મોટા અને સળગતા સમાચાર સામે આવી રહ્યા છે. ભાજપના દિગ્ગજ નેતા અને તાલાલાના ધારાસભ્ય ભગાભાઈ બારડે પક્ષની અંદર ચાલતી ભયંકર જૂથબંધી સામે ખુલ્લો મોરચો માંડી દીધો છે. આંતરિક વિખવાદ અને ખટપટોથી કંટાળેલા ભગા બારડે હાર સ્વીકારવાને બદલે સિંહની જેમ ગર્જના કરીને સાફ શબ્દોમાં કહી દીધું છે કે, 'મને કહેશો તો હું ધારાસભ્ય પદેથી અત્યારે જ રાજીનામું ધરી દઈશ!'



આ નિવેદન આવતાની સાથે જ સમગ્ર ગુજરાતના રાજકીય આલમમાં ભૂકંપ આવી ગયો છે અને ભાજપ સંગઠનના પાયા હચમચી ગયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી ગીર સોમનાથ જિલ્લા ભાજપમાં અંદરોઅંદર જૂથબંધી ચરમસીમાએ પહોંચી હતી. ભગા બારડ અને તેમના સમર્થકોને ટાર્ગેટ કરવા માટે પડદા પાછળ ખેલ ખેલાઈ રહ્યા હોવાની ચર્ચા હતી. આ આંતરિક રાજકારણ અને ખેંચતાણ સામે આખરે ભગા બારડનો પિત્તો છટક્યો છે. તેમણે કોઈ પણ જાતનો ડર રાખ્યા વગર હાઈકમાન્ડ અને વિરોધી જૂથને ખુલ્લો પડકાર ફેંકી દીધો છે. 'જો પક્ષમાં મારા કામની કદર ન હોય અને આવી જ જૂથબંધી ચાલવાની હોય, તો મને પદની કોઈ લાલચ નથી. મને કહેશો તો હું અત્યારે ને અત્યારે મારું રાજીનામું આપી દેવા તૈયાર છું!' – ભગા બારડ (ધારાસભ્ય, તાલાલા)

ભગા બારડ ગીર સોમનાથના લોકપ્રિય અને મજબૂત નેતા ગણાય છે. તેમનો આ આક્રોશ દર્શાવે છે કે પાણી હવે માથા પરથી પસાર થઈ ચૂક્યું છે. વિરોધીઓ સ્તબ્ધ: ભગા બારડના આ 'રાજીનામા કાર્ડ' ફેંકવાથી વિરોધી જૂથ બેકફૂટ પર આવી ગયું છે. હાઈકમાન્ડ એક્શનમાં: આટલા કદાવર નેતા જો જાહેરમાં રાજીનામાની વાત કરે, તો પક્ષની આબરૂના ધજાગરા ઉડે. આથી ગાંધીનગર કમલમ ખાતે પણ દોડધામ મચી ગઈ છે અને મામલો થાળે પાડવા કવાયત શરૂ થઈ છે.

# સુરત SBI બેંક લૂંટ કેસમાં ધમાકેદાર ખુલાસો માસ્ટરમાઈન્ડનો ખાસ સાગરીતથી ઝડપાયો..!

લૂંટના લોહી-પરસેવાના પૈસે આરોપી રોહિત હરિદ્વાર, ઋષિકેશ અને કેદારનાથની જાત્રાએ ઉપડી ગયો હતો!

સુરત

સુરતમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ની શાખામાં થયેલી સનસનાટીભરી લૂંટના કેસમાં સુરત ક્રાઈમ બ્રાન્ચે વધુ એક મોટી સફળતા મેળવી છે. પોલીસની ટીમે આ હાઈપ્રોફાઈલ લૂંટ કેસના મુખ્ય સૂત્રધાર એલેક્સના રાઈટ હેન્ડ ગણાતા રોહિત નામના સાગરીતને બિહારથી દબોચી લીધો છે. પકડાયેલા આરોપીની પૂછપરછમાં જે ચોંકાવનારા ખુલાસા થયા છે તે સાંભળીને પોલીસ પણ માથું ખંજવાળતી થઈ ગઈ છે. બેંક લૂંટ્યા બાદ આરોપી રોહિત પાપ ધોવા માટે કે શું, સીધો હરિદ્વાર, ઋષિકેશ અને બાબા કેદારનાથના દર્શને ઉપડી ગયો હતો!

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આ લૂંટ કોઈ આકસ્મિક ઘટના નહોતી, પણ તેની પાછળ એક પદ્ધતિસરનું અને પાવરફુલ પ્લાનિંગ હતું. માસ્ટરમાઈન્ડ એલેક્સ અને તેના સાગરીત રોહિતે હજીરા વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ની આ બ્રાન્ચને ટાર્ગેટ કરતા પહેલા સતત ત્રણ દિવસ સુધી ત્યાં આસપાસ ચક્કર માર્યા હતા. બેંકમાં ક્યારે ભીડ ઓછી હોય છે, સિક્યોરિટીની શું વ્યવસ્થા છે અને લૂંટ કર્યા પછી કયા રસ્તેથી ભાગવું સરળ રહેશે, આ તમામ બાબતોની તેમણે ઝીણવટભરી રેકી કરી હતી. આ લૂંટ કેસનો સૌથી રસપ્રદ અને ચોંકાવનારો વળાંક એ છે કે, સુરતમાં કરોડો-લાખોની લૂંટ ચલાવ્યા પછી રોહિત ક્યાંય છુપાઈ જવાને બદલે સીધો ફરવા નીકળી ગયો હતો. લૂંટના હિસ્સામાં આવેલા કાળા ધોળા રૂપિયા લઈને રોહિત ઉત્તરાખંડના ધાર્મિક સ્થળોએ જલસા કરી રહ્યો હતો. તે હરિદ્વાર અને ઋષિકેશમાં ફર્યો અને ત્યાંથી તે છેક બાબા કેદારનાથના દર્શન કરવા પણ પહોંચી ગયો હતો. જાણે પાપના પૈસાથી તે પુણ્ય કમાવવા નીકળ્યો હોય તેમ તે ધાર્મિક સ્થળોએ મોજમસ્તી કરી રહ્યો હતો. બિહારથી સુરત પોલીસની ટીમે દબોચ્યો સુરત ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે આરોપીનું લોકેશન ટ્રેસ કર્યું હતું.

# સુરતના પોશ વિસ્તાર સિટી લાઈટમાં યુવકનું રહસ્યમય મોત : ફરિયાદ નોંધાવવા માટે ઉમરા પોલીસ મથક બહાર ભારે હોબાળો

યુવકના રહસ્યમય મોત પાછળ કોઈ મોટી સાજીશ અથવા કોઈની સંડોવણી હોવાની આશંકા સેવાઈ રહી છે, પરિવારનો આરોપ છે કે આ સામાન્ય મોત નથી, પરંતુ તેની પાછળ ઊંડી તપાસ થવી જરૂરી છે

સુરત

સુરતના અત્યંત પોશ અને ધનાઢ્ય ગણાતા સિટી લાઈટ વિસ્તારમાંથી એક સળગતો અને ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક આશાસ્પદ યુવકનું રહસ્યમય સંજોગોમાં મોત નિપજતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટના બાદ મૃતક યુવકના ન્યાય માટે અને જવાબદારો સામે કાયદેસરની ફરિયાદ દાખલ કરાવવા માટે ઉમરા પોલીસ મથક બહાર સ્થાનિકો અને પરિવારજનોએ ભારે હોબાળો મચાવ્યો હતો.

યુવકના રહસ્યમય મોત પાછળ કોઈ મોટી સાજીશ અથવા કોઈની સંડોવણી હોવાની આશંકા સેવાઈ રહી છે. પરિવારનો આરોપ છે કે આ સામાન્ય મોત નથી, પરંતુ તેની પાછળ ઊંડી તપાસ થવી જરૂરી છે. જ્યારે પરિવારજનો આ મામલે કાયદેસરની ફરિયાદ નોંધાવવા ઉમરા પોલીસ મથકે પહોંચ્યા, ત્યારે પોલીસ દ્વારા યોગ્ય સહકાર ન મળતાં અથવા વિલંબ થતાં લોકોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો હતો. મોટી સંખ્યામાં એકઠા થયેલા લોકોએ પોલીસ સ્ટેશનની બહાર જ સૂત્રોચ્ચાર કરીને ન્યાયની માંગ સાથે હોબાળો શરૂ કરી દીધો હતો.

મૃતકના પરિવારજનો અને સંબંધીઓનો સીધો આક્ષેપ છે કે આટલી ગંભીર ઘટના બની હોવા છતાં પોલીસ તંત્ર દ્વારા શરૂઆતમાં ઢીલી નીતિ અપનાવવામાં આવી રહી છે. જો સિટી લાઈટ જેવા હાઈ-પ્રોફાઈલ વિસ્તારમાં પણ કોઈ યુવકનું આ રીતે રહસ્યમય મોત થતું હોય અને તેના પરિવારને ફરિયાદ નોંધાવવા માટે પોલીસ મથક બહાર હોબાળો કરવો પડતો હોય, તો સામાન્ય વિસ્તારના લોકોની સુરક્ષાનું શું? સ્થાનિકોમાં ચર્ચા છે કે આ મામલાને દબાવવા માટે પડદા પાછળ કોઈ મોટા માથાઓ સક્રિય તો નથી ને?

પાક્કો ગુજરાત ન્યૂઝના સળગતા સવાલો:

આ ગંભીર ઘટના અને પોલીસ મથકે થયેલા હોબાળા બાદ 'પાક્કો ગુજરાત ન્યૂઝ' સુરત પોલીસ તંત્રને કેટલાક આકરા સવાલો પૂછી રહ્યું છે:

૧. સિટી લાઈટ જેવા પોશ વિસ્તારમાં યુવકના રહસ્યમય મોતનું અસલી રહસ્ય શું છે?

૨. એક આશાસ્પદ યુવકનો જીવ ચાલ્યો ગયો હોવા છતાં ફરિયાદ નોંધવામાં વિલંબ કેમ કરવામાં આવી રહ્યો છે?

૩. શું આ રહસ્યમય મોત પાછળ કોઈ વગદાર વ્યક્તિઓ હાથ છે, જેના કારણે પોલીસ તપાસ લંબાઈ રહી છે?

# સાયબર ક્રાઇમ એલર્ટ: સ્ક્રીન શેરિંગની એક ભૂલ અને રૂ.8.41 લાખ સાફ

સિદ્ધપુર

સિદ્ધપુરમાં મુંબઈના આર્કિટેક્ટ સાથે રૂ. ૧૭૯ના વીજળી બિલ અપડેટના બહાને મોટી ઠગાઈ થઈ છે. આ મામલે પોલીસે ઝીરો નંબરથી એફઆઈઆર નોંધી તપાસ શરૂ કરી છે. સિદ્ધપુરમાં કામ અર્થે આવેલા મુંબઈના ૬૩ વર્ષીય સિનિયર આર્કિટેક્ટ શબ્બીર તાહેર ઉમરેઠવાલા સાયબર માફિયાઓનો ભોગ બન્યા છે. ઠગોએ વીડિયો કોલ પર સ્ક્રીન શેરિંગ કરાવીને તેમના બેંક ખાતામાંથી પાંચ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂ. ૮,૪૧,૨૯૩ની રકમ સેરવી લીધી છે. ઘટનાની વિગત મુજબ, શબ્બીરભાઈ અમદાવાદ થઈને સિદ્ધપુર આવ્યા હતા. સવારે તેમને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો કે, તમારું ટાટા પાવરનું વીજળી બિલ અપડેટ નથી, તરત પ્રોસેસ નહીં કરો તો પાવર કટ થઈ જશે. ઠગે વિશ્વાસમાં લઈ પહેલાં રૂ. ૧૭૯નું ઓનલાઈન બિલ ભરાવ્યું હતું. ત્યારબાદ પેમેન્ટ અપડેટ કરવાના બહાને વીડિયો કોલ કરી મોબાઈલની સ્ક્રીન શેર કરાવી હતી. કોટક મહિન્દ્રા બેંકની એપ્લિકેશન ખોલાવી ઠગોએ આર્કિટેક્ટ પાસે તેમનો સિક્રેટ એમપિન નંખાવ્યો હતો. સ્ક્રીન શેરિંગ ચાલુ હોવાથી ઠગોએ એમપિન જોઈ લીધો અને પળવારમાં આખો મોબાઈલ હેક કરી લીધો હતો.

# પૂર્વ ક્રિકેટર અને સાંસદ યુસુફ પઠાણને હાઈકોર્ટનો મોટો ઝટકો : જમીનનો કબ્જો સોંપી દેવા 4 સપ્તાહનો સમય આપ્યો

VMC દ્વારા જમીનનો કબ્જો મેળવવા માટે આપવામાં આવેલી નોટિસ સામે યુસુફ પઠાણે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા

વડોદરા

પૂર્વ ભારતીય ક્રિકેટર અને તૃણમૂલ કોંગ્રેસના સાંસદ યુસુફ પઠાણને ગુજરાત હાઈકોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. વડોદરા મહાનગરપાલિકા (VMC) દ્વારા જમીનનો કબ્જો મેળવવા માટે આપવામાં આવેલી નોટિસ સામે યુસુફ પઠાણે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. જોકે, હાઈકોર્ટે તેમની અરજી ફગાવી દઈને વિવાદિત જમીનનો કબ્જો વડોદરા કોર્પોરેશનને સોંપી દેવા માટે 4 સપ્તાહનો સમય આપ્યો છે.

આ વિવાદ વડોદરાના તાંદલજા વિસ્તારમાં આવેલી કરોડો રૂપિયાની કિંમતી ટીપી સ્કીમની જમીન સાથે જોડાયેલો છે. વડોદરા કોર્પોરેશને યુસુફ પઠાણ પર આ સરકારી જમીન પર કથિત રીતે ગેરકાયદેસર કબ્જો જમાવવાનો અને ત્યાં દીવાલ ચણી લેવાનો આક્ષેપ કર્યો હતો. વડોદરા પાલિકાએ આ અંગે યુસુફ પઠાણને



નોટિસ ફટકારીને જમીન ખાલી કરવા આદેશ આપ્યો હતો, જેની સામે પૂર્વ ક્રિકેટરે હાઈકોર્ટમાં સ્ટે મેળવવા માટે કાનૂની લડત શરૂ કરી હતી.

હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન કોર્પોરેશન તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે આ જમીન સરકારી છે અને તેના પર કોઈ ખાનગી વ્યક્તિ કબ્જો રાખી શકે નહીં. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ, હાઈકોર્ટે યુસુફ પઠાણને કોઈ પણ પ્રકારની વચગાળાની રાહત આપવાનો ઈનકાર કરી દીધો છે. અદાલતે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે પૂર્વ ક્રિકેટરે આગામી 4 અઠવાડિયાની અંદર આ જમીનનો કબ્જો સત્તાવાળાઓને સોંપી દેવો પડશે.


આ ચુકાદાને પગલે વડોદરા રાજકારણ અને ખેલ જગતમાં ભારે ચર્ચા જાગી છે. લોકસભા ચૂંટણીમાં પશ્ચિમ બંગાળની બહરામપુર બેઠક પરથી સાંસદ બનેલા યુસુફ પઠાણ માટે પોતાના હોમ ટાઉન વડોદરામાં આ કાનૂની આંચકો ખૂબ મોટો માનવામાં આવી રહ્યો છે. હવે જોવાનું એ રહેશે કે યુસુફ પઠાણ આ મામલે સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવે છે કે પછી નિયત સમય મર્યાદામાં જમીનનો કબ્જો કોર્પોરેશનને સોંપી દે છે.

## તંત્રી લેખ...

## કાયર પ્રજા અને લાચાર લડવૈયા: 'આમાં મારું શું?' અને 'મારે શું?'ની નપુંસક માનસિકતા જ ક્રાંતિની કબર ખોદે છે!

આજે કોઈ મસાલેદાર સમાચાર નથી આપવા, આજે કોઈ કૌભાંડનો પર્દાફાશ પણ નથી કરવો. આજે વાત કરવી છે આ દેશની, આ રાજ્યની અને આપણી આસપાસ જીવતી સડેલી માનસિકતાની. લોકશાહીના ચોથા સ્તંભ તરીકે ઓળખાતા પત્રકારત્વના મંચ પરથી આજે એક સળગતો સવાલ પૂછવો છે: તમે કોના માટે અવાજ બુલંદ કરો છો? કોના હક માટે તમે સત્તાધીશો અને માફિયાઓ સામે દુશ્મની વહોરી રહ્યા છો?

એક કડવું અને નગ્ન સત્ય સ્વીકારી લો–સાવ નમાલી, સ્વાર્થી અને



બિકણ પ્રજા માટે પોતાની શક્તિ, સમય કે લોહીનો એક કતરો પણ વેડફાય નહીં! જે પ્રજા અંદરથી મરી ચૂકી છે, તેનામાં જીવ પૂરવાનો પ્રયાસ કરવો એ પથ્થર પર પાણી રેડવા બરાબર છે.

'આમાં મારું શું?' અને 'મારે શું?' – સમાજને લાગેલો કેન્સર જેવો રોગ

આપણી આસપાસ રોજ સેંકડો અન્યાય થાય છે. ક્યાંક કોઈ ગરીબ કચડાય છે, ક્યાંક કાયદાના ધજાગરા ઉડે છે, તો ક્યાંક ભ્રષ્ટાચાર ખુલ્લેઆમ નગ્ન નાચ કરે છે. આ બધું જોઈને સામાન્ય માણસ શું કરે છે? એ પોતાના ઘરની બારી બંધ કરી દે છે અને મનોમન બે વાક્યો બોલે છે:

'જો આમાં મારું કશું જતું નથી, તો આમાં મારે શું? અને જો હું આમાં વચ્ચે પડીશ, તો આમાં મારું શું ફાયદો?'

આ બે વાક્યો કોઈ સામાન્ય શબ્દો નથી, આ આખા સમાજના કફનની ખીલીઓ છે. આ જ એ ઘાતક માનસિકતા છે જે સમાજ માટે લડનારા સાચા લડવૈયાઓ, સાચા પત્રકારો અને ક્રાંતિકારીઓને પોતાના હથિયાર હેઠાં મૂકવા માટે મજબૂર કરે છે. જ્યારે લડનાર વ્યક્તિ જુએ છે કે પોતે જેના માટે જેલ જવા કે જીવ ગુમાવવા તૈયાર છે, એ પ્રજા પાછળ ઊભા રહીને માત્ર તમાશો જોઈ રહી છે અને પોતાના મોબાઈલમાં વીડિયો ઉતારી રહી છે, ત્યારે એ લડવૈયાની હિંમત તૂટી જાય છે. કાયર પ્રજા હંમેશાં શહીદોના લોહી પર પોતાના સ્વાર્થની રોટલી શેકવા ટેવાયેલી છે.

પ્રજાની ગણતરી: 'લડવૈયાઓ પણ છેવટે તો લળી પડવાના છે!'

આજની આ સ્વાર્થી પ્રજા પણ બહુ શાણી થઈ ગઈ છે. એ મનોમન ગણતરી માંડીને બેઠી છે કે ગમે તેટલો મોટો, પ્રમાણિક કે નીડર લડવૈયો કેમ ન હોય, એ લડી લડીને છેવટે તો ક્યાંક ને ક્યાંક લળી જ પડવાનો છે! કાં તો એ સત્તાના અતિશય દબાણ સામે નમી જશે, કાં તો આ ભ્રષ્ટ વ્યવસ્થા તેને જીવતી ગળી જશે, અને કાં તો કોઈ મોટી લાલચ તેની કટોરીમાં નાખીને તેને ખરીદી લેવામાં આવશે. પ્રજા વિચારે છે કે જ્યારે લડનારે પણ છેવટે હારવાનું કે વેચાવવાનું જ છે, તો પછી આપણે શું કામ સિસ્ટમ સાથે વેર બાંધવું? આ નકારાત્મકતા અને આ કાયરતા એટલી હદે વણાઈ ગઈ છે કે હવે સમાજમાં કોઈ નવો ભગતસિંહ પેદા થવા જ નથી માંગતો. જો ભગતસિંહ જોઈએ છે, તો પાડોશીના ઘરમાં, પોતાના ઘરમાં તો બિકણ અને સ્વાર્થી સંતાનો જ ખપે છે!

લોકશાહીનો માત્ર સ્વાંગ: મુદ્દા અને આંદોલનો માત્ર સરકસ!

ખેર, મુદ્દાઓ ઉઠતા રહેશે, રોડ પર થોડા આંદોલનો થતા રહેશે અને નાની-મોટી લડતો પણ લડાતી રહેશે. પણ આ બધું શાના માટે છે? શું ખરેખર કશું બદલાવવાનું છે? ના! આ બધું તો માત્ર એટલા માટે ચાલતું રહેવું જોઈએ જેથી દુનિયાને અને વિદેશોને એવું લાગે કે ભારતમાં હજુ પણ 'લોકશાહી' જેવું કંઈક જીવતું છે. આ માત્ર લોકશાહીનું નાટક છે, જેનું સ્ટેજ સત્તાધીશો સંભાળે છે અને પ્રજા પ્રેક્ષક બનીને તાળીઓ પાડે છે. બાકી અંદરખાને તો અસલી ખેલ જુદો જ છે. સત્તાધીશો, વગદારો, ઉદ્યોગપતિઓ અને ભૂમાફિયાઓ પાસે કચડાયેલા ગરીબો અને મધ્યમ વર્ગને વધુ કચડવા માટેના અનેક આધુનિક અને પ્રચલિત હથિયારો તૈયાર જ પડ્યા છે. કાયદાની આંટીઘૂંટીઓ, પોલીસનો ડંડો, સીબીઆઈ-ઈડીના ડરથી લઈને આર્થિક રીતે બરબાદ કરી નાખવા સુધીના હથિયારો એટલા પાવરફુલ છે કે સામાન્ય માણસનો અવાજ ગળેટૂંપો ખાઈને મરી જાય છે.

'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો આખરી અને સણસણતો સંદેશ:

જો આ દેશની પ્રજા પોતે જ ઘેટાં-બકરાં બનીને જીવવા માંગતી હોય અને કસાઈની સામે લાઈનમાં ઊભા રહેવામાં જ પોતાની ભલાઈ સમજતી હોય, તો કોઈ પણ સિંહ જેવા લડવૈયાએ તેમના માટે શિકાર કરવાની કે પોતાનો જીવ જોખમમાં મૂકવાની કોઈ જરૂર નથી. અવાજ એના માટે બુલંદ કરાય જેનામાં લોહી ઉકળતું હોય, જે ઊભો થઈને કહી શકે કે 'હું તારી સાથે છું'. જે કાયરોની ભીડ પોતાના હક માટે આંગળી ઊંચી નથી કરી શકતી, તેના માટે સળગતી મશાલ બનવાનો કોઈ અર્થ નથી. જો જાગવું હોય તો જાગો અને લડતા શીખો, નહીંતર કચડાવા માટે તૈયાર રહો. કારણ કે આ 'પાક્કો ગુજરાત ન્યૂઝ' છે, જે સત્તાની સામે તો સવાલ પૂછે જ છે, પણ પ્રજાની નપુંસકતા પર પણ તેટલો જ આકરો પ્રહાર કરે છે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

## સરકાર પાસે એવા હેતુઓ છે જે લોકોને ઉત્સાહ અને આશા પૂરી કરી શકે એમ છે

મે, ૨૦૨૬ના અંતે આર્થિક સ્થિતિ એકદમ નિરાશાજનક જોવા મળી છે. જૂનના પ્રારંભમાં સરકારી પ્રવૃત્તિઓમાં ગતિ આવી છે. વિદેશી રોકાણકારોને રોકાણ માટે ૧૫ વર્ષ, ૩૦ વર્ષ અને ૪૦ વર્ષના નવા સરકારી બોન્ડસને આવરી લેવા ફૂલ્લી એકસેસિબલ રુટને વિસ્તારવાની રિઝર્વે બેન્કે જાહેરાત કરી હતી. આ ઉપરાંત, વિદેશી સંસ્થાકીય રોકાણકારો પરની કેટલીક મર્યાદાઓ તથા અંકૂશો પણ દૂર કરાયા છે. સાથોસાથ સરકારે પણ વિદેશી રોકાણકારોને બોન્ડસના વેચાણ પર વિથહોલ્ડિંગ ટેકસ (૨૦ ટકા) અને લોન્ગ ટર્મ કેપિટલ ગેઈન ટેકસ (૧૨.૫૦ ટકા)માંથી મુક્તિ આપવાની જાહેરાત કરી છે. હેજિંગ ખર્ચ ભોગવ્યા વગર એફસીએનઆર(બી) થાપણો આકર્ષવા રિઝર્વ બેન્કે બેન્કોને મંજુરી આપી છે. આ અજમાવાયેલા અને ચકાસાયેલા પગલાં છે. આ પગલાંને કારણે ૩૦-૪૦ અબજ ડોલરનો ઈન્ફલો થવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. રૂપિયામાં ઘસારો કદાચ અટકાવી શકાશે. રૂપિયામાં તાજેતરની નબળાઈ વડા પ્રધાન માટે રાજકીય મુદ્દો બની ગયો હતો કારણ કે, ૨૦૧૪માં તેમણે રૂપિયાના વિનિમય દરને ૪૦ સુધી નિયંત્રિત રાખવાની ખાતરી આપી હતી. અન્ય કોઈ વિકલ્પ નથી જોખમો રહેલા છે. આપણે હવે જોખમોથી ભાગવાની જરૂર નથી કારણ કે સરકાર તથા રિઝર્વ બેન્ક પાસે અન્ય કોઈ વિકલ્પો નથી. કંઈ ન કરવામાં જોખમો વધારે હતા. જ્યારથી ટ્રમ્પે ટેરિફ લાગુ કર્યા હતા, ઈઝરાયલ-ઈરાનનું યુદ્ધ ચાલુ થયું હતું, ક્રુડ તેલના આંચકા લાગ્યા હતા અને પૂરવઠા સાંકળ ખોરવાઈ ગઈ હતી ત્યારથી સરકાર અનેક મહિનાઓ સુધી કંઈ સ્વીકારવા તૈયાર નહોતી. વિદેશી રોકાણકારો ભારતમાં રોકાણ કરવાથી દૂર જઈ રહ્યા છે. આંકડાઓના રૂપમાં પરિણામો જોવા મળ્યા હતા છતાં સરકાર ઊંઘમાંથી જાગી નહોતી. * ચાલુ ખાતાની ખાધ દર મહિને વધી રહી હતી અને નાણાં વર્ષ ૨૦૨૫-૨૬માં આ આંક ૨૫ અબજ ડોલર રહ્યાનો અંદાજ છે. આ ઉપરાંત, ૩૩૩ અબજ ડોલરની વેપાર ખાધે ચિંતા વધારી દીધી છે અને સોનાનું આયાત બિલ ૭૨ અબજ ડોલર પહોંચ્યાનો અંદાજ છે. આપણે જાણીએ છીએ કે જોડા કયાં ડંખ મારે છે. * નેટ એફડીઆઈ ૬.૯૦ અબજ ડોલર જેટલું સામાન્ય રહ્યું છે, જે ભારતના અર્થતંત્ર તથા શેરબજારમાં વિદેશી રોકાણકારોને વિશ્વાસનો અભાવ હોવાનું સચૂવે છે. નાણાં વર્ષ ૨૦૨૫-૨૬ના મોટાભાગના મહિનાઓમાં વિદેશી રોકાણકારો નેટ વેચવાલ રહ્યા હતા. માર્ચ, ૨૦૨૬માં આ આંક રૂપિયા ૧,૧૭,૭૭૫ કરોડ પહોંચી ગયો હતો. * ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ફોર્મેશન ૨૦૨૨-૨૩થી ૩૨.૩૦ ટકા પર અટકેલું છે. ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ફોર્મેશન થોડેઘણે અંશે સરકારી ક્ષેત્ર, હાઉસહોલ્ડ ક્ષેત્ર (રિઅલ એસ્ટેટ તથા બાંધકામ) અને ખાનગી ક્ષેત્ર વચ્ચે સમાન રીતે વહેચાયેલું છે. અનેક સમજાવટો તથા પ્રોત્સાહનો છતાં ખાનગી ક્ષેત્ર ઈન્વેસ્ટમેન્ટ કરવા ઉત્સાહી નથી ખાસ કરીને મેન્યુફેકચરિંગમાં. એનડીએના શાસન હેઠળ જીવીએમાં મેન્યુફેકચરિંગનો હિસ્સો અનેક વર્ષોથી ૧૭ ટકા પર અટકેલો છે. સ્થિતિસ્થાપક નહીં પરંતુ નાજૂક રિઝર્વ બેન્કના મન્થલી બુલેટિન્સ તથા નાણાં મંત્રાલયની સમીક્ષાઓથી આત્મસંતોષ થયો હતો. અનેક અર્થશાસ્ત્રીઓએ નોંધ કરી હતી કે બન્નેના રિપોર્ટસ વધુ પડતા આશાસ્પદ હતા અને ખરી સ્થિતિ અને શકય જોખમો તેમાં છૂપાવાયા હતા. સરકારી પ્રવકતા દ્વારા સતત સ્થિતિસ્થાપક શબ્દનો ઉચ્ચાર કરાયો હતો પરંતુ હકીકતમાં નાજૂક સ્થિતિને છૂપાવવા માટે આ શબ્દનો ઉપયોગ કરાઈ રહ્યો હોવાનો નિષ્ણાતો મત ધરાવતા હતા. આ પગલાંઓ બાદ સરકાર અટકી જવાનો કદાચ ઈરાદો રાખતી હશે પરંતુ તે તેની ભૂલ હશે. એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં મુખ્ય આર્થિક સલાહકાર અનંત નાગેશ્વરને સરકારની હાલની યોજનાઓનો ટૂંકમાં ઉલ્લેખ કર્યો હતો. ગોલ્ડ આયાત પર અંકૂશ બાબતે તેમણે સીધો જવાબ આપવાનું ટાળ્યું હતું અને જણાંવ્યુ હતું કે, ગોલ્ડ આયાત પર અંકૂશો લવાશે તેવા કોઈ જ પ્રતિબંધો બાબતે પોતે જાણકાર નહોતા. તેઓ મુખ્ય સલાહકાર છે, તેમનો મત હોઈ શકે અને તેમણે તેમની સલાહ આપી હશે. સ્વાભાવિક જ છે કે, તેઓ જાહેરમાં સંયમ રાખે કારણ કે ૨૦૧૩-૧૪માં જ્યારે તે વેળાની સરકારે સોનાની આયાત પર અંકૂશો મૂકયા હતા ત્યારે નરેન્દ્ર મોદીના શબ્દોથી તેઓ વાકેફ છે (નાણાં પ્રધાન તમારુ મંગળસૂત્ર છીનવી રહ્યા છે). મને ભય છે કે, ગોલ્ડ આયાતના ચક્રમાં કેટલીક રેતી નાખવા સિવાય સરકાર પાસે કોઈ વિકલ્પ નથી. પડકારોને સ્વીકારો સરકારે એ સ્વીકારવું જોઈએ કે ઘરેલુ દેવાબોજ વધી જીડીપીના ૪૧ ટકા પર પહોંચી ગયું છે, ઘરેલુ નાણાંકીય બચતો ઘટી જીડીપીના ૬ ટકાથી નીચે ગઈ છે અને ઉપભોગ ખર્ચ ઘટયો છે (સિવાય કે થોડાઘણા શ્રીમંતોને બાદ કરતા). એમઓએસપીઆઈ તથા પ્રધાનો દ્વારા રજૂ કરાતા સ્વરચિત આંકડાઓને સરકારે માની લેવા ન જોઈએ. તેણે લોકોના હાથમાં નાણાં પૂરવા પાડવા જોઈએ. આમ કરવા માટે કેટલાક માર્ગો છેઃ ફુગાવા પ્રમાણે લઘુત્તમ વેતનમાં વધારો કરવો રહ્યો, ઉપભોગ પર વેરા કપાત, પર્યાવરણને નુકસાન કરતા હોય તેવા જેમ કે ગ્રેટ નિકોબાર કન્ટેનર પોર્ટ-કમ-એરપોર્ટ જેવા પ્રોજેકટસ પડતા મૂકવા જોઈએ, શિક્ષણ લોનનો વ્યાપ વધારવો જોઈએ, એમજીએનઆરઈજીએસ જેવા શ્રમલક્ષી જાહેર કાર્યો પ્રસ્થાપિત કરવા જોઈએ અને પીવાના પાણી, ગ્રામ્ય માર્ગો, ગ્રામ્ય વિકાસ યોજનાઓ અને શહેરી રહેઠાણ માટે ફાળવાયેલા નાણાંનો સંપૂર્ણ ઉપયોગ કરવો રહ્યો.

## 'રણમાં ખીલ્યું ગુલાબ': જીવનની આકરી કસોટીઓ વચ્ચે સ્ત્રીશક્તિ અને સંઘર્ષની અદ્ભુત ગાથા

જ્યારે નસીબ આકરા રણ જેવી કઠોર પરિસ્થિતિઓ સામે લાવીને ઊભું કરી દે, ત્યારે કાં તો માણસ હિંમત હારીને કરમાઈ જાય છે અથવા તો એ જ રણની રેતીને ચીરીને 'ગુલાબ'ની જેમ ખીલી ઉઠે છે. કંઈક આવી જ પ્રેરણાદાયી અને હૃદયસ્પર્શી સંવેદનાઓ જગાવતું પુસ્તક એટલે 'રણમાં ખીલ્યું ગુલાબ'. આ પુસ્તકમાં સંગ્રહિત થયેલી દરેક વાર્તા માત્ર વાંચવા ખાતર નથી, પણ એ જીવન જીવવાની જડીબુટ્ટી છે. આજની નારી માટે આ પુસ્તક એક દીવાદાંડી સમાન સાબિત થઈ રહ્યું છે.

### સમસ્યાઓનો અંત નથી, પણ તેનો ઉકેલ અશક્ય પણ નથી!

આ વાર્તાસંગ્રહની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં આવતી પ્રત્યેક વાર્તા જીવનના વાસ્તવિક સંઘર્ષોની ખૂબ નજીક છે. દરેક મનુષ્ય, ખાસ કરીને આજની સ્ત્રીઓ રોજબરોજના જીવનમાં કૌટુંબિક, સામાજિક કે આર્થિક મોરચે અનેક સમસ્યાઓનો સામનો કરતી હોય છે. 'રણમાં ખીલ્યું ગુલાબ'ની વાર્તાઓ શીખવે છે કે:

મુશ્કેલીઓથી ભાગવું એ ઉકેલ નથી: સમસ્યા ગમે તેટલી વિકરાળ હોય, જો ધીરજ અને આત્મવિશ્વાસ રાખવામાં આવે તો રસ્તાઓ આપોઆપ ખુલી જાય છે.

નકારાત્મકતા વચ્ચે સકારાત્મકતા: રણમાં પાણીની અછત હોવા છતાં ગુલાબ જેમ પોતાની સુંદરતા અને સુવાસ છોડતું નથી, તેમ ગમે તેટલી વિપરીત પરિસ્થિતિઓમાં પણ માણસે પોતાની ભલાઈ અને હિંમત ગુમાવવી જોઈએ નહીં.

### આજની આધુનિક નારી માટે પ્રેરણાનો સ્ત્રોત

આજની નારી મલ્ટીટાસ્કિંગ છે, તે ઘર પણ સંભાળે છે અને કરિયર પણ. પરંતુ આ દોડધામમાં ઘણીવાર તે માનસિક રીતે ભાંગી પડતી હોય છે. 'રણમાં ખીલ્યું ગુલાબ' આજના સમયની સ્ત્રીઓને માનસિક રીતે સક્ષમ બનાવવાનું અદભુત કામ કરે છે.

'સ્ત્રી એ અબળા નથી, પણ શક્તિનું જીવંત સ્વરૂપ છે. જો તે ધારે તો પથ્થરની છાતી ચીરીને પણ પોતાના સપનાનું નંદનવન ઊભું કરી શકે છે.'

પુસ્તકની વાર્તાઓ નારી ચેતનાને ઢંઢોળે છે. તે શીખવે છે કે રૂઢિચુસ્ત રિવાજો, આર્થિક સંકટો કે સંબંધોની કડવાશ વચ્ચે પણ પોતાની જાતને કેવી રીતે સાબિત કરવી. આ વાર્તાઓ વાંચ્યા પછી કોઈ પણ મહિલા નિરાશ થવાને બદલે સિંહણની જેમ બેઠી થઈને પોતાની સમસ્યાઓ સામે લડવા સજ્જ થઈ જાય છે.

### કેમ વાંચવું જોઈએ આ પુસ્તક?

જો તમે જીવનના કોઈ એવા વળાંક પર ઊભા છો જ્યાં તમને ચારેય તરફ અંધકાર દેખાઈ રહ્યો છે, તો 'રણમાં ખીલ્યું ગુલાબ' તમારા માટે એક નવી સવાર લઈને આવશે. આ માત્ર વાર્તાઓ નથી, પરંતુ જીવન વ્યવસ્થાપન (Life Management) ના પાઠ છે. આ પુસ્તક વાચકને અંદરથી મજબૂત બનાવે છે અને શીખવે છે કે પરિસ્થિતિ ગમે તેવી હોય, આપણું ખીલવું અને સુવાસ ફેલાવવી એ આપણા પોતાના હાથમાં છે. દરેક પરિવારે અને ખાસ કરીને દેશની પ્રત્યેક દીકરી અને મહિલાએ આ પુસ્તક એકવાર ચોક્કસ વાંચવું જોઈએ, જેથી જીવનના 'રણ'ને 'બગીચો' બનાવવાની કળા શીખી શકાય.

# એટલાન્ટિક મહાસાગરમાં ગરમી અને ઠંડી બંને વધ્યા, જળપ્રલયનો સંકેત!

**5700 વર્ષ પહેલાં ઉંડા પાણીના તાપમાનમાં અચાનક વધારો થવા લાગ્યો હતો. પાણીના તાપમાનનો આ વધારો સામાન્ય નહોતો. પાણીનું તાપમાન વધી ગયું હતું. તે વધતું વધતું 2500 વર્ષ પહેલાં ચરમસીમાએ ગયું હતું. નવાઈની વાત એ છે કે, આ પહેલાં ક્યારેય એટલાન્ટિક મહાસાગરના પેટાળ ઉપર સંશોધન જ કરવામાં નહોતું આવ્યું : વિશાળ મહાસાગરોમાં ગરમી વહેંચાઈ જાય છે. તેમ છતાં 1970થી 2020ની વચ્ચે ક્લાઈમેટ ચેન્જના કારણે જે ગરમી વધી તેની 90 ટકા ગરમી સૌથી વધારે ગરમી સમુદ્રમાં શોષાઈ ગઈ છે. તેના કારણે આપણા વાયુમંડળને વધારે નુકસાન થયું નથી. વર્તમાન સમયમાં ક્લાઈમેટ ચેન્જની જે સ્થિતિ છે અને ગરમીમાં વધારો થયો છે તે જોતાં લાગી રહ્યું છે કે, હવે સમુદ્ર અને મહાસાગરો પણ આ ગરમીને ખેંચી શકે તેમ નથી : જાણકારો માને છે કે, એટલાન્ટિક મહાસાગરમાં તાપામાનમાં આ રીતે તફાવત આવવો તે ક્લાઈમેટ ટિપિંગ પોઈન્ટ તરફ વધી રહ્યું છે.**

5700 વર્ષ પહેલાં ઉંડા પાણીના તાપમાનમાં અચાનક વધારો થવા લાગ્યો હતો. પાણીના તાપમાનનો આ વધારો સામાન્ય નહોતો. પાણીનું તાપમાન વધી ગયું હતું. તે વધતું વધતું ૨૫૦૦ વર્ષ પહેલાં ચરમસીમાએ ગયું હતું. નવાઈની વાત એ છે કે, આ પહેલાં ક્યારેય એટલાન્ટિક મહાસાગરના પેટાળ ઉપર સંશોધન જ કરવામાં નહોતું આવ્યું : વિશાળ મહાસાગરોમાં ગરમી વહેંચાઈ જાય છે. તેમ છતાં ૧૯૭૦થી ૨૦૨૦ની વચ્ચે ક્લાઈમેટ ચેન્જના કારણે જે ગરમી વધી તેની ૯૦ ટકા ગરમી સૌથી વધારે ગરમી સમુદ્રમાં શોષાઈ ગઈ છે. તેના કારણે આપણા વાયુમંડળને વધારે નુકસાન થયું નથી. વર્તમાન સમયમાં ક્લાઈમેટ ચેન્જની જે સ્થિતિ છે અને ગરમીમાં વધારો થયો છે તે જોતાં લાગી રહ્યું છે કે, હવે સમુદ્ર અને મહાસાગરો પણ આ ગરમીને ખેંચી શકે તેમ નથી : જાણકારો માને છે કે, એટલાન્ટિક મહાસાગરમાં તાપામાનમાં આ રીતે તફાવત આવવો તે ક્લાઈમેટ ટિપિંગ પોઈન્ટ તરફ વધી રહ્યું છે.

દુનિયાભરમાં અત્યારે ભયાનક ગરમી પડી રહી છે. જ્યાં વરસાદ પડવાની શરૂઆત થઈ ગઈ છે ત્યાં પણ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધારે નોંધાઈ રહ્યું છે. આવી વૈશ્વિક સ્થિતિ વચ્ચે સંશોધકો સામે વધુ એક આપત્તીના સંકેત આવી રહ્યા છે. સંશોધકોના મતે એટલાન્ટિક મહાસાગરના પેટાળમાં ગરમીમાં વધારો થઈ રહ્યો છે. આ ગરમી મોટા પ્રમાણમાં વધી છે. નવાઈની વાત એ છે કે, મહાસાગરના પેટાળમાં ગરમી વધે છે. સામાન્ય રીતે મહાસાગરો કે દરિયાની સપાટી ગરમ થતી હોય છે પણ એટલાન્ટિકમાં પેટાળમાં ગરમીમાં વધારો થઈ રહ્યો છે. હકિકતે યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાના પ્રોફેસરે આ સ્થિતિ ઉપર સંશોધન કર્યુ છે. તેમણે જણાવ્યું કે, સમુદ્રના પેટાળમાં ગરમીના કારણો હજી પૂરતા મળ્યા નથી. તેમણે પેટાળમાં નીચે ખોદકામ કરાવીને જમીનનો ટૂકડો કઢાવ્યો હતો. તેના દ્વારા જ અહેવાલ મળ્યો કે પેટાળની સપાટીના તાપમાનમાં વધારો થયેલો છે. આ રેકોર્ડ ૧૧ હજાર વર્ષ બાદ આ ઘટના નોંધાઈ છે. પ્રોફેસરે જણાવ્યું કે, અંદાજે ૫૭૦૦ વર્ષ પહેલાં સમુદ્રની તળેટીમાં પાણીનું તાપમાન એકાએક વધી ગયું હતું. આ તાપમાન જે-તે સમયે વધ્યું હતુ પણ હાલમાં તેની અસર યથાવત છે. હવે સ્થિતિ એવી આવી છે કે, એટલાન્ટિક મહાસાગરની સપાટી સ્થિર અને ઠંડી રહે છે પણ નીચે પેટાળની સપાટી ગરમ રહે છે. આ ગરમી નીચે પેટાળમાં ઉતરીને ત્યાં જ સ્થિર થઈ ગઈ છે. સંશોધકોએ જણાવ્યું કે, કોઈ પણ વૈજ્ઞાનિકો અને સંશોધકોને આ વાતનો અણસાર જ નહોતો. એટલાન્ટિક મહાસાગરની ઉપરની સપાટી ખૂબ જ શાંત અને સ્થિર હોય છે. તેના કારણે સંશોધકો દ્વારા નીચે પેટાળ સુધી તપાસ કરવામાં આવી નહોતી. સંશોધકોની આ ટીમ દ્વારા થોડા સમય પહેલાં પેટાળમાંથી સેડિમેન્ટનું એક સેમ્પલ લેવામાં આવ્યું હતું. પેટાળથી અડધો માઈલ નીચે જઈને આ જમીનનો ટુકડો લેવામાં આવ્યો હતો. આ માટીમાં પ્રાચીન જીવજંતુઓના અવશેષો પણ મળી આવ્યા છે. તેની અંદર રહેલા કેમિકલ રેકોર્ડ પણ સુરક્ષિત છે. જાણકારોના મતે આ કેમિકલ રેકોર્ડ ભૂતકાળના થર્મોમીટર તરીકે કામ કરે છે. તેના દ્વારા જે-તે સમયના પાણીનું તાપમાન નોંધી શકાયું હતું. તેની તપાસ કરવા દરમિયાન ખૂબ જ ચિંતાજનક પરિણામો મળ્યા હતા. જાણકારોના મતે આ માટીની સપાટી જ્યારે ચકાસવામાં આવી ત્યારે સમજાયું કે, ૫૭૦૦ વર્ષ પહેલાં ઉંડા પાણીના તાપમાનમાં અચાનક વધારો થવા લાગ્યો હતો. પાણીના તાપમાનનો આ વધારો સામાન્ય નહોતો. પાણીનું તાપમાન ૯ ડિગ્રી ફેરનહિટ વધી ગયું હતું. તે વધતું વધતું ૨૫૦૦ વર્ષ પહેલાં ચરમસીમાએ ગયું હતું. નવાઈની વાત એ છે કે, આ પહેલાં ક્યારેય એટલાન્ટિક મહાસાગરના પેટાળ ઉપર સંશોધન જ કરવામાં નહોતું આવ્યું. તેની સપાટી સ્થિર અને શાંત હોવાથી કોઈ ઉંડાણમાં ઉતર્યું જ નહોતું. જે-તે સમયે તાપમાન વધ્યું અને પછી ગરમી જમીનમાં ઉતરી ગઈ. તેના કોઈ નિશાન મળ્યા નથી. નવાઈની વાત એ છે કે, આ ગરમી સપાટી ઉપર કોઈપણ અસર કર્યા વગર નીચે કેવી રીતે જતી રહી અને નીચે આટલી ગરમી હોવા છતાં તેની અસર ઉપર કેવી રીતે ન આવી. સંશોધકો માને છે કે, આપણા મહાસાગરો ઊર્જાને સ્ટોર કરવા માટે તેના વિશાળ કદનો જ ઉપયોગ કરે છે. આ વિશાળ મહાસાગરોમાં ગરમી વહેંચાઈ જાય છે. તેમ છતાં ૧૯૭૦થી ૨૦૨૦ની વચ્ચે ક્લાઈમેટ ચેન્જના કારણે જે ગરમી વધી તેની ૯૦ ટકા ગરમી સૌથી વધારે ગરમી સમુદ્રમાં શોષાઈ ગઈ છે. તેના કારણે આપણા વાયુમંડળને વધારે નુકસાન થયું નથી. વર્તમાન સમયમાં ક્લાઈમેટ ચેન્જની જે સ્થિતિ છે અને ગરમીમાં વધારો થયો છે તે જોતાં લાગી રહ્યું છે કે, હવે સમુદ્ર અને મહાસાગરો પણ આ ગરમીને ખેંચી શકે તેમ નથી. જો ગરમી નીચે સ્ટોર થવા લાગશે તો નીચેની જીવસૃષ્ટિને વ્યાપક નુકસાન થશે. જાણકારો માને છે કે, પ્રાચીન સમયથી જે પરિવર્તન આવ્યું છે તે હવે આપણા ભવિષ્ય માટે જોખમી થઈ શકે છે. સંશોધકો સ્પષ્ટ માને છે કે, હજારો વર્ષ પહેલાં જે રીતે પૃથ્વી ઉપર ગરમી વધી અને મહાસાગરોના પેટાળ સુધી પહોંચી તેમાં હવે ઝડપ આવી છે. હાલમાં પણ આ પ્રક્રિયા ચાલુ જ છે. દક્ષિણ ગોળાર્ધની હવાઓ આજે પણ ધ્રુવ તરફ ખસી રહી છે. તેની ઝડપમાં પણ વધારો થયો છે. તેના કારણે સમુદ્રની અંદર ગરમી ઉતરવાની પ્રક્રિયા આજે પણ ચાલી રહી છે. ચિંતાજનક બાબત એ છે કે, ગ્લોબલ વોર્મિંગને પગલે પૃથ્વી ઉપર સરેરાશ તાપમાન ૧.૫ ડિગ્રી વધવા આવ્યું છે ત્યારે તેની અસર આ પ્રક્રિયા ઉપર પણ પડી છે. હવે બાકીના મહાસાગરો અને



સમુદ્રના પેટાળની ગરમી અંગે પણ અભ્યાસ હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. સમુદ્રની સપાટી વિશે સંશોધકોનું માનવું છે કે, તે શાંત હોય તેનો અર્થ એવો નથી કે તેના પેટાળમાં કશું જ ચાલતું નથી. સપાટીનું તાપમાન સ્થિર હોવા છતાં નીચે પ્રચુરમાત્રામાં ગરમી ભેગી થતી હોય તેવું બની શકે છે. એટલાન્ટિક મહાસાગરમાં આવું જ થયું છે. ઘણી વખત ગરમી નીચે ઉતરીને તેની સપાટીમાં સમાઈ જાય છે અને ઘણી વખત સમુદ્રમાં અધવચ્ચે ગરમી અટવાઈ જાય છે. આવી શક્યતાઓ વધારે છે. આ ગરમી જ્યારે મધ્ય સપાટીમાં અટવાઈ જાય છે ત્યારે તે ગમે તે સમયે ઉપર આવી શકે છે. જો આ ગરમી નીચે જશે તો સમુદ્રના પેટાળમાં રહેલા મિથેન ગેસના ભંડારને ઓગાળી શકે છે અને જો તેમ થાય તો વધારે નુકસાન થઈ શકે છે. આ એવું જોખમ છે જે આવનારી પેઢીઓના અસ્તિત્વને નુકસાન પહોંચાડી શકે છે. હવે ચિંતાજનક સ્થિતિ ત્યાં આવી છે કે, એક તરફ ૫૭૦૦ વર્ષ પહેલાં એટલાન્ટિકની સપાટી ગરમ થઈ ગઈ હતી. ત્યાં હવે તેમાં બીજું એક પરિવર્તન પણ જોવા મળ્યું છે. એટલાન્ટિક મહાસાગરમાં આવેલા ગ્રીનલેન્ડ અને આઈસલેન્ડના દક્ષિણમાં પાણીનો ચોક્કસ ભાગ વિચિત્ર રીતે ફેરફાર બતાવી રહ્યો છે. જાણકારોના મતે સમગ્ર દુનિયાભરમાં ગ્લોબલ વોર્મિંગના કારણે જમીન અને દરિયાના પાણીમાં ગરમી વધી રહી છે ત્યાં એટલાન્ટિક મહાસાગરના આ હિસ્સામાં જમીનની સપાટી ઠંડી પડી રહી છે. તેમાં સતત વધારો થઈ રહ્યો છે. જાણકારો માને છે કે, એટલાન્ટિક મહાસાગરમાં તાપામાનમાં આ રીતે તફાવત આવવો તે ક્લાઈમેટ ટિપિંગ પોઈન્ટ તરફ વધી રહ્યું છે. કેટલાક ભાગમાં કોલ્ડ બ્લોબ બની રહ્યો છે અથવા તો એમ કહીએ કે વોર્મિંગ હોલમાં તાપમાન ઘટી રહ્યું છે. ૧૯૦૦ની સાલ બાદ આ જમીન જે રીતે ઠંડી થઈ રહી છે તેમાં સરેરાશ ૧ ડિગ્રીનો ઘટાડો આવ્યો છે. સંશોધકો માને છે કે, સમુદ્રની મુખ્ય ધારાઓ હવે નબળી પડી રહી છે. એક તરફ તે ગરમ થઈ રહી છે જ્યારે બીજી તરફ તે ઠંડી પડી રહી છે. સંશોધકોએ નોંધ્યું હતું કે, એટલાન્ટિક મહાસાગરની ઉપરની સપાટી જ નહીં પણ દરિયાની મધ્યમાં રહેલું પાણી અને તળિયે આવેલી જમીન અને પાણી પણ ઠંડા થઈ રહ્યા છે. તમામ સ્તરે આ મહાસાગર ઠંડો પડી રહ્યો છે. એટલાન્ટિક મેરિડિયોનલ ઓવરટર્નિંગ સર્ક્યુલેશનના કારણે આ સ્થિતિ બદલાઈ રહી છે. એક જ મહાસાગરના પાણીના વિવિધ ભાગમાં આવી અલગ અલગ સ્થિતિ જોવા મળે તે ચિંતાજનક છે. એક તરફ ગરમી નીચે ઉતરી રહી છે અને બીજો ભાગ ઠંડો પડી રહ્યો છે. - ભવિષ્યમાં સમુદ્રની સપાટીમાં વધારો થશે જે અનેક શહેરોને જળમગ્ન કરી દેશે ગ્લોબલ વોર્મિંગના કારણે સમુદ્રના તાપમાનમાં ફેરફાર આવવાની સાથે સાથે વિવિધ ગ્લેશિયર્સ પણ ઝડપથી પીગળી રહ્યા છે. તેના કારણે સમુદ્રમાં જળસ્તરમાં વધારો થઈ રહ્યો છે. એમોકનું સંપૂર્ણ સંતુલન ખોરવાઈ ગયું છે. તેના કારણે ગરમી અને ઠંડીમાં વ્યાપક તફાવત આવી રહ્યો છે. સંશોધકો માને છે કે, દુનિયાભરના સમુદ્રની સ્થિતિ છેલ્લાં ૧૦૦૦ વર્ષમાં સૌથી ખરાબ સ્થિતિમાં છે. ગ્લોબલ વોર્મિંગના કારણે એપોકની જે સ્થિતિ સર્જાઈ છે તેના કારણે માનવજાત ઉપર મોટું સંકટ સર્જાયેલું છે. તેઓ માને છે કે, આ સિસ્ટમ બંધ થઈ જશે તો જળસંકટ આવશે. તેની અસર એવી થશે કે અમેરિકાના પૂર્વ કિનારાના ઘણા ભાગ પાણીમાં ડૂબી જશે. બીજી તરફ યુરોપમાં ભયાનક ઠંડી પડવા લાગશે અને આફ્રિકાના દેશોમાં મોનસુનની પેટર્ન બદલાઈ જશે. અહીંયા ગમે ત્યારે દુકાળ પડશે અથવા તો ભીષણ પૂર આવશે તેવું પણ બનશે. આ સિવાય પણ દુનિયાભરના સમુદ્રોની સપાટીમાં ફેરફાર આવશે. કેટલાક સંશોધકો માને છે કે, આવું બની શકે છે પણ દુનિયાભરના સમુદ્રોની વિવિધ સપાટીના તાપમાન નોંધવા, તેના ડેટાનો અભ્યાસ કરવો અને તેના પરિણામો અંગે ધારણા કરવી મુશ્કેલ છે. જળપ્રલય આવી શકે છે અને કદાચ ન પણ આવે. આ તમામ બાબતો તમામ સમુદ્રી સપાટીઓના ડેટા ભેગા કરીને તેના અભ્યાસ ઉપરથી જ આવશે. એક વખત સમુદ્રની ધારાઓ જો અટકી જશે તો સમગ્ર માનવજાત ઉપર ખતરો આવી જશે. ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન રોકવામાં નહીં આવે, ક્લાઈમેટ ચેન્જની અસર ઘટાડવામાં નહીં આવે તો માનવજાતને ભયાનક વિનાશનો સામનો કરવાનો આવશે. - 5700 વર્ષ પહેલાં ઉંડા પાણીના તાપમાનમાં અચાનક વધારો થવા લાગ્યો હતો. પાણીના તાપમાનનો આ વધારો સામાન્ય નહોતો. પાણીનું તાપમાન વધી ગયું હતું. તે વધતું વધતું ૨૫૦૦ વર્ષ પહેલાં ચરમસીમાએ ગયું હતું. નવાઈની વાત એ છે કે, આ પહેલાં ક્યારેય એટલાન્ટિક મહાસાગરના પેટાળ ઉપર સંશોધન જ કરવામાં નહોતું આવ્યું.

## બ્રિટનમાં 16 વર્ષથી નાની ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ

મોબાઈલ સ્ક્રીન, રીલ્સ અને કલાકો સુધી સ્ક્રોલિંગના યુગમાં બ્રિટને નાના બાળકોને આ વ્યસનથી બચાવવા માટે એક મોટો નિર્ણય લીધો છે. બ્રિટિશ સરકારે 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી છે. બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મરે સોમવારે(15 જૂન) આ નિર્ણયની જાહેરાત કરતા કહ્યું કે, 'બાળકોના બાળપણને બચાવવા અને તેમના માનસિક સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવા માટે આ પગલું ભરવું જરૂરી છે.' PM સ્ટાર્મરે શું કહ્યું? સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક વીડિયો દ્વારા PM સ્ટાર્મરે જણાવ્યું હતું કે, 'આજના બાળકો એવી દુનિયામાં મોટા થઈ રહ્યા છે જ્યાં ટેકનોલોજી તેમના જીવનના દરેક પાસાનો ભાગ બની ગઈ છે. હજારો માતા-પિતા સાથે વાત કર્યા પછી અને વ્યાપક પરામર્શ કર્યા પછી સરકારે તારણ કાઢ્યું કે, સોશિયલ મીડિયાનું વ્યસન બાળકોના માનસિક સ્વાસ્થ્ય, ઊંઘ, રમત અને પારિવારિક જીવન પર ગંભીર અસર કરી રહ્યું છે.' બ્રિટિશ વડાપ્રધાને કહ્યું કે, 'મોટી સંખ્યામાં માતા-પિતાએ ફરિયાદ કરી છે કે તેમના બાળકો સોશિયલ મીડિયાના વ્યસની બની ગયા છે. કલાકો સુધી સ્ક્રોલ કરવાની આદત બાળકોને રમત, અભ્યાસ, પરિવાર અને વાસ્તવિક સામાજિક જીવનથી દૂર કરી રહી છે. આ ફક્ત સ્ક્રીન ટાઈમનો પ્રશ્ન નથી, પરંતુ બાળકોની માનસિક અને ભાવનાત્મક સલામતીનો પણ પ્રશ્ન છે. સોશિયલ મીડિયા આપણા બાળકોને અસુરક્ષિત અને દુખી બનાવી રહ્યું છે.' બ્રિટિશ સરકારનું કહેવું છે કે, 'આ નિર્ણય ઉતાવળમાં લેવામાં આવ્યો ન હતો. નિષ્ણાતોના અભિપ્રાય, વૈજ્ઞાનિક અભ્યાસો અને અન્ય દેશોના અનુભવોને કાળજીપૂર્વક ધ્યાનમાં લીધા પછી સરકારે આ પગલું ભર્યું છે.

પાક્કો ગુજરાત

મંગળવાર | 16 જૂન 2026 | અમદાવાદ

### શ્રી પંચમુખી માંડલેશ્વર ધામ ખાતે હજારો શ્રદ્ધાળુઓએ કર્યું પવિત્ર સ્નાન

# અધિકમાસની સોમવતી અમાવાસ્યાએ ઝાલોદના ત્રિવેણી સંગમ પર ઉમટ્યો શ્રદ્ધાનો જનસાગર



ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ નગરનું પવિત્ર અને ઐતિહાસિક શ્રી પંચમુખી માંડલેશ્વર ધામ નગર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકો માટે આસ્થા, શ્રદ્ધા અને આધ્યાત્મિકતાનું અદ્વિતીય કેન્દ્ર બની રહ્યું છે. ત્રિવેણી સંગમના પવિત્ર કિનારે આવેલ આ ધામ ખાતે અધિકમાસની પવિત્ર સોમવતી અમાવાસ્યા નિમિત્તે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓનો જનસૈલાબ ઉમટી પડ્યો હતો.

હર હર મહાદેવ અને બમ બમ ભોલેનાં જયઘોષ સાથે શ્રદ્ધાળુઓએ ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કરી ભગવાન પંચમુખી માંડલેશ્વરના દર્શન કરી ધર્મલાભ મેળવ્યો હતો. સમગ્ર વિસ્તાર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યો હતો. પરિવારો, મહિલાઓ, યુવાનો અને વડીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પવિત્ર સ્નાન અને પૂજન-અર્ચન કર્યું હતું.

ત્રિવેણી સંગમના કિનારે આવેલ શ્રી પંચમુખી માંડલેશ્વર ધામ માત્ર ધાર્મિક સ્થળ જ નહીં પરંતુ પ્રકૃતિના સૌંદર્યથી ભરપૂર એક આકર્ષક પર્યટન સ્થળ પણ છે. વર્ષભર અહીં ભક્તો અને પ્રવાસીઓ દર્શન, સત્સંગ, હરવા-ફરવા તેમજ કુદરતી સૌંદર્યનો આનંદ માણવા માટે આવતા રહે છે. ખાસ કરીને ઉનાળાના દિવસોમાં નદી કિનારે લોકો મોટી સંખ્યામાં પહોંચે છે.

હિંદુ ધર્મમાં સોમવારે આવતી અમાવાસ્યાને સોમવતી અમાવાસ્યા તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસ અત્યંત પુણ્યદાયી અને કલ્યાણકારી માનવામાં આવે છે. ધાર્મિક માન્યતા મુજબ આ દિવસે પવિત્ર નદી, તળાવ અથવા તીર્થસ્થળે સ્નાન કરવાથી પાપોનો નાશ થાય છે અને પુણ્યની પ્રાપ્તિ થાય છે. ભગવાન શિવ અને પિતૃઓના સ્મરણ સાથે કરાયેલ પૂજા-અર્ચના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ પ્રદાન કરે છે.

અધિકમાસને હિંદુ શાસ્ત્રોમાં પુરુષોત્તમ માસ તરીકે ઓળખવામાં આવે છે. આ સમગ્ર માસ ભગવાન વિષ્ણુને સમર્પિત માનવામાં આવે છે અને જપ, તપ, દાન, સ્નાન, સત્સંગ, ભજન-કીર્તન તથા ધાર્મિક અનુષ્ઠાનો માટે અત્યંત શુભ ગણાય છે. અધિકમાસ દરમિયાન કરવામાં આવેલ ધાર્મિક કાર્યોનું અનેકગણું ફળ પ્રાપ્ત થતું હોવાનું શાસ્ત્રોમાં વર્ણવાયું છે. તેથી આ સમયગાળામાં તીર્થસ્થળો પર શ્રદ્ધાળુઓની વિશેષ ભીડ જોવા મળે છે.

શ્રી પંચમુખી માંડલેશ્વર મંદિર ટ્રસ્ટના પ્રમુખ પંકજ અગ્રવાલએ જણાવ્યું હતું કે, ‘અધિકમાસ અને સોમવતી અમાવાસ્યાના પવિત્ર સંયોગે મોટી સંખ્યામાં ભક્તો ત્રિવેણી સંગમ ખાતે સ્નાન અને દર્શન માટે પધાર્યા છે. મંદિર ટ્રસ્ટ દ્વારા ભક્તોને સુવિધા મળી રહે તે માટે જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આ પવિત્ર અવસર દરેકના જીવનમાં સુખ, શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ લાવે તેવી ભગવાન પંચમુખી માંડલેશ્વરને પ્રાર્થના કરીએ છીએ.‘

શ્રી પંચમુખી માંડલેશ્વર મંદિર ટ્રસ્ટના મંત્રી ભરત શ્રીમાળીએ જણાવ્યું હતું કે, ‘સોમવતી અમાવાસ્યા અને અધિકમાસનું વિશેષ ધાર્મિક મહત્ત્વ હોવાથી ભક્તોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો છે. ત્રિવેણી સંગમ ખાતે સ્નાન કરીને ભક્તોએ પુણ્યલાભ મેળવ્યો છે. મંદિર ટ્રસ્ટ સતત ધર્મ, સેવા અને સંસ્કૃતિના કાર્યો દ્વારા સમાજને આધ્યાત્મિક માર્ગે આગળ વધારવા પ્રયત્નશીલ છે.‘

અધિકમાસની સોમવતી અમાવાસ્યાના પાવન અવસરે શ્રી પંચમુખી માંડલેશ્વર ધામ ખાતે ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિકતાનો અનોખો માહોલ સર્જાયો હતો.

## અન-ડીટેક્ટેડ પોસો કેસનો ભેદ ઉકેલાયો: પાનવડ પોલીસે 2 આરોપીઓની ધરપકડ કરી

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના પાનવડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અન-ડીટેક્ટેડ પોસો તેમજ અપહરણના ગુનાનો સફળ ભેદ ઉકેલી પોલીસે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ, બાતમીદારો અને વિવિધ સ્ત્રોતોની મદદથી આરોપીઓ સુધી પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ, સગીરાને ભગાડી જવાના ગુનામાં સંડોવાયેલા આરોપીઓ લાંબા સમયથી ફરાર હતા.

પાનવડ પોલીસની સતત તપાસ અને ચોક્કસ માહિતીના આધારે બંને આરોપીઓને શોધી કાઢવામાં આવ્યા હતા.



ત્યારબાદ સગીરાને પણ શોધી તેના પરિવારજનો સાથે મિલન કરાવવામાં આવ્યું હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે.

આ કેસમાં પોલીસે આરોપી રાજેશભાઈ રમેશભાઈ તડવી (રહે. બોકડી, તા. બોકડી, જિ. છોટાઉદેપુર) અને રાકેશભાઈ શાંતિલાલ પાટણવાડિયા (મૂળ રહેવાસી છોટાઉદેપુર, હાલ કોઠીયા, તા. બોડેલી, જિ. વડોદરા)ની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ કામગીરી પાનવડ પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને સ્ટાફની ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

પોલીસની આ કામગીરીથી સગીરાના પરિવારજનોમાં રાહતની લાગણી જોવા મળી છે.

### "ભલામણ નહીં ચાલે, દબાણ કરશો તો સામાન જપ્ત થશે" : પોલીસ તંત્રની સ્પષ્ટ ચેતવણી

## સાંસદ જશવંતસિંહ ભાભોરની તાકીદ બાદ ઝાલોદમાં દબાણકારો સામે તંત્રનો કડક ચાબુક

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ નગરમાં ટ્રાફિકને નડતરરૂપ બનતા દબાણો સામે હવે પોલીસ અને વહીવટી તંત્ર એક્શન મોડમાં આવી ગયું છે. દાહોદ જિલ્લા સાંસદ જશવંતસિંહ ભાભોર સમક્ષ મૌખિક રજૂઆત થતાં જ નગરમાં દબાણો અને ટ્રાફિક સમસ્યાના મુદ્દે તંત્ર હરકતમાં આવ્યું છે.

શનિવારના રોજ ઝાલોદ નગરપાલિકા ખાતે દાહોદ જિલ્લા સાંસદ જશવંતસિંહ ભાભોરની ઉપસ્થિતિમાં મહત્વપૂર્ણ વહીવટી બેઠક યોજાઈ હતી. બેઠકમાં નગરના અગ્રણીઓ, નગરપાલિકા કાઉન્સિલરો, ચીફ ઓફિસર તેમજ ડી.વાય.એસ.પી. ધીરજ પટેલ હાજર રહ્યા હતા. આ દરમિયાન નગરમાં વધતા ટ્રાફિક, દુકાનદારોના હવાઈ દબાણો, ગેરકાયદેસર ઓટલાઓ અને સરકારી જમીન ઉપર થતા દબાણોના મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

સાંસદની સૂચના બાદ ડી.વાય.એસ.પી. ધીરજ પટેલના સીધા માર્ગદર્શન હેઠળ પી.આઈ. રવિ ગામીત અને પી.એસ.આઈ. શૈલેન્દ્ર સિસોદિયા સહિતના પોલીસ કાફલાએ નગરના વિવિધ વિસ્તારોમાં દબાણો હટાવવાની ઝુંબેશ શરૂ કરી હતી. ટ્રાફિકને નડતરરૂપ બનતા દબાણો, રસ્તા ઉપર મુકાયેલ સામાન અને ગેરકાયદેસર રીતે કબજો કરાયેલા વિસ્તારોમાંથી દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

પોલીસ તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે હાલની કામગીરી ચેતવણીના ભાગરૂપે કરવામાં આવી છે. પરંતુ હવે પછી જો કોઈ વેપારી કે વ્યક્તિ રોડ-રસ્તાઓ પર દબાણ કરીને ટ્રાફિકને અવરોધ કરશે તો તેની સામે સીધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

પોલીસ તંત્રે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે દબાણો દૂર કરવાની કામગીરીમાં કોઈપણ વ્યક્તિ, રાજકીય આગેવાન કે અન્ય કોઈની ભલામણ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. નિયમોનું ઉલ્લંઘન કરનાર દરેક વ્યક્તિ સામે સમાન ધોરણે કાર્યવાહી કરવામાં આવશે.

મળતી માહિતી મુજબ હવે પોલીસ તંત્ર નિયમિત રીતે નગરના મુખ્ય માર્ગો, બજારો અને ટ્રાફિકથી પ્રભાવિત વિસ્તારોમાં પેટ્રોલિંગ કરશે.

## છોટાઉદેપુર પોલીસની ઝડપી કામગીરી : 48 કલાકમાં ચોરાયેલી બાઈક સાથે આરોપી ઝડપાયો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર શહેર વિસ્તારમાંથી ચોરાયેલી હીરો સ્પ્લેન્ડર મોટરસાયકલની ચોરીનો ભેદ ગણતરીના 48 કલાકમાં ઉકેલી છોટાઉદેપુર પોલીસે નોંધપાત્ર સફળતા મેળવી છે. પોલીસે ચોરી કરાયેલ મોટરસાયકલ સાથે એક આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, તા. 26/05/2025ના રોજ છોટાઉદેપુર શહેર વિસ્તારમાંથી હીરો સ્પ્લેન્ડર મોટરસાયકલ (નંબર GJ-34-1326) ચોરી થઈ હતી. આ અંગે છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ પોલીસ દ્વારા તાત્કાલિક તપાસ શરૂ કરવામાં આવી હતી.




પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ અને ટેક્નિકલ ટીમે વિવિધ દિશાઓમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મળેલી બાતમીના આધારે સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા વિસ્તારમાં રહેતા શક્તિકુમાર ભરતભાઈ મારવડિયાની અટકાયત કરવામાં આવી હતી.

પૂછપરછ દરમિયાન આરોપીએ છોટાઉદેપુરમાંથી મોટરસાયકલ ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે તેની પાસેથી અંદાજે રૂ. 3.40 લાખની કિંમતની હીરો સ્પ્લેન્ડર મોટરસાયકલ કબજે કરી છે. આ સમગ્ર કામગીરીમાં છોટાઉદેપુર પોલીસ સ્ટેશનની ટીમે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.


## હિંમતનગર-વિજાપુર રોડ પર દેરોલના વેરાવાળી મંદિરમાં પરિસરમાં મહિલાની ઘાતકી હત્યા કરાઇ

### હત્યાનો ભેદ ઉકેલવા માટે ગ્રામ્ય પોલીસે FSL અને ડોગ સ્કોડ સહિતના નિષ્ણાતોની મદદ લીધી

સાબરકાંઠા, જાકીર મેમણ

ઘા ઝીંકાતા કપાળ ફાટી ગયું, લોહીનું ખાબોચિયું ભરાયું, અજાણ્યા શખસો સામે ફરિયાદ દેરોલના વેરાવાળી મંદિર પરિસરમાં મહિલાની ઘાતકી હત્યાના મામલે અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હિંમતનગર-વિજાપુર રોડ પર આવેલા વેરાવાળી મેલડી માતાના મંદિરમાં રાત્રે અજાણ્યા શખસોએ ઘાતક હથિયાર વડે હુમલો કરી 55 વર્ષીય મહિલાની હત્યા નિપજાવી હતી. હિંમતનગર ગ્રામ્ય પોલીસે મૃતકના પુત્રની ફરિયાદના આધારે તપાસ શરૂ કરી છે.

લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળ્યોપોલીસ સૂત્રો પાસેથી મળતી



વિગતો મુજબ, દેરોલ ગામના રહેવાસી બાલુબેન મંગાભાઈ રાવળ રાત્રે સીમમાં આવેલા વેરાવાળી મેલડી માતાના મંદિર પરિસરમાં હતા. આ દરમિયાન અજાણ્યા શખસોએ તેમના પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. હુમલાખોરોએ બાલુબેનના માથા અને કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતા તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યુંવધુ લોહી વહી જતા મોત થયાનું અનુમાન મંદિર પરિસરમાં બાલુબેનનો લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. વધુ પડતું લોહી વહી જવાને કારણે તેમનું મોત થયું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ પોલીસનું અનુમાન છે. હત્યાની આ ઘટના અંગે મૃતકના પુત્ર પ્રતાપભાઈ મંગાભાઈ રાવળે સોમવારે અજાણ્યા શખસ વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ગુનો દાખલ કર્યા બાદ પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી. FSL અને ડોગ સ્કોડ મદદ લેવાઈ.

હત્યાનો ભેદ ઉકેલવા માટે ગ્રામ્ય પોલીસે FSL (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી) અને ડોગ સ્કોડ સહિતના નિષ્ણાતોની મદદ લીધી છે.

હાલ પોલીસ મૃતકના પરિવારજનો તેમજ અન્ય શંકાસ્પદ વ્યક્તિઓની પૂછપરછ કરી રહી છે. પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ જ હત્યા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાશે.

## વડાલી પોલીસે કોંગ્રેસના 20થી વધુ કાર્યકરોની અટકાયત કરી

ઈડર, જાકીર મેમણ

કોંગ્રેસનીકિસાન અધિકાર યાત્રામાં ભાગ લેવા વડાલીથી ગાંધીનગર જઈ રહ્યા હતા કોંગ્રેસ દ્વારા ખેડૂતોના વિવિધ પડતર પ્રશ્નો અને અધિકારોને વાચા આપવા માટે અમદાવાદના શાંતિપુરા ચોકડીથી ગાંધીનગર સુધી ’કિસાન અધિકાર યાત્રા’નું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રામાં અંદાજે 20થી વધુ ખેડૂત સંગઠનો અને ટ્રેક્ટરો સાથે ખેડૂતો તથા કોંગ્રેસના કાર્યકરો ગાંધીનગર તરફ કૂચ કરી રહ્યા છે.

જોકે, આ યાત્રામાં જોડાવા જઈ રહેલા વડાલી તાલુકા અને શહેરના કોંગ્રેસના કાર્યકરોની પોલીસે અટકાયત કરી છે.

ગુજરાતભરમાંથી ખેડૂતો અને કોંગ્રેસના કાર્યકરો આ રેલીમાં જોડાવા ગાંધીનગર તરફ પ્રયાણ કરી રહ્યા હતા. તે દરમિયાન વડાલી તાલુકા અને શહેરમાંથી પણ ૨૦થી વધુ કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો ગાંધીનગર જવા રવાના થયા હતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવાના ભાગરૂપે વડાલી પોલીસે આ તમામ કાર્યકરોને રસ્તામાં જ અટકાયત કરી લીધી હતી. પોલીસની આ કાર્યવાહીને કારણે કોંગ્રેસ કાર્યકરોમાં રોષ જોવા મળ્યો હતો.


## ઈડરના ગંભીરપુરા વિસ્તારમાંથી પોલીસે ચરસ સાથે એક યુવકની ધરપકડ કરી...

સાબરકાંઠા, જાકીર મેમણ

ઈડરમાં ચરસ સાથે યુવક ઝડપાયોઘાટીગંભીરપુરામાંથી 3400ના ચરસ સાથે પકડાયો, પોલીસે તપાસ શરૂ કરી ઈડરના ઘાટી ગંભીરપુરા વિસ્તારમાંથી પોલીસે ચરસ સાથે એક યુવકની ધરપકડ કરી છે.

તેની પાસેથી 3400ની કિંમતનું 13.950 ગ્રામ ચરસ મળી આવ્યું હતું. પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઝડપાયેલા યુવકની ઓળખ કુણાલકુમાર પ્રકાશભાઈ સુથાર તરીકે થઈ છે.

તે મૂળ ઈડર તાલુકાના ફીંચોડ ગામનો રહેવાસી છે અને હાલ ઈડર શહેર પાસે આવેલી મધુવન સોસાયટીના મકાન નંબર 24માં રહે છે.ઈડર પોલીસને બાતમી મળી હતી કે ઘાટી ગંભીરપુરા વિસ્તારમાં એક યુવક નશીલા પદાર્થોના વેપાર સાથે સંકળાયેલો છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડી કુણાલકુમારને ઝડપી પાડ્યો હતો.



ઈડર પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.આર. ચૌહાણે આ મામલે ગુનો દાખલ કર્યો છે. પોલીસ હવે આ ચરસ ઈડર સુધી ક્યાંથી પહોંચ્યું અને આ રેકેટમાં અન્ય કોણ કોણ સામેલ છે તે દિશામાં ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે, સાબરકાંઠા જિલ્લાના ઈડર શહેર અને તાલુકામાં યુવાનોમાં નશાખોરીનું પ્રમાણ વધતું જોવા મળી રહ્યું છે, જે એક ચિંતાજનક બાબત છે.

શહેરના કેટલાક ચોક્કસ વિસ્તારોમાં નશાખોરી નું પ્રમાણ ખૂબ વધ્યું છે ઈડર શહેરના બાલાજી કોમ્પલેક્ષ પાછળ આવેલ ખુલ્લા મેદાનમાં સાંજના સમયે ખૂબ મોટા પ્રમાણમાં યુવાનો અહીં નશો કરતા જોવા મળે છે તો બીજી બાજુ ઈડર શહેરના ગઢની તળેટીમાં પણ આ દૂષણ દિવસે દિવસે વધી રહી છે બીજી બાજુ ઈડર શહેરના મહારાણા સર્કલ પાસે પણ સાંજના સમયે સાકોર યુવાનો નશો કરતા જોવા મળે છે પોલીસ સત્તર્ગ બની તપાસ કરે તો આવા યુવાનો નશા ખોરી થી બચી શકે તેમ છે

## આંતરરાજ્ય ‘લૂંટેરી દુલ્હન’ ટોળકીનું મોટું ષડયંત્ર : લગ્નના નામે લાખો રૂપિયા પડાવી યુવતીઓ રફુચક્કર

જૂનાગઢ/સુરત

ગુજરાતમાં ફરી એકવાર આંતરરાજ્ય ’લૂંટેરી દુલ્હન’ ટોળકી સક્રિય થઈ હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. લગ્ન વાંચ્છુક યુવકોને પોતાની જાળમાં ફસાવી, લગ્નના નામે લાખો રૂપિયા પડાવીને દુલ્હન અને દલાલો રફુચક્કર થઈ જતા હોવાનું મોટું કૌભાંડ સામે આવ્યું છે. આ મામલે સ્થાનિક સ્તરે ન્યાય ન મળતા આખરે ભોગ બનનારે રાજ્યના પોલીસ વડા (DGP)ને લેખિતમાં રજૂઆત કરી ન્યાયની ગુહાર લગાવી છે. આ આખી ટોળકી ખૂબ જ આયોજનબદ્ધ રીતે પોતાનું નેટવર્ક ચલાવે છે. કૌભાંડની મોડસ ઓપરેન્ડી મુજબ, દલાલો સૌપ્રથમ લગ્ન ન થતા હોય તેવા યુવકો કે તેમના પરિવારનો સંપર્ક કરે છે. ત્યારબાદ છોકરી જોવાના બહાને યુવક પક્ષને સુરત બોલાવવામાં આવે છે. સુરત ખાતે યુવતી બતાવીને લગ્ન નક્કી કરવા માટે દલાલો દ્વારા લાખો રૂપિયાની રોકડા રકમ ’ખર્ચ’ પેટે પડાવી લેવામાં આવે છે. રૂપિયા હાથમાં આવતા જ ધામધૂમથી લગ્ન કરાવી દેવામાં આવે છે, પરંતુ અસલી ખેલ લગ્ન પછી શરૂ થાય છે. લગ્ન કરીને સાસરે આવેલી નવવધૂ માત્ર ગણતરીના દિવસોમાં જ ઘરમાં રહેલા કિંમતી દાગીના અને રોકડ રકમ લઈને રાતોરાત ફરાર થઈ જાય છે. બાદમાં દલાલો અને યુવતીના મોબાઈલ નંબર પણ બંધ થઈ જાય છે, જેથી પરિવારને પોતાની સાથે મોટી છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થાય છે. જૂનાગઢ પંથકના એક ભોગ બનનાર પરિવારે આ અંગે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા, પરંતુ પોલીસે કોઈ કારણોસર ગુનો નોંધવાનો ઈનકાર કરી દીધો હતો કે ઠાગાઠૈયા કર્યા હતા.

### ખેડબ્રહ્મામાં વ્યાજખોરીનો આતંક


## સુરતમાં હાઇપ્રોફાઇલ સેક્સ રેકેટનો પર્દાફાશ: હોટલની આડમાં થાઈલેન્ડની 8 યુવતીઓ પાસે દેહવ્યાપાર કરાવતી ગેંગ ઝડપાઈ!

- ત્રણ માળ ફેંદ્યા, રૂમોમાંથી મળી આવી વિદેશી લલનાઓ
- રૂ. 2,500નું કસ્ટમર રેટ અને મગદલ્લા કનેક્શન
- પોલીસે આઈફોન, સેમસંગ ફોન, ડાયરી અને રોકડ સહિત કુલ રૂ. 39,500નો મુદ્દામાલ જપ્ત કરી ગુનો દાખલ કર્યો છે

સુરત

સુરત શહેરમાં સ્પા અને હોટલોની આડમાં ચાલતા કુટણખાનાઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. સરથાણા સીમાડા રોડ પર બાપા સિતારામ ચોક પાસે આવેલી ’સનલાઈટ હોટલ’માં વિદેશી યુવતીઓ સાથે ધમધમી રહેલા હાઈપ્રોફાઈલ સેક્સ રેકેટનો પોલીસે લાઈવ પર્દાફાશ કર્યો છે. સરથાણા પોલીસના પી.આઈ. ડી.કે. પટેલને મળેલી પાકી બાતમીના આધારે, ટીમ સરકારી ગાડીઓ છોડીને ખાનગી વાહનોમાં ત્રાટકી હતી અને પગપાળા જઈને હોટલમાં ઓચિંતો દરોડો પાડ્યો હતો.

પોલીસે હોટલમાં દાખલ થતાં જ કાઉન્ટર પરથી હોટલ માલિક રોશન



જીતેશભાઈ માવાણી (ઉ.વ. ૨૭, રહે. મોટા વરાછા) અને સંચાલક પ્રિન્સ વિજયભાઈ ભંડેરી (ઉ.વ. ૨૨, રહે. પાસોદરા)ને દબોચી લીધા હતા. હોટલના ત્રણેય માળની તપાસ કરતા ગ્રાઉન્ડ ફ્લોર પરથી અડાજણ અને અમરોલીની ૨ ભારતીય મહિલાઓ મળી આવી હતી. જ્યારે પહેલા અને બીજા માળના રૂમ નં. ૧૦૧, ૨૦૧ અને ૨૦૨માંથી થાઈલેન્ડની ૮ વિદેશી યુવતીઓ ઝડપાઈ હતી. આ તમામ રૂમો અને રિસેપ્શનના ડ્રોવરમાંથી મોટા પ્રમાણમાં કોન્ડમના પેકેટો મળી આવ્યા હતા. પૂછપરછમાં સામે આવ્યું કે, આ હોટલ પર આવતા ગ્રાહકો પાસેથી રૂ. ૨,૫૦૦ વસૂલવામાં આવતા હતા. જેમાંથી યુવતીઓને માત્ર રૂ. ૧,૧૦૦ થી ૧,૫૦-- અપાતા અને બાકીના રૂ. ૧,૦૦૦ માલિક કમિશન પેટે રાખી લેતો હતો. સંચાલક પ્રિન્સ ભંડેરી આ થાઈ યુવતીઓને સુરતના મગદલ્લા ખાતેના તેમના નિવાસસ્થાનેથી લાવવા-મૂકવાનું નેટવર્ક સંભાળતો હતો.

## હારીજમાં સગીરા પર ત્રણ નરાધમોનું દુષ્કર્મ: સગીરા ગર્ભવતી બનતા વાગોસણના નરાધમો સામે BNS અને પોક્સો હેઠળ ગુનો દાખલ

પાટણ

પાટણ જિલ્લાના હારીજ તાલુકામાંથી માનવતાને શર્મસાર કરતી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. હારીજના એક ગામમાં રહેતી સગીરાને લલચાવી-ફોસલાવી ત્રણ શખ્સોએ અવારનવાર દુષ્કર્મ આચર્યું હોવાનો સનસનાટીભર્યો ખુલાસો થયો છે. નરાધમોના પાશવી કૃત્યને કારણે સગીરા ગર્ભવતી બનતા આખો મામલો સામે આવ્યો છે. આ અંગે હારીજ પોલીસ મથકે વાગોસણના ત્રણ નરાધમો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ નિકૃષ્ટ કૃત્ય આચરનારા આરોપીઓમાં અશ્વિન જયંતિજી ઠાકોર, સુરેશજી સવધાનજી ઠાકોર અને પ્રહલાદજી સોમાજી ઠાકોર (તમામ રહે. વાગોસણ)ના નામો સામે આવ્યા છે. આ નરાધમોએ સગીરાની ભોળપણનો લાભ ઉઠાવી અલગ-અલગ સમયે તેને પોતાની જાળમાં ફસાવી હતી.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આશરે બે વર્ષ પહેલાં પીડિત સગીરા અશ્વિન ઠાકોરના સંપર્કમાં આવી હતી. અશ્વિને મોબાઈલ ફોન પર વાતચીત શરૂ કરી પ્રેમજાળમાં ફસાવી દોઢ વર્ષ પહેલાં તેની સાથે પ્રથમ વખત શારીરિક સંબંધ બાંધ્યા હતા. ત્યારબાદ સુરેશજી ઠાકોર પણ સગીરાના સંપર્કમાં આવ્યો હતો અને તેણે પણ સગીરા સાથે અવારનવાર દુષ્કર્મ આચર્યું હતું. આટલું ઓછું હોય તેમ, એક વર્ષ પહેલાં પ્રહલાદજી ઠાકોર નામનો ત્રીજો આરોપી પણ સગીરાના સંપર્કમાં આવ્યો અને તેણે પણ અવારનવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા.

ત્રણેય નરાધમોના સતત શારીરિક શોષણને કારણે સગીરા આશરે આઠ માસ પૂર્વે ગર્ભવતી બની ગઈ હતી.



### માત્ર 22 વર્ષની ઉંમરે અભિનેત્રીએ મોતને વહાલું કર્યું

# 'મેં નાચ્યું, તું નચા' પર રીલ બનાવી આત્મહત્યા કરી!: 'છાવા' ફેમ સંચિતા ઉગલે સાડીથી પંખે લટકી

મુંબઈ

'છાવા' ફેમ એક્ટ્રેસ સંચાતિ ઉગલેએ રવિવારે રાત્રે આત્મહત્યા કરી લીધી. 22 વર્ષીય એક્ટ્રેસનો મૃતદેહ સીલિંગ ફેન પર લટકતો મળ્યો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. મામલાની તપાસ ચાલી રહી છે. નોંધનીય છે કે, આત્મહત્યાની થોડી કલાકો પહેલાં જ તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર રીલ પોસ્ટ કરી હતી, જેમાં તે ખુશીથી ડાન્સ કરતી જોવા મળી રહી છે. 'સુસાઇડ નોટ મળી નથી' એક પોલીસ અધિકારીએ ન્યૂઝ એજન્સી PTI ને જણાવ્યું, 'અમારી ટીમ માહિતી મળતા જ ઘટનાસ્થળે પહોંચી. અમને ત્યાં કંઈપણ શંકાસ્પદ મળ્યું નથી. સુસાઈડ નોટ પણ મળી નથી. ઘટના સમયે તેઓ ઘરે એકલા હતા. તેમના પિતાને મામલામાં કોઈ ગડબડની શંકા નથી. તેમણે દીકરીના મોત માટે કોઈને જવાબદાર પણ ઠેરવ્યા નથી.' સંચિતા પોતાના માતા-પિતા સાથે મહારાષ્ટ્રના પાલઘરમાં રહેતી હતી. રવિવારે સાંજે લગભગ 5:30 વાગ્યે તેની બહેન અંજલિ ઘરની બહાર ગઈ હતી. તે સમયે ઘરમાં કોઈ હાજર નહોતું. આ દરમિયાન સંચિતાએ પોતાના બેડરૂમના સીલિંગ ફેન પર સાડીના સહારે ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી.

તેને તરત જ મહાનગરપાલિકાની તુલિંજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી, પરંતુ ડોકટરોએ તેને મૃત જાહેર કરી. તે ટીવી સિરિયલ 'કુમકુમ ભાગ્ય' અને 'વાગલે કી દુનિયા'માં જોવા મળી હતી. પોલીસે તેમનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને મામલાની તપાસ ચાલી રહી છે. સંચિતાના નિધનનાં બરાબર થોડા કલાકો પહેલાં જ તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી એક રીલ પોસ્ટ કરવામાં આવી હતી. વીડિયોમાં એક્ટ્રેસ 'ડફલી વાલે, ડફલી બજા' ગીત પર લિપસિંક કરતી જોવા મળી હતી. આ વીડિયોના કેપ્શનમાં એક્ટ્રેસે લખ્યું હતું, 'મેં નાચું, તું નચા.' કોમેન્ટ સેક્શનમાં એક્ટ્રેસના ચાહકો તેને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. એક્ટ્રેસ સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ હતી અને સતત પોસ્ટ કરતી રહેતી હતી. તેના ઈન્સ્ટાગ્રામ પર 1 લાખ 39 હજાર ફોલોઅર્સ છે. સંચિતાના પિતરાઈ ભાઈ આકાશ ઉગલેએ મીડિયા સાથેની વાતચીતમાં દાવો કર્યો છે કે, 'સંચિતાને ફિલ્મ ઈન્ડસ્ટ્રી દ્વારા દબાવવામાં આવી રહી હતી.' તેણે સુશાંત સિંહ રાજપૂત સાથે જોડાયેલો સોશિયલ મીડિયાનો એક વીડિયો બતાવતા દાવો કર્યો છે કે, 'આ સંચિતાની નકલી ID પરથી પોસ્ટ કરવામાં આવ્યો હતો, જેમાં લખ્યું હતું, 'આજે ફરી 14 જૂન છે'. સંચિતાના ભાઈએ મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું, 'મારી બહેન ખૂબ ડરી ગઈ હતી. ઈન્ડસ્ટ્રી દબાવી દે છે, ધમકી આપે છે.

**આત્મહત્યાની થોડી કલાકો પહેલાં જ તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર રીલ પોસ્ટ કરી હતી**

# સાઉથસ્ટારનું પાન-ઈન્ડિયા સ્ટાર બનવા તરફ પગલું

## વિજય દેવરકોંડા '24'ના મેકર્સ સાથે હાથ મિલાવશે, ડિરેક્ટર વિક્રમ કુમાર સાથે ફિલ્મ કરશે તેવી ચર્ચા

મુંબઈ

તેલુગુ સિનેમાના મોટા સ્ટાર અને સતત પોતાની કારકિર્દીની દિશા બદલતા જોવા મળી રહ્યા વિજય દેવરકોંડા એક વધુ મોટા પ્રોજેક્ટને લઈને ચર્ચામાં છે. ઈન્ડસ્ટ્રીના વર્તુળોમાં જોરદાર ચર્ચા છે કે, વિજય હવે ડિરેક્ટર વિક્રમ કુમાર સાથે હાથ મિલાવી શકે છે.

વિક્રમ એ જ ફિલ્મમેકર છે, જેમણે પોતાની અલગ પ્રકારની વાર્તા કહેવાની શૈલીથી '24' જેવી હાઈ-કોન્સેપ્ટ ફિલ્મ બનાવી અને તાજેતરના વર્ષોમાં OTT સ્પેસમાં પણ મજબૂત ઓળખ બનાવી. આ એક મોટા પાયાની પાન ઈન્ડિયા ફિલ્મ હશે, જેને હિન્દી માર્કેટમાં મજબૂત હાજરી ધરાવતું પ્રોડક્શન હાઉસ મેડૉક ફિલ્મ્સ સપોર્ટ કરી શકે છે. જોકે, હજુ સુધી કોઈ પણ પક્ષ તરફથી સત્તાવાર પુષ્ટિ થઈ નથી. પ્રયોગ અને સ્કેલ વચ્ચે બની રહેલી ફિલ્મને લઈને નવી રણનીતિ આ સંભવિત કોલેબોરેશનને રસપ્રદ એટલા માટે પણ માનવામાં આવી રહ્યું છે કારણ કે બંને કલાકારો તેમના કરિયરના એવા તબક્કામાં છે, જ્યાં પ્રયોગ અને સ્કેલ બંને સાથે ચાલી રહ્યા છે. વિજય લાંબા સમયથી એક એવી ફિલ્મની શોધમાં છે, જે તેને માત્ર દક્ષિણ ભારત જ નહીં, પરંતુ રાષ્ટ્રીય સ્તરે ફરીથી સ્થાપિત કરે. બીજી તરફ વિક્રમ કુમાર તેમની સાયકોલોજિકલ, ટાઈમ-લેયર્ડ અને ભાવનાત્મક વાર્તા કહેવાની શૈલી માટે જાણીતા છે.

હાલમાં વેબ શો 'ધૂથા'ની બીજી સીઝનમાં વ્યસ્ત છે ડિરેક્ટર હાલમાં વિક્રમ કુમાર પોતાના ચર્ચિત વેબ શો 'ધૂથા'ની બીજી સીઝનમાં વ્યસ્ત છે. પહેલી સીઝનમાં પત્રકારત્વ, રહસ્ય અને અલૌકિક ઘટનાઓના મિશ્રણને દર્શકોએ પસંદ કર્યું હતું. હવે બીજી સીઝનમાં વાર્તાને વધુ ઈન્ટેન્સ અને લેયર્ડ બનાવવાની ચર્ચા છે. આ જ કારણોસર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં માનવામાં આવી રહ્યું છે કે વિજયનો સંભવિત પ્રોજેક્ટ તરત ફ્લોર પર નહીં જાય, પરંતુ સ્ક્રિપ્ટ અને શેડ્યૂલ મુજબ આગળ વધશે. વિક્રમ કુમારની કાર્યશૈલી પણ સામાન્ય રીતે લાંબી તૈયારી અને મજબૂત રાઈટિંગ પર આધારિત રહી છે.



# 180 બાળકોને ભણાવશે રશ્મિકા-વિજય, કપલે લીધી ખાસ જવાબદારી

## બંનેએ તેજસ્વી અને મહેનતુ વિદ્યાર્થીઓને અભ્યાસમાં આર્થિક મદદ મળી રહે તે માટે એક ખાસ સ્કોલરશિપ (શિષ્યવૃત્તિ) પહેલની શરૂઆત કરી હતી

મુંબઈ

સાઉથ સિનેમાના પાવર કપલ વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાના તેલંગાણામાં શિક્ષણ વ્યવસ્થાને વધુ બહેતર બનાવવા માટે આપેલું પોતાનું વચન પૂરું કરવામાં લાગી ગયા છે. બંનેએ તેજસ્વી અને મહેનતુ વિદ્યાર્થીઓને અભ્યાસમાં આર્થિક મદદ મળી રહે તે માટે એક ખાસ સ્કોલરશિપ (શિષ્યવૃત્તિ) પહેલની શરૂઆત કરી હતી.

રવિવારે વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાના તેલંગાણાના અચંપેટ મંડલના થુમ્મનપેટ ગામે પહોંચ્યા હતા. અહીં તેમણે જણાવ્યું કે, તેમનું સપનું છે કે હોનહાર વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવામાં આવે અને સમાજના એવા લોકોને કંઈક પરત કરી શકાય જેમના તરફથી તેમને કરિયરમાં આટલો બધો પ્રેમ અને સપોર્ટ મળ્યો છે. અભિનેતા વિજય દેવરકોંડાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર સ્કોલરશિપ માટે પસંદ કરાયેલા તેજસ્વી વિદ્યાર્થીઓની સત્તાવાર યાદી શેર કરી હતી. તેમણે લખ્યું- "અમે થુમ્મનપેટ જઈ રહ્યા છીએ, જે એ નાનકડું ગામ છે જ્યાં મારા પિતાનો જન્મ થયો હતો. ફેબ્રુઆરી મહિનામાં મેં અને રશ્મિકાએ અમારા એક નાના સપનાની શરૂઆત કરી હતી.

અમારો હેતુ તેલંગાણાના અચંપેટ મંડલના ૯મી અને ૧૦મી આઠમના મહેનતુ વિદ્યાર્થીઓને સન્માનિત કરવાનો હતો. અહીં એ 180 બાળકોની યાદી છે જેમણે પોતાના માતા-પિતાનું માથું ગર્વથી ઊંચું કર્યું છે." ગામમાં આયોજિત કાર્યક્રમ દરમિયાન વિજયે વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોને સંબોધતા કહ્યું કે, "આ સ્કોલરશિપ એક નાનકડી ભેટ છે, પરંતુ મારા માટે તેનું ખૂબ મહત્વ છે. હું તમારા જીવનનો એક ભાગ બનવા માંગું છું. પોતાના ગામથી શરૂઆત કરીને હું ઈચ્છું છું કે આ પહેલ ધીમે-ધીમે આખા તેલંગાણા સુધી પહોંચે, આ જ મારું સપનું છે." વિદ્યાર્થીઓને અભિનંદન આપતા અભિનેત્રી રશ્મિકા મંદાનાએ આ પહેલને લઈને ભારે ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. તેમણે ભાવુક થતા જણાવ્યું કે, "હું આજે બહુ વધારે નહીં બોલું, પરંતુ આજે અમે 'ધ દેવરકોંડા ફાઉન્ડેશન' (The Deverakonda Foundation) દ્વારા એક નવી અને સારી શરૂઆત કરી રહ્યા છીએ. અમે નક્કી કર્યું હતું કે આની શરૂઆત અચંપેટ અને થુમ્મનપેટથી કરીશું, જે મારા સસરાજીનું ગામ છે. આજે હું તમારી સામે 'રશ્મિકા મંદાના દેવરકોંડા' તરીકે ઊભી છું અને આપ સૌની સાથે વાત કરી રહી છું, હું ખૂબ જ ઉત્સાહિત છું."





# હેલિકોપ્ટર ક્રેશમાં અમેરિકન સિંગર ઓલિવર ટ્રીનું મૃત્યુ

## આર્જેન્ટિનાના યુટ્યુબર ગેસ્પીનો પણ જીવ ગયો

મુંબઈ

સિંગર-સોંગરાઈટર ઓલિવર ટ્રીનું બ્રાઝિલમાં હેલિકોપ્ટર ક્રેશમાં મૃત્યુ થયું. તેઓ 32 વર્ષના હતા. આ દુર્ઘટનામાં કુલ છ લોકોના જીવ ગયા. મૃતકોમાં ઓલિવર ટ્રી, આર્જેન્ટિનાના યૂટ્યુબર ગેસ્પર પ્રિમ (ગેસ્પી), લુકાસ વિગ્નેલ, લુકાસ બ્રિટો ચાવેસ અને પાયલટ એલેક્ઝાન્ડ્રે સૂઝા તથા ચાર્લ્સ માર્સિલેકનો સમાવેશ થતો હતો. દુર્ઘટના સમયે ઓલિવર ટ્રી ઈન્ટરનેશનલ ટૂર પર હતા. તેણે 6 જૂને સાઓ પાઉલોમાં પરફોર્મ કર્યું હતું અને 1 જુલાઈએ લિસ્બનમાં પરફોર્મ કરવાના હતા. તેમના સ્પેન, ઓસ્ટ્રિયા, યુનાઈટેડ સ્ટેટ્સ અને ચીનમાં પણ શો હતા.

ઓલિવર ટ્રી તેમના અલ્ટરનેટિવ, પોપ અને ઈલેક્ટ્રોનિક મ્યુઝિકના મિશ્રણ માટે જાણીતા હતા. તેમને 'લાઈફ ગોઝ ઓન' અને 'મિસ યુ' જેવા ગીતોથી દુનિયાભરમાં ઓળખ મળી. ન્યૂઝ એજન્સી ANIના રિપોર્ટ અનુસાર, આ દુર્ઘટના રવિવારે રિયો ડી જેનેરિયોમાં થઈ હતી, જ્યારે બે હેલિકોપ્ટર હવામાં ટકરાયા હતા. ટક્કર બાદ બંને એરક્રાફ્ટ ક્રેશ થઈ ગયા અને ઘટનાસ્થળે આગ લાગી ગઈ. અધિકારીઓએ તપાસ શરૂ કરી દીધી છે અને દુર્ઘટનાનું કારણ શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે. દુર્ઘટનાની તપાસમાં પોલીસ જોડાઈ રિયો ડી જાનેરો સ્ટેટ સિવિલ પોલીસે પુષ્ટિ કરી છે કે કેસની તપાસ ચાલી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર, ફોરેન્સિક ટીમોએ ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું છે અને સેન્ટર ફોર ધ ઈન્વેસ્ટિગેશન એન્ડ પ્રિવેન્શન ઓફ એરોનોટિકલ એક્સિડન્ટ્સના રિપોર્ટની રાહ જોઈ રહી છે. મૃતકોની ઓળખ માટે ફોરેન્સિક ટેસ્ટ પણ કરવામાં આવશે. મળતી માહિતી મુજબ, એક હેલિકોપ્ટરમાં સવાર પાંચ લોકો અને બીજા હેલિકોપ્ટરના પાયલટનું મોત થયું છે. કોઈના બચવાની ખબર નથી. ઓલિવર ટ્રીએ વર્ષ 2010માં પોતાની મ્યુઝિક કારકિર્દીની શરૂઆત કરી અને શરૂઆતમાં 'ટ્રી' નામથી ગીતો રિલીઝ કર્યા. 2017માં તેમનું ગીત 'વેન આઈ એમ ડાઉન' વાયરલ થયું, ત્યારબાદ તેમણે એટલાન્ટિક રેકોર્ડ્સ સાથે કરાર કર્યો. તેમનો EP 'એલિયન બોય' 2018માં રિલીઝ થયો, જેનાથી તેમને ઓળખ મળી. તેમનો પહેલો સ્ટુડિયો આલ્બમ 'અગ્લી ઈઝ બ્યુટીફુલ' 2020માં રિલીઝ થયો અને તેને ખૂબ પસંદ કરવામાં આવ્યો. 2021માં તેમનું ગીત 'લાઈફ ગોઝ ઓન' દુનિયાભરમાં હિટ થયું. 2022માં 'મિસ યુ'એ પણ ઘણી સફળતા મેળવી.

# 'ગદર' ફિલ્મના 25 વર્ષ પૂરા: ડાયરેક્ટર અનિલ શર્માએ 'ગદર 3' પર આપ્યું મોટું અપડેટ, 2027 માં શરૂ થઈ શકે છે શૂટિંગ

મુંબઈ

બોલિવૂડ સુપરસ્ટાર સની દેઓલની આઈકોનિક ફિલ્મ 'ગદર: એક પ્રેમ કથા' ના રિલીઝને આવતીકાલે એટલે કે 15 જૂનના રોજ સફળતાપૂર્વક 25 વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ ખાસ અને ઐતિહાસિક અવસર પર ફિલ્મના પ્રખ્યાત ડાયરેક્ટર અનિલ શર્માએ ચાહકોને એક શાનદાર સરપ્રાઈઝ આપતાં 'ગદર 3' વિશે મોટું અપડેટ આપ્યું છે. તેમણે સત્તાવાર પુષ્ટિ કરી છે કે તેઓ આ સુપરહિટ ફ્રેન્ચાઈઝીના ત્રીજા ભાગ પર સક્રિયપણે કામ કરી રહ્યા છે. અનિલ શર્માએ જણાવ્યું કે હાલમાં ફિલ્મની સ્ક્રિપ્ટ ડેવલપમેન્ટ સ્ટેજમાં છે. જો બધું આયોજન મુજબ યોગ્ય રહેશે તો વર્ષ 2027 માં આ ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દેવામાં આવશે. વાર્તા અંગે વાત કરતા ડાયરેક્ટરે ઉમેર્યું, "જ્યારે ઉત્કર્ષ શર્મા મોટો થયો ત્યારે લોકો મને 'જીતે' પર ફિલ્મ બનાવવા કહેતા હતા. પણ મારો નિયમ સ્પષ્ટ છે, જો ગદરની વાર્તા બોમ્બ હતી, તો 'ગદર 2' ની વાર્તા પરમાણુ બોમ્બ જેવી શક્તિશાળી હોવી જરૂરી હતી અને તેણે ઈતિહાસ રચ્યો. હવે ગદર 3 માટે જો મને તેનાથી પણ વધુ પાવરફુલ આઈડિયા મળશે, તો જ અમે આગળ વધીશું." વર્ષ 2001 માં રિલીઝ થયેલી 'ગદર' આમિર ખાનની સુપરહિટ ફિલ્મ 'લગાન' સાથે ટકરાઈ હોવા છતાં બોક્સ ઓફિસ પર સુનામી લાવી હતી. અનિલ શર્માના જણાવ્યા અનુસાર, ગદર ભારતીય સિનેમાના ઈતિહાસની સૌથી મોટી હિટ ફિલ્મ છે, કારણ કે તે સમયે થિયેટરોમાં રેકોર્ડબ્રેક 10 કરોડ લોકોએ ટિકિટ ખરીદીને ફિલ્મ જોઈ હતી, જે એક એવો રેકોર્ડ છે જેને આજે પણ કોઈ તોડી શક્યું નથી. વર્ષ 2023 માં આવેલી 'ગદર 2' ની બમ્પર સફળતા બાદ, હવે ગદર 3 માં ફરી એકવાર સની દેઓલ 'તારા સિંહ' અને અમીષા પટેલ 'સકીના' ના રોલમાં મોટા પડદા પર ધમાકો કરવા તૈયાર છે.



પાક્કો ગુજરાત
મંગળવાર | 16 જૂન 2026 | અમદાવાદ

### દીપ્તિ શર્માએ માત્ર 10 રન આપીને 5 વિકેટ ઝડપી; સ્મૃતિ મંધાનાએ 68 રન ફટકાર્યા

# ઈન્ડિયા વુમન્સ T20 વર્લ્ડ કપ: ભારતે પાકિસ્તાનને 64 રને હરાવ્યું

બર્મિંગહામ

ઈન્ડિયા વુમન્સ T20 વર્લ્ડ કપમાં પાકિસ્તાનને 64 રનથી હરાવી દીધું છે. બર્મિંગહામના એજબેસ્ટનમાં ભારતીય ટીમે ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી અને 20 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 170 રન બનાવ્યા. ભારત તરફથી સ્મૃતિ મંધાનાએ ફિફ્ટી ફટકારી. તેણે 44 બોલમાં 68 રન બનાવ્યા, જેમાં 9 ચોગ્ગા અને 2 સિક્સર પણ સામેલ છે. કેપ્ટન હરમનપ્રીત કૌરે 36 રનની ઈનિંગ્સ રમી. રિચા ઘોષે 17 બોલમાં 34 રન બનાવ્યા. પાકિસ્તાન તરફથી સાદિયા ઈકબાલ અને ફાતિમા સનાએ 2-2 વિકેટ લીધી. તસ્મિયા રુબાબ અને રામીન શમીમને 1-1 સફળતા મળી. 171 રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી પાકિસ્તાનની ટીમ 17 ઓવરમાં 106 રનના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ. મુનીબા અલીએ સૌથી વધુ 41 રન બનાવ્યા. ભારત તરફથી દીપ્તિ શર્માએ શાનદાર બોલિંગ કરતા માત્ર 10 રન આપીને 5 વિકેટ ઝડપી. શ્રી ચરણીને 3 અને શેફાલી વર્માને એક વિકેટ મળી. દીપ્તિ શર્માની 5 વિકેટની મદદથી ભારતે પાકિસ્તાનને 106 રનમાં ઓલઆઉટ કરીને 64 રનથી શાનદાર જીત નોંધાવી છે. પાકિસ્તાનને છેલ્લી 18 બોલમાં 65 રનની જરૂર હતી, પરંતુ દીપ્તિએ 17મી ઓવરમાં જ મેચ ખતમ કરી દીધી.



દીપ્તિએ આ ઓવરમાં ત્રણ વિકેટ ઝડપી. પહેલા તેણે આલિયા રિયાઝ (18)ને ડીપ મિડવિકેટ પર કેચ કરાવી. ત્યારબાદ તસ્મિયા રુબાબ ખાતું ખોલાવ્યા વિના જેમિમાહ રોડ્રિગ્સને કેચ આપી બેઠી. ઓવરના છેલ્લા બોલ પર નશરા સંધુ પણ શોર્ટ મિડવિકેટ પર હરમનપ્રીત કૌરને કેચ આપીને આઉટ થઈ ગઈ. મેચ પર ભારતની પકડ વધુ મજબૂત બની ગઈ છે. 15મી ઓવરમાં શ્રી ચરણીએ રામીન શમીમને આઉટ કરીને પાકિસ્તાનની સાતમી વિકેટ ઝડપી લીધી. ચરણીના સ્લોઅર બોલ પર શમીમ આગળ વધીને કવરની ઉપરથી શોટ રમવા માંગતી હતી, પરંતુ આઉટસાઈડ એડ્જ વાગીને બોલ હવામાં ગયો. બેકવર્ડ પોઈન્ટ પર હાજર શ્રેયંકા પાટિલે જમણી તરફ દોડીને ડાઈવ લગાવી અને એક શાનદાર કેચ ઝડપી લીધો. શમીમ 6 બોલમાં 4 રન બનાવીને આઉટ થઈ. 14 ઓવર પછી પાકિસ્તાનનો સ્કોર 89/6 છે. ટીમને હવે જીતવા માટે 36 બોલમાં 82 રનની જરૂર છે અને રન રેટ 13.67ની નજીક પહોંચી ગયો છે. શેફાલી વર્માએ પોતાની બીજી ઓવરમાં માત્ર 6 રન આપ્યા અને બેટર્સને મુક્તપણે રમવાની કોઈ તક આપી નહીં. આ ઓવરમાં રિચા ઘોષે રનઆઉટની એક તક ગુમાવી દીધી. આલિયા રિયાઝે રન લેવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ રિચાનો અંડરઆર્મ થ્રો વિકેટ પર વાગ્યો નહીં. પાકિસ્તાનની સેટ બેટર મુનીબા અલી રનઆઉટ થઈ ગઈ. શ્રેયંકા પાટિલના બોલ પર નતાલિયાએ પોઈન્ટની દિશામાં શૉટ રમ્યો અને રન લેવા માટે દોડી પડી. દીપ્તિ શર્માએ થ્રો મારીને મુનીબા અલીને આઉટ કરી દીધી. મુનીબા 35 બોલમાં 41 રન બનાવીને આઉટ થઈ.

## ફૂટબોલ વર્લ્ડ કપમાં જર્મનીની મોટી જીત

મુંબઈ

ચાર વખતની વર્લ્ડ ચેમ્પિયન જર્મનીએ ફૂટબોલ વર્લ્ડ કપમાં પોતાના અભિયાનની ધમાકેદાર શરૂઆત કરી છે. ટીમે રવિવારે રાત્રે કુરાસાઓને 7-1થી હરાવી દીધું. ગ્રુપ-Eની આ મેચના છઠ્ઠા મિનિટમાં જર્મનીએ ગોલ કર્યો. પછી પહેલીવાર વર્લ્ડ કપ રમી રહેલા કુરાસાઓએ પણ ગોલ કર્યો. આ તેનો ટુર્નામેન્ટના ઈતિહાસમાં પહેલો ગોલ છે.

જર્મનીએ બીજા હાફમાં 6 ગોલ કરીને મેચને એકતરફી બનાવી દીધી. હ્યુસ્ટન સ્ટેડિયમમાં જર્મનીના કાઈ હાવર્ટ્ઝે ડબલ ગોલ કર્યા, જ્યારે ટીમના અન્ય 6 ખેલાડીઓએ પણ ગોલ કરીને સ્કોરશીટમાં પોતાનું નામ નોંધાવ્યું. જર્મની હવે તેની આગામી મેચમાં આઈવરી કોસ્ટ સામે રમશે, જ્યારે કુરાસાઓની ટીમ ઈક્વાડોર સામે મેદાનમાં ઉતરશે. કુરાકાઓ વર્લ્ડ કપ રમવાવાળો અત્યાર સુધીનો સૌથી નાનો દેશ બન્યો છે. ટીમે પોતાનો પહેલો ગોલ પણ કર્યો. 21મી મિનિટે લિવાનો કોમેનેન્સિયાએ આ ગોલ કર્યો. 40 વર્ષ, 79 દિવસના મેન્યુઅલ નોયર કોઈ મોટી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં રમવાવાળા જર્મનીના સૌથી વૃદ્ધ ખેલાડી બની ગયા. તેમણે લોથાર મથાઉસ (UEFA યુરો 2000)નો રેકોર્ડ તોડ્યો. જર્મનીએ મેચની શરૂઆત આક્રમક અંદાજમાં કરી. છઠ્ઠી મિનિટે ફ્લોરિયન વિર્ટ્ઝના પાસ પર ફેલિક્સ નેમેચાએ ગોલ કરીને ટીમને 1-0ની લીડ અપાવી. પછી 21મી મિનિટે કુરાકાઓએ મુકાબલામાં વાપસી કરતા પોતાનો પહેલો વર્લ્ડ કપ ગોલ કર્યો. લિવાનો કોમેનેન્સિયાએ બોક્સની વચ્ચેથી શાનદાર શોટ લગાવીને સ્કોર 1-1 કરી દીધો. જર્મનીએ ટૂંક સમયમાં જ મેચ પર ફરીથી નિયંત્રણ મેળવી લીધું. 38મી મિનિટે નિકો શ્લોટરબેકે કોર્નર પર હેડર મારીને ટીમને 2-1થી આગળ કરી દીધી. પ્રથમ હાફના ઈન્જરી ટાઈમમાં ફેલિક્સ નેમેચાને બોક્સમાં પાડી દેવાતા જર્મનીને પેનલ્ટી મળી. કાઈ હાવર્ટ્ઝે તેને ગોલમાં ફેરવીને સ્કોર 3-1 કરી દીધો.

**ઓસ્ટ્રેલિયા અને સ્કોટલેન્ડ પણ જીત્યા**

## ધીરજ-કુમકુમની જોડીએ રચ્યો ઈતિહાસ, દક્ષિણ કોરિયાને હરાવીને જીત્યો ગોલ્ડ મેડલ

મુંબઈ

14 જૂન ભારતીય તીરંદાજી માટે ઐતિહાસિક દિવસ સાબિત થયો. સ્ટાર તીરંદાજ ધીરજ બોમ્મદેવરા અને યુવા સેન્સેશન કુમકુમ મોહોડની જોડીએ તીરંદાજી વર્લ્ડ કપ સ્ટેજ 3માં સુવર્ણ ચંદ્રક જીતીને વિશ્વભરમાં ભારતનું નામ રોશન કર્યું. ભારતીય રિકર્વ મિશ્ર ટીમે ફાઈનલમાં રમતની મહાસત્તા અને ઓલિમ્પિક ચેમ્પિયન દક્ષિણ કોરિયાને સીધા સેટમાં હરાવીને સનસનાટી મચાવી. 24 વર્ષીય ધીરજ અને માત્ર 17 વર્ષીય કુમકુમની જોડીએ ફાઈનલમાં દક્ષિણ કોરિયાના દિગ્ગજ તીરંદાજ ઓહ યે જિન અને કિમ જે દેઓકને સીધા સેટમાં હરાવીને સનસનાટી મચાવી છે. ભારતીય રિકર્વ મિશ્ર ટીમે ફાઈનલમાં રમતની મહાસત્તા અને ઓલિમ્પિક ચેમ્પિયન દક્ષિણ



કોરિયાને સીધા સેટમાં હરાવીને સનસનાટી મચાવી. 24 વર્ષીય ધીરજ અને માત્ર 17 વર્ષીય કુમકુમની જોડીએ ફાઈનલમાં દક્ષિણ કોરિયાના દિગ્ગજ તીરંદાજ ઓહ યે જિન અને કિમ જે દેઓકને હરાવ્યા. ભારતીય રિકર્વ મિશ્ર ટીમે ફાઈનલમાં રમતની સુપરપાવર અને ઓલિમ્પિક ચેમ્પિયન દક્ષિણ કોરિયાને સીધા સેટમાં હરાવીને સનસનાટી મચાવી હતી. ધીરજ બોમ્મદેવરા અને કુમકુમ મોહોદે ઓહ યે જિન અને કિમ જે દેઓકને 5-1 (37-36, 37-36, 39-39) ના મોટા માર્જિનથી હરાવ્યા હતા. ભારતીય તીરંદાજોએ સમગ્ર મેચ દરમિયાન જબરદસ્ત સંયમ અને સચોટ શૂટિંગનું પ્રદર્શન કર્યું હતું, જેના કારણે કોરિયન ટીમ સંપૂર્ણપણે અસુરક્ષિત રહી ગઈ હતી. ટાઈટલ મુકાબલાની તણાવપૂર્ણ અંતિમ ક્ષણોમાં પણ, ભારતીય જોડીએ પોતાની હિંમત જાળવી રાખી હતી.

## ટ્રાઈ સિરીઝ: સુપર ઓવરમાં ઈન્ડિયા-A હાર્યું

### શ્રીલંકાના 17 રનના ટાર્ગેટ સામે માત્ર 9 રન જ બનાવી શક્યું; વૈભવ અને શ્રીલંકન પ્લેયર્સ બાખડ્યા

દાંબુલા

ઈન્ડિયા-A અને શ્રીલંકા-A વચ્ચે ટ્રાઈ સિરીઝની મેચ રોમાંચક અંદાજમાં ટાઈ પર સમાપ્ત થયો. મેચનો નિર્ણય સુપર ઓવરમાં થશે. જીતવા માટે છેલ્લા બોલ પર શ્રીલંકા-Aને 2 રનની જરૂર હતી, પરંતુ ટીમ માત્ર 1 રન જ બનાવી શકી અને સ્કોર બરાબરી પર પહોંચી ગયો. ઈન્ડિયા-Aએ દાંબુલામાં રમાઈ રહેલી મેચમાં શ્રીલંકાને 266 રનનો ટાર્ગેટ આપ્યો હતો. ટીમ ઈન્ડિયા 49.2 ઓવરમાં 265 રન પર ઓલઆઉટ થઈ ગઈ હતી. 15 વર્ષનો વૈભવ સૂર્યવંશી વન-ડે ટ્રાય સિરીઝમાં વધુ એક વખત નિષ્ફળ રહ્યો છે. તે આજની મેચમાં માત્ર 21 રન જ બનાવી શક્યો. વૈભવ ઉપરાંત, અનુકુલ રોય 8 રન, નિશાંત સિંધુ 6 રન, આયુષ બદોની 15 રન અને પ્રભસિમરન સિંહ 11 રન બનાવીને આઉટ થયા. જોકે ઋતુરાજ ગાયકવાડ



(37 રન) અને તિલક વર્મા (23 રન) એ 52 રનની ભાગીદારી કરીને ભારતીય ટીમને સંભાળી હતી. અંતમાં સૂર્યાંશ શેડગે (72 રન) અને વિપરાજ નિગમે (51 રન) 104 રનની ભાગીદારી કરીને ટીમનો સ્કોર 250ને પાર પહોંચાડી દીધો. ટીમ ઈન્ડિયા 49.2 ઓવરમાં 265 રન પર ઓલઆઉટ થઈ ગઈ. શ્રીલંકાના વિજયકાંત વિયાસકાંત અને મોહમ્મદ શિરાજે 3-3 વિકેટ ઝડપી. વૈભવ આ ટ્રાઈ-સિરીઝમાં એક પણ ફિફ્ટી ફટકારી શક્યો નથી. તેણે શ્રીલંકા-A સામેની છેલ્લી મેચમાં 14 રન અને અફઘાનિસ્તાન સામે 22 બોલમાં 44 રન બનાવ્યા હતા. મેચ ખતમ થયા પછી સાંજે 6:10 વાગ્યે અમ્પાયરો અને ભારતીય ટીમ વચ્ચે સુપર ઓવરને લઈને ચર્ચા થઈ. પ્રકાશ ઓછો થઈ રહ્યો હતો અને શરૂઆતી સંકેતો એ જ હતા કે મેચને ટાઈ જાહેર કરી દેવામાં આવશે. ભારતીય ખેલાડીઓ મેદાન પરથી પાછા ફરતા પણ જોવા મળ્યા. જોકે કેપ્ટન તિલક વર્મા આ નિર્ણયથી સહમત દેખાયો નહીં. તે અમ્પાયરો સાથે સતત વાતચીત કરતો રહ્યો અને પીચ તરફ ઈશારો કરીને એ સમજાવવાનો પ્રયાસ કરતો રહ્યો કે હજુ પણ રમત માટે પૂરતો પ્રકાશ હાજર છે. તિલક ખૂબ જ જોશમાં જોવા મળ્યો અને સુપર ઓવર કરાવવાની માગ કરતો રહ્યો. છેલ્લા બોલ નંખાયાના પાંચ મિનિટ પછી પણ સત્તાવાર પુષ્ટિ થઈ નહોતી. જ્યારે બધાને લાગી રહ્યું હતું કે મેચ ટાઈ પર ખતમ થઈ ગઈ છે, અમ્પાયરોએ પોતાનો નિર્ણય બદલ્યો અને સુપર ઓવર કરાવવાની જાહેરાત કરી દીધી. મેચનો નિર્ણય છેલ્લા બોલ સુધી આવી શક્યો નહીં અને ઈન્ડિયા-A તથા શ્રીલંકા-A વચ્ચેનો મુકાબલો ટાઈ પર સમાપ્ત થયો. છેલ્લી ઓવરમાં શ્રીલંકાને 5 બોલમાં 5 રનની જરૂર હતી, પરંતુ અરશદ ખાને પહેલા સદીરા સમરવિક્રમા (93)ને બોલ્ડ કરીને મેચ પલટી દીધી. છેલ્લા બોલ પર શ્રીલંકાને જીતવા માટે 2 રનની જરૂર હતી. ચમિકાના પેડ સાથે અડીને બોલ વિકેટકીપરની બાજુમાંથી નીકળી ગયો અને બેટર્સ પહેલો રન પૂરો કરીને સ્કોર સરખો કરી દીધો.



### મે મહિનામાં તે 9.68% પર પહોંચી, રોજિંદી જરૂરિયાતની વસ્તુઓ અને ઇંધણ મોંઘા થયા

# જથ્થાબંધ મોંઘવારી 43 મહિનામાં સૌથી વધુ

મુંબઈ

મે મહિનામાં જથ્થાબંધ મોંઘવારી (WPI) વધીને 9.68% પર પહોંચી ગઈ છે. આ પહેલા એપ્રિલમાં તે 8.30% પર હતી. મે મહિનામાં મોંઘવારી 43 મહિનામાં સૌથી વધુ છે. સપ્ટેમ્બર 2022માં તે 10.70% પર પહોંચી ગઈ હતી. વાણિજ્ય મંત્રાલયે આજે એટલે કે 15 જૂને જથ્થાબંધ મોંઘવારીના આંકડા જાહેર કર્યા છે. મોંઘવારી વધવાનું કારણ રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓ અને ઈંધણના ભાવ વધવા છે.

આ વધારો એવા સમયે થયો છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધેલો છે. જો આ તણાવ લાંબો ચાલશે તો મોંઘવારી આગળ વધી શકે છે. પ્રાઈમરી આર્ટિકલ, જેનું વેઈટેજ 22.62% છે. ફ્યુઅલ એન્ડ પાવરનું વેઈટેજ 13.15%



અને મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટનું વેઈટેજ સૌથી વધુ 64.23% છે. પ્રાઈમરી આર્ટિકલના પણ ચાર ભાગ છે. ખાદ્ય પદાર્થો જેમ કે અનાજ, ઘઉં, શાકભાજી બિન-ખાદ્ય પદાર્થોમાં તેલીબિયાં આવે છે ખનિજો ક્રૂડ પેટ્રોલિયમ મે મહિનામાં છૂટક મોંઘવારી 3.93% રહી મે મહિનામાં છૂટક મોંઘવારી વધીને 3.93% પર પહોંચી ગઈ, જે એપ્રિલમાં 3.48% હતી. છેલ્લા 5 મહિનામાં આ પહેલીવાર છે જ્યારે છૂટક મોંઘવારી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના 4% ના લક્ષ્યની ખૂબ નજીક પહોંચી ગઈ છે.

જથ્થાબંધ મોંઘવારી લાંબા સમય સુધી વધતી રહેવાથી મોટાભાગના ઉત્પાદક ક્ષેત્રો પર તેની ખરાબ અસર પડે છે. જો જથ્થાબંધ ભાવ લાંબા સમય સુધી ઊંચા સ્તરે રહે છે, તો ઉત્પાદકો તેનો બોજ ગ્રાહકો પર નાખી દે છે. સરકાર ફક્ત ટેક્સ દ્વારા WPI ને નિયંત્રિત કરી શકે છે. જેમ કે, ક્રૂડ ઓઈલમાં તીવ્ર વધારાની સ્થિતિમાં સરકારે ઈંધણ પર એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કર્યો હતો. જોકે, સરકાર ટેક્સ કપાત એક મર્યાદામાં જ ઓછી કરી શકે છે. WPIમાં મેટલ, કેમિકલ, પ્લાસ્ટિક, રબર જેવા ફેક્ટરી સંબંધિત સામાનનું વધુ વેઈટેજ હોય છે.

### સોનું ₹2,369 મોંઘું થઈને ₹1.50 લાખ/10gm થયું

# ચાંદી ₹8,429 વધીને ₹2.51 લાખ પર પહોંચી: આ વર્ષે કિંમત ₹21 હજાર વધી

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં 15 જૂને તેજી જોવા મળી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદી 8,429 રૂપિયા વધીને 2.51 લાખ રૂપિયા પર પહોંચી ગઈ. આ પહેલા તેની કિંમત 2.43 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી. જ્યારે, 10 ગ્રામ 24 કેરેટ સોનું 2,369 રૂપિયા વધીને 1.50 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. સોના-ચાંદીમાં આ તેજી અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ વાટાઘાટો ફરી શરૂ થવાથી આવી છે. આનાથી ક્રૂડ ઓઈલની કિંમતો ઘટી છે, મોંઘવારીનો ડર ઓછો થયો અને ડોલર નબળો પડ્યો, જેના કારણે રોકાણકારો સોના-ચાંદી તરફ પાછા ફર્યા છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 17 હજાર રૂપિયા અને ચાંદી 21 હજાર રૂપિયા મોંઘી થઈ છે. 31



ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.50 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. જ્યારે, ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.51 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.આ પહેલા તેની કિંમત 2.43 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી. જ્યારે, 10 ગ્રામ 24 કેરેટ સોનું 2,369 રૂપિયા વધીને 1.50 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. સોના-ચાંદીમાં આ તેજી અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ વાટાઘાટો ફરી શરૂ થવાથી આવી છે. આનાથી ક્રૂડ ઓઈલની કિંમતો ઘટી છે, મોંઘવારીનો ડર ઓછો થયો અને ડોલર નબળો પડ્યો.

### મોંઘવારીથી પીડાતી દુનિયા માટે કેમ આ મોટી રાહત છે

# અમેરિકા-ઈરાન વચ્ચે 'ડીલ' બાદ ક્રૂડ ઓઈલની કિંમતોમાં કડાકો

### દુનિયા માટે સૌથી મહત્વપૂર્ણ ગણાતો આ દરિયાઈ રૂટ ફરીથી ખૂલવાના સમાચાર આવતાની સાથે જ સોમવારે શરૂઆતી કારોબારમાં આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રૂડ ઓઇલના ભાવ ક્રેશ થઈ ગયા છે

મુંબઈ

અમેરિકા અને ઈરાન વચ્ચે લાંબા સમય બાદ આખરે એક વ્યાપક શાંતિ સમજૂતી પર સહમતિ સધાઈ ગઈ છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ ઐતિહાસિક ડીલની જાહેરાત કરવાની સાથે જ હોર્મુઝ સ્ટ્રેટ પરથી અમેરિકન નૌસેનાની ઘેરાબંધી અને નાકાબંધી હટાવવાની મંજૂરી આપી દીધી છે. દુનિયા માટે સૌથી મહત્વપૂર્ણ ગણાતો આ દરિયાઈ રૂટ ફરીથી ખૂલવાના સમાચાર આવતાની સાથે જ સોમવારે શરૂઆતી કારોબારમાં આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવ ક્રેશ થઈ ગયા છે. સમાચાર આવતા જ ક્રૂડ ઓઈલ કેટલું સસ્તું થયું? અમેરિકા-ઈરાન શાંતિ કરાર પર મહોર વાગતાની સાથે જ ક્રૂડ ઓઈલના વાયદા બજારમાં ભારે ઘટાડો નોંધાયો છે: બ્રેન્ટ ક્રૂડ (Brent Crude Futures): સોમવારે શરૂઆતી ટ્રેડિંગમાં બ્રેન્ટ ક્રૂડનો ભાવ 4% જેટલો ગગડીને 83 ડોલર પ્રતિ બેરલ પર આવી ગયો છે.

WTI ક્રૂડ (WTI Crude Price): અમેરિકા વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિએટ ક્રૂડના ભાવમાં 4.6% થી વધુનો મોટો કડાકો બોલાયો છે અને તે 80 ડોલર પ્રતિ બેરલની નજીક પહોંચી ગયો છે. મુરબાન ક્રૂડ




(Murban Crude): આ સિવાય મુરબાન ક્રૂડ પણ આંતરરાષ્ટ્રીય બજારમાં 83 ડોલર પર ટ્રેડ કરતું જોવા મળ્યું હતું. ડોનાલ્ડ ટ્રમ્પે 'ટ્રુથ સોશિયલ' પર શું લખ્યું? અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ્રુથ સોશિયલ' (Truth Social) પર આ ડીલ અંગે ખુશી વ્યક્ત કરતા લખ્યું કે: 'ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન સાથેની ડીલ હવે સંપૂર્ણ રીતે પાકી થઈ ગઈ છે, સૌને ખૂબ-ખૂબ અભિનંદન! હું આ કરાર દ્વારા હોર્મુઝ સ્ટ્રેટ (Strait of Hormuz) ને કોઈપણ રોકટોક વગર ટોલ-ફ્રી ખોલવાની અને સાથે જ અમેરિકન નૌસેનાની નાકેબંધી તાત્કાલિક હટાવવાની મંજૂરી આપું છું.

દુનિયાભરના જહાજો, પોતાના એન્જિન સ્ટાર્ટ કરો અને તેલની સપ્લાય શરૂ થવા દો!' મોંઘવારીથી પીડાતી દુનિયા માટે કેમ આ મોટી રાહત છે? ઉલ્લેખનીય છે કે, વીતેલા મહિનાઓમાં અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે શરૂ થયેલી ભયાનક જંગને કારણે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરવાનો નિર્ણય લીધો હતો. આ રૂટ બંધ થવાથી દુનિયાભરમાં તેલ અને ગેસનું ભારે સંકટ ઊભું થયું હતું

લાંબા સમય સુધી ક્રૂડ ઓઈલનો ભાવ 100 થી 115 ડોલર પ્રતિ બેરલની આસપાસ રહ્યો હતો, જેના કારણે ભારત સહિત વિશ્વના તમામ દેશોમાં પેટ્રોલ-ડીઝલથી લઈને એલપીજી (LPG) ના ભાવ આસમાને પહોંચ્યા હતા. જોકે, છેલ્લા કેટલાક દિવસોથી તેલનો ભાવ 90 ડોલરની નીચે ટ્રેડ થઈ રહ્યો હતો, પણ હવે હોર્મુઝ ફરી ખુલવાને કારણે સપ્લાય ચેઈન સુચારુ થશે. નિષ્ણાતોના મતે ક્રૂડ ઓઈલમાં આવેલા આ મોટા ઘટાડાથી આગામી દિવસોમાં સામાન્ય જનતાને પેટ્રોલ, ડીઝલ અને રાંધણ ગેસ (LPG) ના ભાવમાં મોટી રાહત મળી શકે છે.

## સેન્સેક્સ 736 અંક વધીને 76,264 પર બંધ

- ઈરાન-અમેરિકા વચ્ચે સમજૂતીના સમાચારોથી શેરબજારમાં તેજી
- ઓટો અને બેન્કિંગ શેરોમાં ખરીદી

મુંબઈ

ઈરાન-અમેરિકા વચ્ચે સંભવિત શાંતિ કરારના સમાચારને કારણે આજે એટલે કે 15 જૂને શેરબજારમાં તેજી જોવા મળી. સેન્સેક્સ 736 પોઈન્ટના ઉછાળા સાથે 76,264 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 231 પોઈન્ટનો ઉછાળો રહ્યો, તે 23,853ના સ્તરે પહોંચી ગયો છે. ઓટો, બેંક અને રિયલ્ટી શેરોમાં સૌથી વધુ ખરીદીનો ટ્રેન્ડ છે. આ તરફ, હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાના સમાચારને કારણે બ્રેન્ટ ક્રૂડ એટલે કે ક્રૂડ ઓઈલના ભાવમાં આજે 4%નો ઘટાડો થયો છે. તે $83 પ્રતિ બેરલ પર આવી ગયું છે. આ પહેલા શુક્રવારે એટલે કે 12 જૂને શેરબજારમાં ઘટાડો રહ્યો હતો. સેન્સેક્સ 1,695 અંક ઉછળીને 75,527 પર બંધ થયો. જ્યારે નિફ્ટીમાં પણ 461 અંકની તેજી રહી હતી, તે 23,622 ના સ્તર પર બંધ થયો હતો. સોમવારે અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરારના સમાચાર બાદ સ્થાનિક શેરબજારોમાં ભારે ઉછાળો જોવા મળ્યો. વૈશ્વિક સ્તરે જોખમ લેવાની ક્ષમતામાં વધારો થવાને કારણે રોકાણકારોએ ભારે ખરીદી કરી, બંને મુખ્ય સૂચકાંકો - સેન્સેક્સ અને નિફ્ટીને નોંધપાત્ર વધારા સાથે વેપાર કરવા દબાણ કર્યું. સવારે 9:18 વાગ્યા સુધીમાં, BSE સેન્સેક્સ 1,140.69 પોઈન્ટ (1.51%) વધીને 76,668.64 પર પહોંચ્યો હતો. દરમિયાન, NSE નિફ્ટી50 341.60 પોઈન્ટ (1.45%) વધીને 23,964.50 ના સ્તરે ટ્રેડ થયો હતો. ત્યારે બપોરે 3.30 કલાકે સેન્સેક્સ અને નિફ્ટી બંને લીલા નિશાનમાં બંધ થયા. સેન્સેક્સ 736.38 પોઈન્ટના વધારા સાથે 76,264.33 અંકે બંધ થયો. જ્યારે નિફ્ટી 231.00 પોઈન્ટના વધારા સાથે 23,853 અંકે બંધ થયો.

# રતનપોળની ઐતિહાસિક 'બળેલી હવેલી'માં સ્ટે ઓર્ડર હોવા છતાં ખડકાયું ગેરકાયદેસર બાંધકામ




**અમદાવાદના હેરિટેજ વિસ્તારમાં કાયદાના ધજાગરા : રાજકીય વગ સામે તંત્ર નતમસ્ત?**

અમદાવાદ

અમદાવાદના હાર્દ સમાન અને ઐતિહાસિક ઓળખ ધરાવતા રતનપોળ વિસ્તારમાંથી કાયદો અને વ્યવસ્થાની આબરૂના લીરેલીરા ઉડાડતો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં આવેલી ઐતિહાસિક 'બળેલી હવેલી'માં તમામ નિયમોને નેવે મૂકીને ખુલ્લેઆમ ગેરકાયદેસર બાંધકામનો મોટો ખેલ ખેલાઈ ગયો છે. સૌથી ગંભીર બાબત એ છે કે આ મામલે નામદાર કોર્ટનો સ્ટે ઓર્ડર હોવા છતાં અને સ્થાનિક રહીશો દ્વારા વારંવાર લેખિત ફરિયાદો કરવા છતાં, વહીવટી તંત્રની મીઠી નજર હેઠળ આખેઆખું ગેરકાયદેસર બાંધકામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

સ્થાનિક રહીશ દ્વારા છેલ્લા 6 મહિનાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) અને સંબંધિત વિભાગોમાં પુરાવાઓ સાથે અનેક રજૂઆતો કરવામાં આવી હતી. કાયદાકીય લડત લડીને બાંધકામ સામે સ્ટે ઓર્ડર પણ મેળવવામાં આવ્યો હતો. પરંતુ રતનપોળના સ્થાનિકોમાં અત્યારે ભારે રોષ સાથે એક જ ચર્ચા ચાલી રહી છે કે, અહીં રાજકીય વગ ધરાવતા માથાભારે લોકો સક્રિય હોવાને કારણે જાણે 'સ્ટે ઓર્ડરની એસી કી તેસી' થઈ ગઈ હોય તેમ તંત્ર મૂકપ્રેક્ષક બની રહ્યું અને બાંધકામ ધમધમાટ પૂરું થઈ ગયું. ફરિયાદીનો સીધો આક્ષેપ છે કે તમામ મજબૂત પુરાવાઓ અને વારંવારની રજૂઆતો છતાં જવાબદાર અધિકારીઓ દ્વારા સમયસર કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. જ્યારે પણ સંબંધિત વિભાગને ગેરકાયદેસર કામગીરી અંગે જાણ કરવામાં આવતી, ત્યારે રાજકીય વગદારો અને અસામાજિક તત્વોના જોરે કામ ચાલુ જ રાખવામાં આવતું હતું. કાયદાનો ડર તો આ તત્વોમાં ક્યાંય દેખાતો નથી, પણ સવાલ એ છે કે જનતાના ટેક્સ પર નભતું કોર્પોરેશનનું તંત્ર કોના દબાણમાં પંગુ બનીને બેઠું છે?

### ■ પાક્કો ગુજરાત ન્યૂઝના તીખા સવાલો:

આ ગંભીર બેદરકારી સામે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' વહીવટી તંત્ર અને સત્તાધીશોના કાન આમળતા કેટલાક આકરા સવાલો પૂછી રહ્યું છે:

1. જો કોર્ટના સ્ટે ઓર્ડર અને નાગરિકોની લેખિત ફરિયાદો છતાં ગેરકાયદેસર બાંધકામો બિન્દાસ્ત પૂરા થઈ શકતા હોય, તો સામાન્ય નાગરિક ન્યાયની આશા કોની પાસે રાખે?
2. શું રતનપોળ વિસ્તારના જવાબદાર કોર્પોરેશન અધિકારીઓ રાજકીય વગદારોના દબાણ હેઠળ કામ કરી રહ્યા છે કે પછી તેમની આમાં સીધી મિલીભગત છે?
3. ઐતિહાસિક ધરોહર સમાન બળેલી હવેલીની ઓળખ ભૂંસવાનો પ્રયાસ કરનારા આ તત્વો સામે ક્યારે કડક કાનૂની પગલાં લેવાશે?
4. કોર્ટના આદેશનો સરેઆમ અનાદર કરનારા ભૂમાફિયાઓ સામે તંત્ર ક્યારે હથોડો ઉપાડશે?

### ■ જનતાનો અવાજ બનીને લડશે પાક્કો ગુજરાત ન્યૂઝ

આ માત્ર કોઈ એક મકાન કે દુકાનના બાંધકામનો વિવાદ નથી, પરંતુ આપણા કાયદા અને ન્યાય પ્રણાલી પર લાગેલું મોટું પ્રશ્નાર્થચિહ્ન છે. જો આવા વગદારો સામે આજે કડક પગલાં નહીં લેવાય, તો કાયદા પરથી સામાન્ય માણસનો ભરોસો ઉઠી જશે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આ પીડિત ફરિયાદી અને સ્થાનિક રહીશોનો મજબૂત અવાજ બનીને આ મુદ્દાને તંત્ર સમક્ષ સતત ઉઠાવતું રહેશે. જ્યાં સુધી આ ગેરકાયદેસર બાંધકામ પર કાયદાનો હથોડો નહીં ચાલે અને જવાબદાર અધિકારીઓ સામે તપાસ નહીં થાય, ત્યાં સુધી આ લડત ચાલુ રહેશે.

પુરાવા નાશ કરવા CCTV તોડ્યા

## ધોળકાના કોઠ ગામે લૂંટારૂઓએ દંપતીને બંધક બનાવી લૂંટ મચાવી


લૂંટારૂઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવીને ચક્રો ગતિમાન કર્યા

અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને પડકારતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ધોળકા તાલુકાના કોઠ ગામે મોડી રાત્રે મંકી ટોપી પહેરીને આવેલા 4 હથિયારધારી અજાણ્યા લૂંટારૂઓએ એક ઘરમાં ઘૂસીને દંપતી પર જીવલેણ હુમલો કર્યો હતો. લૂંટારૂઓ દંપતીને બંધક બનાવી સોના-ચાંદીના દાગીના, રોકડ અને મોબાઈલ ફોન સહિત કુલ 2,10,500ની મત્તા લૂંટીને ફરાર થઈ જતાં સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી માહિતી અનુસાર, કોઠ ગામે રહેતા સંજયસિંહ રાઠોડના ઘરમાં મોડી રાત્રે ત્રાટકેલા ચાર લૂંટારૂઓએ આતંક મચાવ્યો હતો. લૂંટારૂઓએ ફરિયાદી સંજયસિંહ અને તેની પત્નીના ગળા પર છરી ધરી દીધી હતી. દંપતી પ્રતિકાર ન કરે તે માટે તેને શરીરે ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લૂંટ ચલાવ્યા બાદ બદમાશોએ દંપતી બહાર ન નીકળી શકે તે માટે તેને સાડી વડે બાંધી દીધા હતા.

શાતિર લૂંટારૂઓ પોતાની ઓળખ છુપાવવા અને પોલીસ પકડથી બચવા માટે ઘરમાં લાગેલા સીસીટીવી (CCTV) કેમેરા પણ તોડી નાખ્યા હતા. લૂંટારૂઓ ઘરમાંથી સોના-ચાંદીના દાગીના,



90,000 રોકડા અને આઈફોન સહિત 3 મોંઘા મોબાઈલ મળી કુલ 2 10,500 રૂપિયાની મત્તા લૂંટી ફરાર થઈ ગયા હતા.

ભોગ બનનાર દંપતી દ્વારા આ અંગે કોઠ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

ઘટનાની ગંભીરતાને જોતાં ધોળકા ડીવાયએસપી (DySP), લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) સહિતનો ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે ફરિયાદ નોંધી, મંકી ટોપી પહેરીને આવેલા ચારેય અજાણ્યા લૂંટારૂઓનું પગેરું મેળવવા અને તેમને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવીને ચક્રો ગતિમાન કર્યા છે.

## રી-નીટના પેપરની લાલચ આપી 1 હજાર વિદ્યાર્થી પાસેથી પૈસા પડાવ્યા : ક્રાઇમ બ્રાન્ચે 3ની ધરપકડ કરી

આરોપી ટેલિગ્રામ પર અલગ-અલગ ચેનલો બનાવી પેપર વેચે છે, જેને રાજસ્થાનથી ઝડપી પાડ્યા છે. આરોપીઓ ટેલિગ્રામ પર NEETના પેપર વેચવા અંગેનો મેસેજ મુકતા હતા

અમદાવાદ

નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET) પરીક્ષાના પેપર લીક વિવાદ વચ્ચે અમદાવાદ સાયબર ક્રાઇમ બ્રાન્ચને મોટી સફળતા હાથ લાગી છે. સાયબર ક્રાઈમે અલગ-અલગ રાજ્યોમાં ઓપરેશન પાર પાડીને કુલ 3 આરોપી એવા સુમેરસિંગ મીણા, આકાશ મીણા અને નવીન યાદવની ધરપકડ કરી છે. જેમાં સોશિયલ મીડિયા એપ ટેલિગ્રામ પર ચેનલો બનાવીને લાખો રૂપિયામાં NEETના પેપરો વેચવાનો ધંધો કરનારા 2 શખસોને રાજસ્થાનથી અને પરીક્ષા ફીના રિફંડના નામે વિદ્યાર્થીઓ સાથે ઓનલાઇન ઠગાઈ આચરનારા એક આરોપીને બિહારથી દબોચી લેવાયો છે. સુમેરસિંગ મીણા, આકાશ મીણા રાજસ્થાનના અને નવીન યાદવ બિહારનો છે. આરોપીઓ ગેમિંગ વેબસાઈટ પર




એકાઉન્ટ ખોલાવીને પોતાના એકાઉન્ટમાં પૈસા મેળવતા અને થોડીવાર રમીને થોડી હાર-જીત કરીને પૈસા પોતાના એકાઉન્ટમાં મેળવી લેતા હતા. બનાવની વિગત એવી છે કે, દેશભરમાં ચાલી રહેલા NEET પેપર લીક વિવાદનો ગેરકાયદે ફાયદો ઉઠાવવા માટે અમુક સાયબર ગુનેગારો સક્રિય થયા હોવાની ચોક્કસ બાતમી અમદાવાદ સાયબર ક્રાઈમને મળી હતી. તપાસમાં સામે આવ્યું કે, બે આરોપી ટેલિગ્રામ પર અલગ-અલગ ચેનલો બનાવી NEETના પેપર વેચે છે, જેને રાજસ્થાનથી ઝડપી પાડ્યા છે. આરોપીઓ ટેલિગ્રામ પર NEETના પેપર વેચવા અંગેનો મેસેજ મુકતા હતા. જે બાદ જેને ખરીદવું હોય તે આરોપીઓને મેસેજ કરતા હતા અને આરોપી લાખો રૂપિયા લઈને પેપર અને આન્સર કી આપતા હતા. જોકે, આરોપીઓ કોઈ જુના પેપર કે ખોટા પેપર વેચીને ફ્રોડ કરતા હતા. બંને આરોપીની ધરપકડ કરી સાયબર ક્રાઈમે વધુ તપાસ હાથ ધરી છે. NEETની પરીક્ષામાં રિફંડના નામે ફ્રોડ કરતા અન્ય એક આરોપીની પણ ધરપકડ કરવામાં આવી છે, જેમાં આરોપી રિફંડના નામે વિદ્યાર્થીઓ સાથે ઠગાઈ કરતો હતો. વિદ્યાર્થીઓના આઈડી અને પાસવર્ડ સાથે ચેડા કરીને તેઓની સાથે ફ્રોડ કરતો હતો.

## ઓનલાઇન હાઉસ ક્લિનિંગ બુક કરાવનારા ચેતતા રહેજો, સફાઇ કરવા આવેલા બે જણા દાગીના લઈ ફરાર

અમદાવાદ

ઈન્સ્ટાગ્રામ તથા અન્ય સોશિયલ મીડિયાની પ્લેટફોર્મ પરથી ઘરની સાફ સફાઈ માટે હાઉસ ક્લિનિંગ સર્વિસ લેતા પહેલા સાવચેત રહેવું જરૂરી છે. ત્યારે અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં ઘરની સફાઈ કરવા માટે આવેલા બે યુવકો લોકરમાંથી સોનાના દાગીનાની ચોરી કરી ગયા હતા. જેમાં તેમની સર્વિસ સોશિયલ મીડિયા દ્વારા મળેલી જાહેરાતથી બુક કરવામાં આવી હતી. આ પ્રકારની એક ઘટના અગાઉ વાડજમાં બની હતી. જેમાં પોલીસે બે યુવકોની ધરપકડ કરી હતી. સેટેલાઈટ જોધપુરમાં આવેલા તપ્સી એપાર્ટમેન્ટમાં રહેતા રશ્મીબહેન શાહે ફરિયાદ નોંધાવી છે કે તેમની પુત્રી મુંબઈથી વેકેશન માટે અમદાવાદ આવી હતી. જેથી તેમની ભત્રીજી વહુ એશાએ સોશિયલ મીડિયા પરથી ચામુંડા ક્લિનિંગ સર્વિસના પ્રકાશભાઈનો સંપર્ક કરીને હાઉસ કીપિંગ માટે કહ્યું હતું. જેથી બીજા દિવસે બે યુવકો ઘરની સાફસફાઈ માટે આવ્યા હતા. જેના બદલામાં 3700 રૂપિયા લીધા હતા. સાંજે આવીને રશ્મીબહેન તપાસ કરી ત્યારે સોનાના કેટલાક દાગીના લોકરમાંથી ગાયબ હતા. આ અંગે તપાસ કરતા હાઉસ ક્લિનિંગ માટે આવેલા બે યુવકો દાગીના ચોરી ગયા હતા. થોડા દિવસ પહેલા વાડજ પોલીસે આ મોડ્સ ઓપરેન્ડીથી એક ઘરમાંથી સોનાના દાગીનાની ચોરી કરનાર કમલેશ કીર અને ગોવિંદ કીર નામના બે યુવકોને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

સાયબર અને લવ જિહાદ એલર્ટ

## મેટ્રિમોનિયલ સાઇટ પર 'આદિત્ય' બનીને મહિલાઓને ફસાવતો કરીમ ઝડપાયો..!

વિધવા અને છૂટાછેડા લીધેલી મહિલાઓ હતી ટાર્ગેટ; નકલી ઓળખકાર્ડ બનાવ્યા

અમદાવાદ

શહેરમાં મેટ્રિમોનિયલ સાઇટના માધ્યમથી ઓળખ છુપાવી મહિલાઓને શિકાર બનાવવાનું એક મોટું કૌભાંડ સામે આવ્યું છે. કરીમ નામનો એક શખ્સ પોતાની નકલી પ્રોફાઈલ બનાવી, ખુદને મોટો બિઝનેસમેન ગણાવી 'આદિત્ય પટેલ'ના નામે મહિલાઓને પ્રેમજાળમાં ફસાવતો હતો. બજરંગ દળના કાર્યકરોએ જાગૃતતા દાખવી આ નરાધમનો ભાંડો ફોડ્યો છે અને તેને પોલીસના હવાલે કર્યો છે. પોલીસ તપાસમાં આરોપીના મોબાઈલમાંથી ૮,૦૦૦થી વધુ મહિલાઓના ફોટા અને વીડિયો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી છે.

આરોપી કરીમ ઓનલાઈન મેટ્રિમોનિયલ સાઈટ્સ પર એવી મહિલાઓને શોધતો હતો જેઓ વિધવા હોય અથવા તો જેમનો છૂટાછેડાનો કેસ ચાલતો હોય. આવી મહિલાઓની એકલતા અને મજબૂરીનો ફાયદો ઉઠાવી, તે આદિત્ય પટેલ બનીને તેમની સાથે વાતચીત શરૂ કરતો હતો. મહિલાઓનો વિશ્વાસ જીતવા માટે તેણે આદિત્ય પટેલના નામે નકલી ચૂંટણી કાર્ડ અને અન્ય નકલી ઓળખપત્રો પણ બનાવી રાખ્યા હતા.

લાંબી વાતચીત બાદ તે મહિલાઓને આર્થિક અને શારીરિક રીતે નુકસાન પહોંચાડતો હોવાની આશંકા સેવાઈ રહી છે. હાલ પોલીસે આ ગંભીર મામલે ગુનો નોંધીને કરીમની ઊંડાણપૂર્વક પૂછપરછ શરૂ કરી છે.

પાક્કો ગુજરાત સ્પેશિયલ ગાઈડલાઈન: ઓનલાઈન જીવનસાથી શોધતી વખતે મહિલાઓ આટલું ખાસ ધ્યાન રાખે

મેટ્રિમોનિયલ સાઈટ્સ પર થતી આવી છેતરપિંડીથી બચવા માટે મહિલાઓએ કેટલીક બાબતોની અત્યંત સાવચેતી રાખવી જરૂરી છે:

પ્રોફાઈલની સંપૂર્ણ ખરાઈ કરો: કોઈ પણ વ્યક્તિની પ્રોફાઈલ ગમે એટલી આકર્ષક હોય, તેના પર આંધળો વિશ્વાસ ન કરો. તેનું સોશિયલ મીડિયા એકાઉન્ટ (જેમ કે LinkedIn, Facebook કે Instagram) ચેક કરો અને તે જે કંપની કે બિઝનેસનું નામ લે છે, તેની ગુગલ પર તપાસ કરો.

ઓળખપત્રો રૂબરૂ જુઓ અને વેરિફાય કરો: સામેવાળી વ્યક્તિ જો સરકારી ઓળખપત્ર વોટ્સએપ પર મોકલે, તો તેનાથી સંતોષ ન માનો. આજકાલ ડિજિટલ યુગમાં એડિટિંગ કરીને નકલી આઈડી કાર્ડ બનાવવા ખૂબ સરળ છે.

મેટ્રિમોનિયલ સાઈટના કોઈ પાત્રને પહેલીવાર મળવાનું થાય, ત્યારે કોઈ સાર્વજનિક સ્થળે (પબ્લિક પ્લેસ) જ મળો અને પરિવારના કોઈ સભ્ય અથવા વિશ્વાસુ મિત્રને તમારી સાથે અચૂક રાખો.

## ગ્રામ્ય મેજિસ્ટ્રેટ કોર્ટે નિવૃત્ત ટ્રાફિક કોન્સ્ટેબલને ટ્રાફિક ચેકિંગ દરમિયાન મોટરસાયકલ ચાલક તરફ નોટપેડ ફેંકીને ચાલકને ઈજા પહોંચાડવા બદલ દોષિત ઠેરવ્યા

નરમ વલણ અપનાવવા અરજી વિનંતી કરતા કોર્ટે સજાના બદલે વળતરનો હુકમ કર્યો

અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય મેજિસ્ટ્રેટ કોર્ટે નિવૃત્ત ટ્રાફિક કોન્સ્ટેબલ લાલજી મકવાણાને ટ્રાફિક ચેકિંગ દરમિયાન મોટરસાયકલ ચાલક તરફ નોટપેડ ફેંકીને ચાલકને ઈજા પહોંચાડવા બદલ દોષિત ઠેરવ્યા છે. જો કે વિવિધ રાહત આપનારા પરિબળોને ધ્યાનમાં રાખીને, કોર્ટે તેમને જેલની સજામાંથી રાહત આપી છે અને પ્રોબેશનનો લાભ આપ્યો છે. પરંતુ 30 હજારનું વળતર ફરિયાદીને ચૂકવવા કોર્ટે આદેશ કર્યો છે. આ રૂપિયા કોર્ટમાં જમા કરાવવાના રહેશે.

આ ઘટના 19 નવેમ્બર, 2007ની છે, જ્યારે ટ્રાફિક કોન્સ્ટેબલ શિવરંજની ચાર રસ્તા પર ફરજ બજાવતા હતા. એક ટુ વ્હીલર ચાલક પોતાની બહેનને પાછળ બેસાડીને મોટરસાયકલ લઈને ચાર રસ્તા પાસે આવ્યા હતા. બાઈક ચાલકે હેલ્મેટ પહેર્યું ન હતું. પ્રોશિક્યુશનના જણાવ્યા અનુસાર ટ્રાફિક કોન્સ્ટેબલે બાઈક ચાલકને ઊભા રહેવાનો ઈશારો કર્યો હતો. જ્યારે તેમને લાગ્યું કે ચાલક ઊભો નહીં રહે, ત્યારે તેમણે પોતાની પાસે રહેલું નોટપેડ તેની તરફ ફેંક્યું હતું.

આ નોટપેડ બાઈક ચાલકના મોઢા પર વાગ્યું હતું. જેના કારણે મોટરસાયકલ ચાલકે સંતુલન ગુમાવ્યું અને બંને સવારો રોડ પર પડી ગયા. ચાલકના ચશ્મા તૂટી ગયા અને તેની આંખમાં ઈજા થઈ હતી. ફરજ પરના અન્ય એક પોલીસકર્મી તેને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. બીજા દિવસે બાઈક ચાલકે કોન્સ્ટેબલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ચાર્જશીટ ફાઈલ થઈ અને ટ્રાયલ ચાલ્યા બાદ કોર્ટે ટ્રાફિક કોન્સ્ટેબલને બાઈક ચાલક પર હુમલો કરવા બદલ દોષિત ઠેરવ્યા છે. કોન્સ્ટેબલ કોર્ટે સમક્ષ નરમ વલણ અપનાવવા અને જેલની સજાને બદલે વળતર ચૂકવવાનો આદેશ કરવા વિનંતી કરી હતી.

અમદાવાદમાં સુશાસન તરફ વધુ એક કદમ

## દક્ષિણ અને પૂર્વ ઝોનના નાગરિકો માટે AMCએ યોજી "જન કલ્યાણ શિબિર..."

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા નાગરિકોની સુવિધા અને સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવાના આશય સાથે એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. કોર્પોરેશન દ્વારા શહેરના દક્ષિણ ઝોન અને પૂર્વ ઝોનના નાગરિકો માટે ખાસ "જન કલ્યાણ શિબિર"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા, જ્યાં તેમને વિવિધ સરકારી યોજનાઓ અને નાગરિક સુવિધાઓ અંગે વિસ્તૃત માહિતી પુરી પાડવામાં આવી હતી.

આ અવસરે અમદાવાદના મેયર હિતેશ બારોટ, અમદાવાદ પૂર્વ લોકસભાના સાંસદ હસમુખ પટેલ, પશ્ચિમ લોકસભાના સાંસદ દિનેશ મકવાણા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણી સહિતના પદાધિકારીઓ, સ્થાનિક ધારાસભ્યો, કાઉન્સિલરો અને અન્ય




મેયર, સાંસદો અને ધારાસભ્યોની ઉપસ્થિતિમાં નાગરિકોને એક જ સ્થળે સરકારી યોજનાઓ અને વહીવટી સેવાઓનો લાભ મળ્યો


મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો અને તેમના પ્રતિભાવો મેળવ્યા હતા. આ જન કલ્યાણ શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોને અલગ-અલગ કચેરીઓના ધક્કા ખાવામાંથી મુક્તિ અપાવવાનો હતો. શિબિર દ્વારા લોકોને એક જ સ્થળે મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિભાગોની સેવાઓ, સરકારી યોજનાઓનું ફોર્મ ભરવા અંગેનું માર્ગદર્શન અને સ્થાનિક સમસ્યાઓનું સ્થળ પર જ ઝડપી નિરાકરણ લાવવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. વહીવટી પ્રક્રિયા સરળ બનતા નાગરિકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મહાનુભાવોએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, જનહિતની યોજનાઓનો લાભ સમાજના દરેક વર્ગ અને છેવાડાના પરિવાર સુધી પારદર્શક રીતે પહોંચે તે ખૂબ જરૂરી છે.

## 13 વર્ષની સગીરાના ગર્ભપાત માટે HCની મંજૂરી : ત્રણ સિનિયર ગાયનેકોલોજિસ્ટ અને એક સાયકિયાટ્રિસ્ટની ટીમ બનાવો

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટમાં જૂનાગઢથી એક 13 વર્ષની સગીર દુષ્કર્મ પીડિતા વતી અરજી દાખલ કરવામાં આવી હતી. જેને 19 અઠવાડિયાનો ગર્ભ હોવાથી ગર્ભપાતની માંગ કરી હતી. આરોપી સામે ઉના પોલીસ મથકે BNS અને પોક્સો એક્ટ હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે. પીડિતા સગીર હોવાથી અને તેના શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્યને ગંભીર ઈજા ન પહોંચે તે હેતુથી, તેના ગર્ભપાતની મંજૂરી માંગવામાં આવી હતી.ઉલ્લેખનીય છે કે, હાઈકોર્ટે વર્ષ 2026માં 15 જૂન સુધીમાં એટલે કે સાડા પાંચ મહિનામાં 12 પીડિતાને ગર્ભપાતની મંજૂરી આપી છે.

હાઈકોર્ટના અગાઉના આદેશ અનુસાર GMERS મેડિકલ કોલેજ હોસ્પિટલ, જૂનાગઢના નિષ્ણાત ડૉક્ટરોની ટીમ દ્વારા પીડિતાની તપાસ કરવામાં આવી હતી. મેડિકલ રિપોર્ટ અનુસાર ગર્ભપાત કરવો તબીબી રીતે શક્ય છે અને તેમાં જોખમ



ખૂબ જ ઓછું છે. જો કે પીડિતામાં એનિમિયા હોવાથી મલ્ટી-ડિસિપ્લિનરી અભિગમ હેઠળ તેની સારવાર કર્યા બાદ જ આ પ્રક્રિયા હાથ ધરવાનું જણાવાયું હતું.

ગુજરાત હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટના આદેશ ટાંકતા નોંધ્યું હતું કે દુષ્કર્મના કારણે રહેલો ગર્ભ સ્ત્રીના માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર ઈજા સમાન છે. બંધારણની કલમ 21 હેઠળ સ્ત્રીને પોતાના શરીર અને પ્રજનન અંગે નિર્ણય લેવાની સંપૂર્ણ સ્વતંત્રતા છે. સગીર વયની પીડિતાને દુષ્કર્મ કરનાર વ્યક્તિના બાળકને જન્મ આપવા અને ઉછેરવા માટે મજબૂર કરવી એ અમાનવીય છે, અને તે બાળપણમાં જ બીજા બાળકને ઉછેરવા જેવી આઘાતજનક સ્થિતિ પેદા કરે છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI